


*ધરતી પર પગ ટેકવી...*

*આકાશને ઓળંગવાનો સંઘર્ષ કરતી...*

# બંસાલા

**એક અબળાની કથા**

**તીર્થબોધિ વિજય**

ધરતી પર પગ ટેકવી...
આકાશને ઓળંગવાનો સંઘર્ષ કરતી...

# બંસાલા

## એક અબળાની કથા




-: લેખક :-

પૂજ્ય પંન્યાસ

**શ્રી કૈવલ્યબોધિ વિ. મ.સા.ના**

શિષ્ય

પૂજ્ય પંન્યાસ

**શ્રી પદ્મબોધિ વિ. મ.ના શિષ્ય**

**મુનિ તીર્થબોધિ વિજય**

**દ્વિતિય આવૃત્તિ :** જેઠ વદ ૧, ૨૦૭૨, તા. ૨૧-૬-૧૬

**મૂલ્ય : રૂા. ૫૦/-**

**: કૃપા :**

ગચ્છાધિપતિ **શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

ગચ્છાધિપતિ **શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

મુનિરાજ **શ્રી મણિપ્રભવિજયજી મહારાજા**

આચાર્ય ભગવંત **શ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજા**

**: આશિષ :**

પંન્યાસ **શ્રી કૈવલ્યબોધિવિજયજી મહારાજા**

પંન્યાસ **શ્રી પદ્મબોધિવિજયજી મહારાજા**

**: પ્રકાશક :**

**શ્રી ત્રિભુવનભાનુ શાસન સેવા ટ્રસ્ટ**

ભરતભાઈ શાહ

એ-૪૦૩, ઈસ્ટર્ન કોર્ટ,

તેજપાલ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ.

**: પ્રાપ્તિ સ્થાન :**

સુરત : કનકભાઈ - 94268 63331

મુંબઈ : ભરતભાઈ - 98203 10272

અમદાવાદ : જયેશભાઈ - 98256 28889

# અર્પણ

જેમની હાથમાં પુસ્તક રહેતું,

આંખ પર ચશ્મા રહેતાં, અને

મગજમાં ખુમારી રહેતી, એવાં

દાદા ગુરુદેવ શ્રી કૈવલ્યબોધિ વિ. મ. ને

તેઓશ્રીનાં કાળધર્મની

પ્રથમ વાર્ષિક તિથિ પર

આ પુસ્તક અર્પિત કરું છું

એ જ્યાં હશે, ત્યાંથી આશિષ

વરસાવતાં જ હશે.

એવાં વિશ્વાસ સાથે...

## આભાર

'અમૃતનું અંજન' સામાયિકમાં
હપ્તાવાર પ્રગટ થયેલી
આ કથાની સર્જનયાત્રામાં સહાયક છે
અ. સૌ.

**-: પ્રેરણા અને પ્રોત્સાહનનો ધોધ વરસાવતાં :-**

પૂજ્ય દાદાગુરુદેવ પંન્યાસ શ્રી કૈવલ્યબોધિ વિજયજી મ.સા.
પૂજ્ય ગુરુદેવ પંન્યાસ શ્રી પદ્મબોધિ વિજયજી મ.સા.

**-: નાની મોટી બાબતોમાં સતતપડખે રહેનારાં :-**

મુનિ શ્રી કીર્તનબોધિવિજયજી મ.સા.

**-: ગુરુભક્ત લાભાર્થી પરિવાર :-**

**શ્રી આદર્શ યુવક મંડળ**

શ્રી ઘોડદોડ રોડ જૈન શ્વે. મૂર્તિ. સંઘ
સરેલાવાડી, સુરત.

- ત્રિભુવનભાનુ શાસન સેવા ટ્રસ્ટનાં આયોજકો, દ્રવ્ય સહાયકો
- 'અમૃતનું અંજન' નાં વાચકો, ચાહકો.
- નામી, અનામી મિત્રો, પ્રેરકો...

*તમારાં સૌનાં પ્રેમ અને વિશ્વાસનાં*
*પાયા પર રચાયેલી ઈમારત છે આ પુસ્તક...*

## જિજ્ઞાસુ !

જ્યારે જ્યારે તને
એમ લાગે, કે રાક્ષસી બળો
સામે સત્‌ની જ્યોત ઝાંખી પડી
રહી છે. સત્ માં હવે કાંઈ બળ
નથી રહ્યું, ત્યારે ત્યારે તને
બંસાલા જ બચાવી શકશે.
માટે ઊઠાવ કદમ,
પકડ પુસ્તક હાથમાં,
આંખ પહોળી થઈ જશે,
મગજમાં હથોડાં વાગશે.
અને હૈયું કહેશે, "ના, ના..
હજી'ય સત્‌નો સૂરજ ઝંખવાયો
નથી.. નથી.. ને નથી.."

**પડાવ**

૧ થી ૪૩ - જીંદગી સાથે છલ
૪૪ થી ૧૦૪ - સંઘર્ષની અગ્નિશિખા
૧૦૫ થી ૧૭૦ - મંગલ અને કલ્યાણ...

# -: જીંદગી સાથે છલ :-

## ૧

કુંભ, મીન, મેખ....
ઈડા, પિંગલા, સષુમ્ણા...
આગમ, વેદ, પુરાણ...
ભભૂત દેખે ભૂત ભાગે,
જોગી દેખે ભોગી ભાગે,
અલખ નિરંજન....
રોટી ભી દેગા,
ચોટી ભી દેગા,
જોગીઓં કા નાથ,
અલખ નિરંજન...

સોને મઢેલી કનકવતી નગરી સવાર સવારમાં જ અવાજોથી ભરાઈ ગઈ છે. કોઈ જોગી આવી ચડ્યો છે. એને જોગી કહો તો જોકર લાગે, અને જોકર કહો તો જોગી લાગે. એવો વિચિત્ર વેશ છે એનો.....

માથે શંકુ આકારની રંગબેરંગી ટોપી, એને માથે ઉલ્લુ નું પીંછું, કપાળે ત્રિપુંડ, કાને મોટાં દૈત બુટીયાં, બાહુ પર હાડકાનાં ચપ્પડ બાજુ બંધ, કાંડે કોડીનાં કડાં, ચિતરેલો ચહેરો, ધરતીને ધ્રુજવતી ચાલ, વીંધી નાખતી આંખો, જમણા હાથે જપમાળા ભેરવેલું ત્રિશૂળ ને ડાબા હાથે ઘડી ઘડી ખણખણતો ચીપીયો...

હમણાં જ આળસમાંથી બહાર આવતાં નગરજનો બગાસા ખાતાં હતાં, ત્યાં તો એમનાં વાળ જેમ નાનકડો ખોળે લીધેલો છોકરો નિર્દયતાથી ખેંચે, તેમ એમનાં કાન એ કઠોર અવાજ ભણી ખેંચાયાં, બિસ્તર છોડીને બારી ઝરૂખામાંથી ડોકાં કાઢી કાઢીને જોવાં લાગ્યાં અને એકબીજાને પૂછવા કહેવા લાગ્યાં. ''રે ! આ શું નવું આવી ચડયું ? આ તો નવલું કૌતક...''

સૂરજ કા મુગટ કરે ચાંદ કો મણિ;

ધરતીકા બાદશાહ તો એક હી જોગી''

ખડ ખડ પડતાં એનાં લાકડાંની સપાટથી ધરતીની ધૂળ ઊડતી હતી અને ગૌરવભર્યાં પદચિહ્ન અંકાતા હતાં. ચીપીયો ખખડાવતો એ તો એની ધૂનમાં જ મોટાં મોટાં બરાડાં મૂકતો ચાલ્યો જતો હતો. -

''ઈચ્છાશક્તિ, સંકલ્પશક્તિ સબ હમારે હાથ કા ખેલ,

ગ્રહનક્ષત્ર તારાગણ તો જોગી કી ઝોલીમેં ભરે ગેંદ,



જોગી કી ઝોલી મેં ધરતી સમાઈ.

યમરાજ ક્યાં કરતાં યે તો જોગી કા ભાઈ...''

હા...હા...હા... કહેતો અટ્ટહાસ્ય કરતો આ જોગી નાચવાં લાગ્યો, ઘૂમવાં લાગ્યો.

તમાશાને કાંઈ તેડું હોય? ઘરનાં મર્દો બિસ્તર ફગાવી અંગરખું નાંખી દરવાજા ઠેલીને બહાર નીકળ્યા. ગૃહિણીએ ટકોર પણ કરી. ''અરે ! રહેવાં દો. ન જાવ..'' ત્યારે એમને,

''લે હવે. તને ખબર ન પડે. ડરવા સિવાય આખી જિંદગી બીજું કાંઈ આવડે છે તને ?'' એમ સંભળાવી, બૈરાંની ''ના'' ની ઉપર જવામાં પોતાનું પુરુષાતન માનતાં પુરુષો મર્દો ને કુતૂહલીઓ નીકળ્યાં, જોગીની પાછળ ખેંચાયાં બધાં, પણ જોગીની બાની, જોગીનો વેશ અને એનો આવેશ એવો હતો, કે કોઈ નજીક જઈને પૂછી ન શક્યું કે ''કોણ છો, ને ક્યાંથી આવ્યાં છો ?'' એક અજીબ સંમોહનનાં ભાર તળે, આંખ ફાડીને બધાં ચાલતાં રહ્યાં, બસ, આગળને આગળ.... જોગી જ્યાં જાય, તેની પાછળ.....

જય જગદંબા જય મા શક્તિ,

જોગી કરતા તેરી ભક્તિ;

ધરતીસે નીકલે ખજાના,
જોગી કહેતા જાન બચાના...

યા..હૂ... કરતું પાછળ આવતાં ટીખળી છોકરાંઓનાં ટોળાં સામું જોગીએ ત્રિશૂળ ધરી દીધું અને પેલો બાપડો એવો ડરી ગયો, કે ઓમા! ઓય મા! કરતાં પૂંછડી દબાવીને નાઠો.... એની ભાગ દોડથી સરઘસમાં હસાહસનું મોજું ફરી વળ્યું. તાળી પાડીને પેટ પકડીને હસી રહ્યાં બધાં. હવે તો સરઘસ મજાનું જામ્યું. તમાશાને તેડું શાનું?

રાજ મહેલમેં જાયેગા, રાજા કો બતાયેગા;
જોગી બોલે ઈશ્વરબાની, જો બોલેગા વહી કહાની;
હોની હૈ સો હોની હૈ, લિખી હુઈ ન મિટની હૈ,
અપના પુણ્ય અપના પાપ, ઈશ્વર હોતા સબકા બાપ;
જોગી કહેતા આગે ચલો, રાજ મહેલ મેં લે ચલો..

"હો બાપજી! હો બાપજી!" કરતો એક ગભરુ ગ્રામીણ આગળ થયો. ને જોગીને રાજમહેલે તેડી ગયો... કે વહેલો આવે રાજ મહેલ...

"અલખ નિરંજન.." યોગી એ ત્રાડ મૂકી, ચીપીયો ખખડ્યો.

અત્યારે રાજાને મળવાનો સમય હતો. સભા



ભરાણી હતી. આખાય સભાગૃહમાં આ જોગીનો અવાજ ઘૂમી વળ્યો. રાજા સંતોનો પૂજક હતો, રાજા ઊભો થયો. રાણી આવ્યાં, જોગીને આસને બેસાડ્યાં, પૂજા કરી..રાજા રાણીએ પાદપ્રક્ષાલન કર્યું. પછી બાર વરસની કીશોરી રાજકુમારી બંસાલા હાથમાં ફુલોની ટોપલી લઈને લજ્જા અને ઉત્સાહ પૂર્વક યોગીની પૂજા કરવાં જ્યાં જાય, ત્યાં તો "અલખ નિરંજન" યોગીએ ત્રાડ મૂકી.

બંસાલા તો કબૂતરીની જેમ ફફડતી માનાં પાલવમાં લપાઈ ગઈ. "અચ્છે લોગ, બૂરા ભોગ; કરમકી કહાની, સબને અનજાની....રાજન!" જોગી ગંભીર થઈ ગયાં. " લડકીના કરમ એવાં છે, કે એનાં લગ્ન એક શ્રીફળની સાથે આજ ઉંમરે થાય. તો એનો પતિ જીવતો રહે. લગ્ન પછી એને અમુક વર્ષો સુધી એનાં પતિનો વિયોગ સહેવો પડે. પૃથ્વીપુરનો રાજકુમાર એનો ભર્તાર થાય. જોગીની વાત... મીન કે મેખ નહીં..."

સભા પર જાણે વિજળીક પ્રહાર થયો. રાજાની વિહ્વલતા છાની ન રહી. એઓ પૂછી બેઠાં - " જોગીવર! પણ આવું શા માટે?"

"જોગી કો જ્યાદા મત પૂછો. જો હૈ વો બોલા, જો દેખા વો બોલા જોગી... આગળ જે કરવું હોય, તે કરો." કહીને જોગી ઊભો થયો. "કરમ કરમ કા ખેલ હૈ, કરમે

હમકું જોગી બનાયા, કરમે રાવણ કું રામને મારા, કરમે રાજા રંક બને, કરમે ભિક્ષુ મહારાજ બને.. રે ભાઈ! કર્મરાજ! તેરી લીલા નિરાલી'' માથું ડોલાવતો ડોલાવતો ધૂનમાં ને ધૂનમાં મંજિરા વગાડતો જોગી તો ચાલ્યો. એની પાછળ સપાટના મંજિરાનાં અને આ શબ્દોના પડઘાં છોડતો ગયો - ''રે ભાઈ કર્મરાજ! તેરી લીલા નિરાલી, રે ભાઈ કર્મરાજ! તેરી લીલા નિરાલી...'' એની પાછળ એમનું અટ્ટહાસ્ય, સંભળાતું હતું. અને હવાનાં ઝોકાંની જેમ એ કોણ જાણે કયાં રસ્તે ઓઝલ થઈ ગયાં.....

બાર વર્ષની બંસાલા તો જોગીને જતો જોઈ જ રહી. એ ઓઝલ થયાં પછી એણે પિતા સામું ગભરૂ આંખે જોયું. પિતાએ બે હાથ પહોળાં કર્યા અને દીકરી બંસાલા દોડીને એમા સમાઈ ગઈ.

''ચિંતા ન કરતી બેટા! બધું સારું થશે. કોઈ ડર રાખવાની જરૂર નથી હોં દીકરા! ''પિતાનાં વ્હાલ ભરેલાં હાથ એનાં વાળમાં ફરવાં લાગ્યાં, અને પિતાનાં ખભે માથું મૂકીને જોરથી દબાવેલી બે મોટી બંધ આંખોનાં ખૂણામાંથી આંસુનાં બે ટીપાં સરી પડયાં. બંસાલાને બહુ સમજાયું નહીં, પણ કોઈ અગમ્ય દહેશતથી છળી મરી એ કન્યા....

અને થોડીવારમાં તો કનકવતી નગરીથી દૂર સુદૂર



કોઈ જંગલની શરૂઆતનાં સરહદ પ્રદેશમાં આ યોગીનો વિચિત્ર વેશ ઊતારી રહેલો કોઈ રાજવંશી તેજથી દીપતો ગરિમામય પ્રતિભાથી ભવ્ય ભાસતો આધેડ વયનો લક્ષણવંતો પુરુષ બાજુ ઊભેલાં સેવકને કહી રહ્યો હતો ''પુંડરિક! જરા ભારે પડ્યું.''

માલિકને હાથમાં મહામંત્રીને ઉચિત એવા વસ્ત્રો આપતો પુંડરિક પણ બોલ્યો, ''જી મહામંત્રીજી! અઘરૂં તો ખરું જ ને !''

દાઢી ઊતરતાં મહામંત્રી બોલ્યાં - ''પુંડરિક ! જ્યારે તે બાળા મારાં ચરણે પૂજા કરવાં આવી, ત્યારે મારે મારી જાત સામેજ વિદ્રોહ કરવો પડ્યો. આવી નિર્દોષ બાળાને મારે ઠગવાની? અને એ માટે ધર્મનું ઓઠું લેવાનું ? એ ઉદ્વેગ આવેગમાં જોરથી બોલાઈ ગયું 'અલખ નિરંજન' અને કન્યાના હાથમાંથી ફુલની ટોકરી પડી ગઈ.'' પુંડરિક એનો અંગત સખા સમો હતો એવું લાગ્યું. એ હસ્યો.

''મહામંત્રી! રસિકતા, મુત્સદ્દીતા અને મૃદુતા આ ત્રણેય જે મનુષ્યમાં ભેગાં વસતાં હોય, એણે દરેક કાર્યમાં મૂંઝાવું જ પડે.''

''હા પુંડરિક ! જે કરવા જેવું હોય એ કરવું જ પડે. ત્યાં ખોટાં ભાવુક થઈને બેસી ન રહેવાય. ચાલો જઈએ.''

"હા જી... આખરે જેનો અંત સારો, એનું સૌ સારું." પુંડરિક બોલ્યો. એ જરાક બટક બોલો લાગ્યો. મહામંત્રી એની સામું જોઈ માત્ર મૂછમાં હસ્યાં." આતો હજી આરંભ થયો છે પુંડરિક! અંત કેવો હશે તે તો ઈશ્વરનાં હાથમાં છે." એમણે રથમાં ચડતી વખતે સ્વગત જ અંતરાલાપ કર્યો. પુંડરિક સારથિના પદે ગોઠવાયો. લગામ ઢીલી કરી, અને પાણીદાર ઘોડાં ધસમસતાં પૂરની જેમ પૃથ્વીપુર તરફ પૂરવેગે દોડવાં લાગ્યાં... મહામંત્રીનાં મનમાં પણ મનોરથોનાં ઘોડાં પૂરવેગે ભાગવાં લાગ્યાં. આ રથની ગતિ વધારે હતી, કે મહામંત્રીનાં મનોરથની એ સમજી શકાય એમ ન હતું.



## ૨

સંસાર મોટું બખડજંતર છે. એક સાંધો ને તેર તૂટે એનું નામ સંસાર. પળે પળે પ્રોબ્લેમ, મિનેટ મિનિટે મિસ્ટેક, અને ડગલે ડગલે ડીફીકલ્ટીસ એનું નામ સંસાર. આ સંસારની નૃત્યભૂમિ પર અનંતા જીવો જાતજાતનાં વેશ ભજવીને નિરંતર નૃત્ય કર્યા કરે છે. ક્યારેક એમ માને છે કે જોયું! કેવો આબાદ અભિનય કર્યો મેં! જોઈ મારી અભિનય કુશળતા! પણ એ ક્યાં જાણે છે કે પડદા પાછળ કર્મસમ્રાટનો દોરી સંચાર થાય, તો જ તું એક ડગલુંય ભરી શકે અને જો એનો સપોર્ટ ન મળે, તો તું ચીસો પાડતો રહે, ને એ બધું અરણ્યરૂદન સમું બની જાય. તું કંગાલ બની જાય. રે જીવડા! આ તારા ખેલ નથી, કર્મોના ખેલ છે બધા....

કર્મના કટાક્ષથી પીડિત થયેલાં જીવની દાસ્તાન છે આ. શું કરે બિચારો? જે ગમે એ ન કરી શકે, અને જે ન ગમ્યું, એ કરવું પડે; કેમ? વ્હાલા! કરમની બલિહારી છે.

પૃથ્વીપુરનાં ઉદારદિલ મહામંત્રી સમરવીરને આ

બધાં નાટક ગમ્યાં ન હતાં, પણ કરવું જ પડ્યું હતું બધું! સંસારમાં છે, મહામંત્રી છે, પછી કર્યે જ છૂટકો! કર્મની આગળ પંગુ થઈ જાય છે સંસારી જીવો. એ જાય ક્યાં? કરમ કાકા કરીને ઘૂંટણીએ ટેકવે છે.. કર્મની બલિહારી છે.

જેટલાં વેગે પુંડરીક રથનાં અશ્વોને કનકવતીથી પૃથ્વીપુર ભણી દોડાવી રહ્યો હતો, એથી'ય વધુ વેગથી મહામંત્રીના મનોમસ્તિષ્કમાં અત્યારે વિચારોનાં ઘોડા ઘોડાપૂર બની ધડબડી રહ્યાં...ધબાક ધુમ ધબાક ધુમ... રથનાં મુખ્ય સુખાસન પર બેસેલાં મહામંત્રી મનથી ઘણું જ અસુખ અનુભવતાં હતાં. એમનાં ભરાવદાર ચહેરાના વિશાળ લલાટ પર ચિંતાની તિરાડ એવી પડી હતી, જેવી ગ્રીષ્મઋતુથી સંતપ્ત બનેલી ખેતરાઉ ધરતી પર પડે છે... એ આંખો ચિંતાથી જ મ્લાન હતી. ચહેરાનું ઓજસ ઓછું થઈ ગયું હતું. તીક્ષ્ણ દેખાય તો બે, એક તો એમનું નાક અને બીજો ભાલ પર શોભતો જૈનત્વનાં ચિહ્ન સમો ચંદનનો ટીકો.

ચાલો જરાક એમનાં વિચાર પ્રવાહમાં ડુબકી લગાવી એમને હમદર્દ બનવાનો પ્રયાસ કરીએ....

" જીંદગીમાં પ્રથમવાર ધર્મને બહાને કોઈને છેતરવાનું અપાર અપાર દુ:ખ થાય છે... મારાંથી મોટું પાપ થઈ ગયું છે.. બિચારી બંસાલા! જ્યારે એને આ



સમાચાર મળશે ત્યારે? એ ભોળી કબૂતરી જેવી, જેણે હજી આ સંસારની તડકી છાંયડી જોઈ જ નથી, જેણે માનાં પાલવમાંથી મોઢું જ બહાર કાઢ્યું નથી, એને આ હકીકતનું જ્યારે ભાન થશે, ત્યારે એની શી હાલત થશે? મેં કરતાં તો કરી નાખ્યું પણ હવે એમ લાગે છે, કે ક્યાંય નંદવાઈ ન જાય તો સારૂં, નહીં તો કેટલી ભયંકર ખુવારી થશે. જેનો કાંઈ આંક નહીં મળે...."

"પણ હવે, એ બધાં વિચારે કર્યે શું ફાયદો? જે થવાનું હતું, તે થઈ ગયું. જે કરવાનું હતું તે કરી નાંખ્યું. જેવી નિયતિ એ તો...હવે તો, જે શરૂ કર્યું છે. તે સાજુ સમું પાર પડે, એટલે ભયો ભયો. એની જવાબદારી હું લઈશ, હું કોઈને દુ:ખી નહીં થવા દઉં. હું કોઈ યુદ્ધ થવા નહીં દઉં. અને જો કાંઈ થશે, તો હું મા'રી જાતને માફ નહી કરી શકું."

આ અને આવાં ઘણાં બધાં વિચારતરંગો ચક્રાવાતની જેમ મહામંત્રીના મનોમસ્તિષ્કમાં ઘુમરી ખાતાં હતાં...વાત શું બની હતી? કઈ ઘટનાએ મહામંત્રીને સ્તબ્ધ કરી મૂક્યાં હતાં?

વાતમાં વાત એમ બની કે... પૃથ્વીપુર નગર, રાજા જયસિંહ... રાણી જયંતસેના.. દાંપત્ય જીવનના પાંત્રીસ પાંત્રીસ વર્ષો વીતી ગયાં, ઘેર ઘોડિયું ન બંધાણું. આ જગતમાં નરને નિર્ધનપણાનું અને નારીને નિ:સંતાન

પણાનું જે દુઃખ હોય છે, તેવું - તેથી ઊંચુ કોઈ દુઃખ નથી હોતું. રાજા તો ગમે તેમ કરીને સમાધાન કરતાં, પણ રાણીથી ન રહેવાયું. દુનિયામાં જ્યાં આશા દેખાઈ, ત્યાં ગયાં. માથે બેડલાં મૂકી દેવળે પાણી ભરવાં સુધીના બધાજ બાધા, આખડી, માનતા, દોરા-ધાગા, જંતર મંતર નમણાં સુકુમાળ મહારાણીએ અજમાવી જોયાં. પણ ક્યાંય કારી ન ફાવી અને રાણીનો અજંપો વધતો ગયો. મહેલ સ્મશાન જેવો સૂમસામ લાગે. મખમલી શૈયા મધમાખીનાં કાંટાની જેમ ચૂંભે, રાતની રાત ઊંઘ હરામ થઈ જાય. રાજાનાં દેખાતાં મોઢું હસતું રાખવાનો રાણી પ્રયાસ કરે, પણ કયાં સુધી? દંભને પણ એની મર્યાદા હોય છે ને ?

એકવાર રાણીનાં સુકાતાં શરીરને જોઈને રાજાએ ચિંતા વ્યક્ત કરી અને રાણીથી ડૂસકું મુકાઈ ગયું.. રાજાને ખૂબ દુઃખ થયું. એણે મહારાણીને પેટ ભરીને રડી લેવાં દીધું. પછી રાજાએ વાત કરી મહામંત્રી સમરવીરને... અને મંત્રીશ્વરે જૈન ધર્મનો રાહ ચીંધ્યો: ''રાજન ! આસ્થા રાખો જૈન ધર્મમાં. જે અહીં છે; એ બીજે નથી અને જે બીજે ક્યાંય નથી, તે અહીં જૈન ધર્મમાં છે...''

''અનાથનો નાથ, અશરણનો શરણ, નબળાનું બળ અને અંધારામાં અજવાસ છે આ જૈન ધર્મ..મહારાજા ! ખૂબ શ્રદ્ધાથી, બહુમાનથી, ભક્તિથી આ ધર્મને ભજો.''



રાજાને મંત્રી પર માન હતું. એમની પર ગૌરવ રાખી ગુરૂની જેમ એમની વાતને રાજાએ માની, રાણીએ માની. ભગવાનની ભક્તિ , ગુરૂઓની પૂજા પ્રારંભી અને ભાગ્યને આડેથી પાંદડું હટયું, રાજાને ઘેર પુત્રનો જન્મ થયો... નગરીમાં ઉત્સવ ઉજવાયો.

સુખની પાછળ દુઃખ જોડાયેલું હોય છે. પુત્ર જન્મનાં અગ્યારમા દિવસે એક ઘટના ઘટી. નાત જમાડી નાતીલાઓ બેઠાં હતાં, ત્યારે પુત્રનું નામકરણ કર્યું. ''મુકન સિંહ'' એવું નામ અપાયું. રાજ જ્યોતિષી પધાર્યા, લગ્ન કાઢયું, ગણતરી માંડી, સૂર્ય, ચંદ્ર, બુધ, મીન-મેખ-વૃષભ... એકવાર ગણ્યું, બે વાર ગણ્યું, માથું ખંજવાળ્યું અને ત્રીજીવાર ગણ્યું... ગંભીર મુદ્રાએ રાજા સામે જોયું અને બોલ્યા:- ''રાજન ! સમજાતું નથી આમ કેમ છે? પણ જે છે એ નક્કી છે.''

''શું કહો છો જોશીજી! ફોડ પાડીને કહો'' રાજાએ કહ્યું.

જોશીજી તોળી તોળીને બોલ્યાં. : ''રાજન્ ! મારૂં ગણિત સાચું... મારા ગણિતમાં ફરક ન પડે.. અને આ ગણિત કહે છે કે ...આપનાં પુત્ર...રાજાજી ! માફ કરજો. જે છે તે ન બતાવું તો ગુનેગાર ઠરૂં..પણ સ્પષ્ટ કહું તો મહારાજ કુંવરનું આયુષ્ય માત્ર છ મહિના જ છે.'' આખી

સભા પર ધ્રાસકો પડ્યો. મહારાણી તો બેભાન બની ઢળી પડ્યા. ''જોશીજી! ના... આમ ન થાય... મારૂં શું ? આ નગરનું શું ? અરે ! મહારાણીનું શું ? શું કોઈ ઉપાય નથી ? જોશીજી ! ઉપાય બતાવો.'' રાજાજી રીતસરના કરગર્યા.

ક્ષણવાર તો મૌન પથરાયું પછી ખૂબ ગેબમાંથી આવતાં હોય તેવા અવાજે રાજ જ્યોતિષી કૃષ્ણભટ્ટ બોલ્યાં, ''જો કોઈ બાર વરસની સુલક્ષણી કન્યા આ નવજાત શિશુ સાથે લગ્ન બંધનથી બંધાય, તો એના સતિત્વનાં પ્રભાવે રાજકુમાર મોતનાં મુખમાંથી ઉગરી જાય.''

બસ, આજ તો ઘટના હતી, જે મહામંત્રીને યોગીના વેશે અહીં ખેંચી લાવી હતી... આથી જ તો મહામંત્રીએ વેશ ભજવવો પડ્યો હતો..હજી' ય શું થશે ? એની ક્યાં ખબર હતી... વિચિત્ર વિધિ !......

સંસારમાં ઘણીવાર એવુંબનતું હોય છે, કે ઘર ભરેલું હોય, અને મન ખાલી હોય. ખંડ શણગારેલો હોય, મન અસ્તવ્યસ્ત હોય. ઓરડો ચોખો હોય, મન વેરાન અને ઉજ્જડ હોય. આજે પૃથ્વીપુરનાં ગગનચુંબી રાજમહાલયમાં બેઠેલાં રાજા રાણી અને મંત્રીનાં મન નંદવાઈ ગયાં છે. હૈયે સૂનકાર છે. કેટલાં કેટલાં જીવનો



સાથે અમારે ચેડા કરવાં પડશે ? એનાં ચિરાડા હૈયાને કોતરી રહ્યાં છે. ભારેખમ વિનાશક મૌનનાં ઓથાર પથરાયાં છે...

''મંત્રીશ્વર ! મને એ નથી સમજાતું કે મારી સાથે જ આમ કેમ ?'' આખરે અસહ્ય મૌનનાં ભારને ખાળવા રાજા બોલ્યાં.

''વર્ષો પછી -તડપી તડપીને મરી ગયાં. ત્યારે દીકરો જન્મ્યો. ''મહારણી બોલ્યાં ''સંસાર આખો બદલાઈ ગયો. બધુ જ સુંદર, બધુંજ ભવ્ય લાગવાં માંડયું. અને જ્યારથી આ વાત સાંભળી, હર્યા ભર્યા વનખંડમાં જાણે દાવાનળનાં ભડકાં બળ્યાં... મંત્રીશ્વર! મહારાજ ! તમે પુરૂષ છો. હું મા છું, તમે સ્ત્રીનાં હૃદયની લાગણી શી રીતે જાણી શકો ? ખૂબ પીડાનો વલોપાત છે મારા મનમાં''... અને મહારાણીની આંખમાંથી આંસુ સરવાં લાગ્યાં.

''આમ ન કહો મહાદેવી!'' રાજા બોલ્યા '' તમે મા છો... માનું છું કે તમારું દુઃખ વધારે હશે પણ તમે વહાવી શકો છો દુઃખને આંસુ વાટે... અમે પુરુષો રડી નથી શકતાં. અમારું નાનું પણ દુઃખ શૂળની જેમ હૈયે ભોંકાયા કરે છે. અને શારડીની જેમ વીંખ્યા કરે છે.'' રાજાએ કહ્યું અને મહારાણી જરાક આશ્વસ્ત બન્યાં. આ આખાં પ્રસંગના મૂક સાક્ષી બનેલા મહામંત્રી તરફ રાજા ઝૂક્યાં અને કહ્યું.

"તમે કહ્યું નહીં મહામંત્રી ! મેં તમને એમ પૂછયું કે મારી સાથે જ આવું કેમ થયું ?"

ધીર ગંભીર સ્વરે મહામંત્રી બોલ્યાં. "ક્યારેક ગુરૂદેવનાં મુખેથી સાંભળ્યું હતું, કે આજે જે મળ્યું છે એ ધર્મના પ્રભાવે મળ્યું છે. મળે છે, એ ધર્મથી. પરંતુ, ધર્મ જો સંપૂર્ણ કર્યા હોય, તો સંપૂર્ણ મળે છે, અને જો અધૂરો કર્યો હોય , તે અધૂરૂં મળે છે."

"કોદરાના બીજ વાવ્યાં હોય, તો શાલી ચોખા મળવાની આશા રાખવી વ્યર્થ છે. રાજન ! તમે કે મેં આપણે પુણ્ય કર્યું, ધર્મ કર્યો, પણ ક્યાંક કોઈ ખામી રહી ગઈ. આડે હાથે મનથી કાંઈ અવળું વિચારાઈ ગયું. વચનથી કાંઈ વિપરીત બોલાઈ ગયું. કાયાથી કાંઈ અનુચિત થઈ ગયું. માટે ધર્મ તો થયો પણ અધૂરો, ખામીવાળો, ખરાબીવાળો. અને પુણ્ય બંધાયું પણ જેવો ધર્મ હતો, એવું. અત્યારે જે મળ્યું એ પણ જેવો ધર્મ કર્યો, જેવું પુણ્ય બંધાયું, એના જેવું, અધૂરૂં, હીણું, ઉતરતું,હલકું, ખરાબીવાળું, ખામીવાળું."

"તમારી ડહાપણ ભરેલી વાતોથી ખરેખર મંત્રીશ્વર! સંતપ્ત અને વિક્ષિપ્ત હૈયામાં ચંદનનો લેપ થવાં જેવી ટાઢક પથરાય છે." મહારાજ બોલ્યા.

"મહારાજ ! સુખી થવાં માટેનો રાજમાર્ગ છે આ



તત્વ ચિંતન"... મહામંત્રી બોલ્યાં - "પણ અત્યારે તો સંગ્રામને માથે લઈને બેઠાં છીએ. અત્યારે કાંઈ નક્કર પગલાં લેવા પડશે. તત્ત્વચિંતન કરવું, એ તો અત્યારે પલાયન વૃત્તિ ગણાશે...."

"મારી તો મતિ જ કુંઠિત થઈ ગઈ છે મંત્રીશ્વર! તમે કાંઈ કહો..."

"આપણે આમ કરીએ, કે... " મહામંત્રી બોલતા રહ્યાં... ખંડમાં શબ્દો પથરાતાં ગયાં. રાજા-રાણી એકાગ્ર થઈને સાંભળતા રહ્યાં.



# ૩

બંસાલા .... બાર વર્ષની કિશોરી. આંબા ડાળે ફુટેલી કૂંપળ જેવી, ધરતીને આધારે ખીલેલાં અંકુરા જેવી અને ઉદ્યાનમાં નવાં ઉગેલાં ગુલાબનાં ફુલ જેવી અનિન્દ્યસુંદરી, અનાઘ્રાત યૌવના...આખાં રાજ્યની શાન હતી બંસાલા... આખા અંતઃપુરમાં સૌને પ્યારી હતી બંસાલા. રાજા મકરધ્વજ અને મહારાણી કનકસેનાની આંખોની કીકી હતી દીકરી બંસાલા.

જ્યારથી પેલો જોગી વિચિત્ર ભવિષ્ય ભાખીને ગયો, ત્યારથી માંડીને આખો દિવસ રાજા-રાણી અને અંતઃપુર અરે! આખું કનકવતી નગર જ ગમગીન અને ઉદાસ રહેવાં લાગ્યું. નગરનાં પ્રત્યેક નાગરિકે આ રાજમહેલની આપત્તિને પોતાની ગણી. સૌ એમ જ વિચારવાં લાગ્યાં, કે મારી દીકરી, મારી બહેન, કે મારી પૌત્રી સમસ્યામાં પડી છે. સાંજ પડે ચૌરે ને ચૌટે શું ઘરડાં, શું જુવાન. સાંજ પડે બધાં ભેગા થાય, ત્યારે સૌની ચર્ચાનો એક જ વિષય થઈ પડ્યો. બંસાલાને શે ઊગારવી? હવે શું કરવું?



મધદરિયે મધરાતે સૌ યાત્રીઓ જંપી જાય ,ત્યારેય ખલાસી એકલો જાગતો હોય છે, એમ અત્યારે અહીં સૌ વ્યગ્ર હતાં, ચિંતિત હતાં, ભયનાં ઓથાર તળે હતાં, ત્યારે બંસાલા.... ન તો વ્યગ્ર હતી. શાંત હતી, ન ચિંતિત હતી, નિશ્ચિંત હતી. ન ડરી હતી, નિર્ભય હતીઃ કારણ કે એ જૈન ધર્મનાં તત્ત્વ જ્ઞાનને જાણતી હતી. મેં જેવાં કરમ કર્યા હશે, એવાં મારે ભોગવવાનાં છે. એમાં ડરવાનું શું ? હૈયે જો દેવ-ગુરૂ અને ધર્મની આસ્થા હશે, તો શી મજાલ છે કર્મની કે મને દુઃખી કરી શકે ? આવું બંસાલા વિચારતી.

“માતાશ્રી! પિતાશ્રી! તમે વ્યર્થ ચિંતા કરો છો. તમે એમ ન માનો કે તમારી દીકરી દુઃખી દુઃખી થઈ ગઈ.

“કર્મ મને દુઃખ આપી શકે. પણ દુઃખી બનાવી ન શકે. જેનાં મનમાં હરદમ પ્રભુનાં વચનોનો વાસ હોય, એનાં મનમાં કાયમ અજવાસ જ અજવાસ હોય. અને જે મનમાં પ્રકાશનો સમાવેશ હોય, એ મનમાં ક્યારેય દુઃખનો પ્રવેશ શક્ય જ નથી. આપ વડીલો ચિંતા ન કરો. મને મારા ધર્મમાં શ્રદ્ધા છે, જે કર્મનો ઉદય હશે, એ તો ભોગવવાનો જ છે. પણ મારો ધર્મ મારો ભેરૂ બનશે. મને એ અટલ વિશ્વાસ છે...” આવું જ્યારે બંસાલા કહેતી, ત્યારે રાજા એને ખેંચીને ખોળે બેસાડી દેતા, મા તો બે હાથે એનો ચહેરો પકડીને અનારાધાર આંસું વરસાવતા. પણ

માથું સુંઘીને રાજા બોલતાં -

"બેટા! આજે ફક્ત અમે નહીં, આખું નગર ચિંતિત છે. તું કહે છે કે ચિંતા ન કરો, પણ બેટા! ચિંતા શી રીતે ન કરીએ? શાંતિ કેવી રીતે રાખીએ? મનને શી રીતે સમજાવીએ? બેટા ! જ્યારથી આ સાંભળ્યું છે, ત્યારથી રોજ ભગવાનને પ્રાર્થના કરૂં છું કે મારી ડાહી અને સમજદાર દીકરી પરની વ્યથા -પીડા, હે નાથ ! મને સોંપી દે, હું દુઃખ ભોગવવાં તૈયાર છું, પણ દીકરીને સુખી બનાવી દે પ્રભુ!"

પણ પિતાશ્રી ! તમે એવું કેમ માની લીધું કે હું દુઃખી થઈ છું, હું તો સુખી જ છું અને તાત! કોઈનાં કર્મો કોઈ ભોગવી શકતું નથી. બધાંએ પોતે કરેલાં પોતે જ ભોગવવાં પડતાં હોય છે. હવે આપ પ્રભુને પ્રાર્થના કરોને, તો એમ ન માંગતા, કે મારી દીકરીને દુઃખો ન આપો, પરંતુ એવું માંગજો કે પ્રભુ ! ગમે તેટલાં દુઃખમાં પણ મારી દીકરીને સમાધાનમાં રાખજો. એને એક એવી શક્તિ આપજો, કે જેમ-જેમ દુઃખો વધતાં જાય, એમ એમ એની સહનશીલતા પણ વધતી જાય, એ કદી ડરે નહીં, એ કદી ડગે નહીં, મુશ્કેલીઓથી કદી ભાગે નહીંને સમસ્યાઓથી કદી હારે નહીં, જેમ જેમ સમસ્યા વધે, એમ એમ એની સમાધિ મજબૂત ને મજબૂત બનતી જાય. હે પ્રભુ ! એવું



બળ દેજો...." બંસાલા બોલી અને રાજા મકરધ્વજે બે હાથમાં એને સમાવી લીધી.

"ખૂબ ડાહી અને સમજદાર દીકરી છે તું મારી બેટા! મને પાકો વિશ્વાસ છે કે સમસ્યાઓ તારી સામે હાથ હેઠા મુકશે, હારી જશે, મારાં તને...મંગલ આશીર્વાદ છે બેટા!" છેલ્લું વાક્ય બોલતી વખતે રાજાનાં અવાજમાં કંપ કેમ અનુભવાયો? એમની આંખમાં શું આસું છે?

લગ્નનું બંધન, આર્યાવર્તની ગરવી પરંપરા... ભવ્ય વારસો... જીવનનાં સુકાનને એકબીજાનાં હાથમાં સોંપવાનાં કરાર, ક્યાંક પતિ ચૂકે તો પત્ની મદદે આવે, અને જો પત્ની ચૂકે તો પતિ વ્હારે ધાય.....

બીજાં બધાં સંબંધો માણસને જન્મજાત મળ્યાં હોય છે. આ સંબંધ માણસે શોધવાનો હોય છે. ઊભો કરવાનો હોય છે અને ઘણીવાર બે માણસોનાં કર્મો, એમની ભવિતવ્યતાઓ - એમનાં ઋણાનુબંધો-એમને સંબંધોનાં એક મધ્યબિંદુ પર ભેગાં કરી દે છે....

સાડા પાંચ મહિનાનો મુકનસિંહ, અને બાર વર્ષની બંસાલા. કોઈ રીતે કલ્પનામાં કે વિચારમાં ન બેસે એવી આ આ ઘટના. પણ દુનિયા મોટી રંગભૂમિ છે અને ભવિતવ્યતા કઠપૂતળીની જેમ અહીં નૃત્ય કરાવે રાખે છે.

અવનવાં દ્રશ્યો ભજવાવે છે. જે ન વિચાર્યા હોય, જેની અપેક્ષા જ ન રાખી હોય, એવાં ખેલ ઊભાં થાય છે. સંસાર મોટી ખેલશાલા છે.

રાજા મકરધ્વજે ઘોષણા કરાવી છે, કે બાર વર્ષની બંસાલા સાથે ઘડીયા લગ્ન લેવાનાં છે. પૃથ્વીપુરનાં રાજાનો દૂત આવ્યો છે. કહે છે, કે રાજાની દીકરી બંસાલા સાથે ઘડીયાં લગ્ન લેવાં માટે, પોતાનો રાજપુત્ર પરણાવવા રાજા જયસિંહ તૈયાર છે. રાજા રાણીનો શ્વાસ હેઠો બેસે છે. હાશ ! કોઈક મળી ગયું. હવે શ્રીફળની વાત અવસરે થશે. હમણાં કોઈ ફોડ પાડીને બગાડવામાં સાર નથી. આનંદનો માહોલ ઊભો થાય છે. નગરી શણગારાય છે. આનંદ પ્રમોદમાં મગ્ન બની ગયાં છે સૌ. પણ ક્યાં જાણે છે આ પામર માનવી, કે સુખની પાછળ દુઃખ છે અને સુખ ક્ષણિક છે, દુઃખ જ શાશ્વત છે....

પૃથ્વીપુર નગર, રાજા જયસિંહ, રાણી જયંતસેના. કનકવતી નગરી, રાજા મકરધ્વજ, રાણી રત્નવતી. પૃથ્વીપુરનો રાજકુમાર મુકનસિંહ. કનકવતીની રાજકુમારી બંસાલા.

મોટાભાગે સંસારમાં સૌ માનવો એકબીજાને બનાવતાં હોય છે, એકબીજાને ઠગતાં હોય છે. પરસ્પરથી



કાંઈને કાંઈ છૂપાવી રાખતાંહોય છે. રાજા જયસિંહ સમજે છે કે મેં રાજવી મકરધ્વજને બનાવ્યો અને રાજા મકરધ્વજ માને છે, કે મેં જયસિંહને બનાવ્યો. પરંતુ હકીકત એ છે કે વિધાતા સૃષ્ટિનાં સકલ જીવોને એકવાર નહીં, વારંવાર બનાવ્યે રાખે છે. અને અજ્ઞાની -અભિમાની-માણસ વારંવાર બનતો જ જાય છે.

અહીં આ પ્રસંગમાં કોણ ન હતું બન્યું ? રાજા જયસિંહ પણ બન્યો છે. રાજા મકરધ્વજ પણ બન્યો છે. આજે કનકવતીમાં જાન લઈને પહોંચેલા રાજા જયસિંહ મોટી અવઢવમાં મૂકાઈ ચૂક્યાં છે. અહીં આવીને આટલી જલ્દી આવી મુસીબતનો સામનો એમણે કરવો પડશે, એવું એમણે લગીરે'ય નહોતું ધાર્યું.

જો કે લગ્ન પૂર્વે આ ક્ષણનો સામનો એકવાર તો અવશ્ય કરવો જ પડે એમ હતો તેવું તે સુપેરે જાણતાં હતાં. તેથી જ તો શક્ય એટલું વધારે ને વધારે વિલંબ કરતાં જ રહ્યાં. કોઈને કોઈ બહાને જાનને આવવાનું મોડું થતું જ ગયું. અને તે આવતી કાલે લગ્ન હતાં, ને સવારના પહોરે સૂર્યોદય વખતે જ જાન કનકવતીનાં પાદરમાં પ્રવેશી... ઠાઠ માઠથી તેમનો નગરપ્રવેશ થયો......

"અમારી એક મુશ્કેલી જો પૃથ્વીપુર નરેશ સમજી શકશે, તો અમે ખૂબ ખૂબ ઉપકૃત થઈશું"... બપોરનાં

સુમારે કનકવતીનાં મંત્રગૃહમાં બે રાજાઓ અને બે મહામંત્રીઓ વગેરે આખું મહાજન બેઠું હતું. પ્રારંભિક ઔપચારિક વાતો, કુશળ પૃચ્છા વગેરે પત્યાં પછી મકરધ્વજને ઈશારે મહામંત્રી સેનાજિત બોલ્યાં.

''એવી તો શી મુશ્કેલી છે, કે જેનો ઉલ્લેખ કરતાં મહામંત્રી પણ આમ ખંચાઈ રહ્યાં છે ?'' જયસિંહ નરેશનાં મહામંત્રી સમરવીર બોલ્યાં. જો કે, એ અડધું તો સમજતાં જ હતાં, કે વાત શી છે ? અને તોય પૂછતાં હતાં. મૂછમાં હસતાં હતાં..

''વાતમાં વાત તો એટલી જ, કે આ લગ્ન રાજકુમારી સાથે નહીં થાય.'' સેનાજિત બોલ્યાં, અને સભામાં જાણે ધ્રાસકો પડ્યો. મંત્રીશ્વર સમરવીર પણ એક ક્ષણ તો ધબકારો ચૂકી ગયાં. આ મુસદ્દીઓ અજબ માણસો હોય છે. પાછળથી નાનો આંચકો સહ્ય બની જાય, માટે પહેલાં બનાવટી મોટો આંચકો આપીને મનને બધાં આંચકાઓથી ટેવાવી નાંખતા હોય છે.

''તો.... તો શું લગ્ન ફોક કરવાનાં છે ? તો શું અમારું અપમાન કરવાં અહીં બોલાવ્યાં ?'' પૃથ્વીપુરનાં સેનાધિપતિઓ ઊકળી ગયાં. તલવાર અડધી ખેંચીને ઊભાં થઈ ગયેલાં સેનાપતિઓને ટાઢાં પાડતાં મંત્રીશ્વર બોલ્યાં. - ''સેનાપતિજી ! આ દરખાસ્ત મહામંત્રીની છે. તો સામે



મને જ ભીડાવાં દેજો. તમારું કામ મંત્રાલયમાં નહીં! તમારાં બાવડાનું જોર રણભૂમિમાં ચાલે. અહીં તો ફક્ત અમારી બુદ્ધિનું જ બળ ચાલે''.

''હાં તો મહામંત્રી !'' મંત્રીશ્વર સેનાજિત તરફ ફરતાં બોલ્યાં ''જરાક ફોડ પાડીને કહો, આખરે તમારે કહેવું છે શું ?''

''સમરવીરજી ! મારી વાત તો એટલી જ છે, કે આ લગ્ન ભલે રાજકુમાર અને રાજકુમારીનાં જ હોય, પણ લગ્નમાં વર અને વધૂ તરીકે શ્રીફળ પધરાવવામાં આવશે. અને એની વચ્ચે જ બધી વિધિઓ થશે.''

''પણ આવી વિચિત્ર દરખાસ્ત શા માટે રજૂ કરવી પડે બુદ્ધિ નધાન ?'' મહામંત્રી સમરવીર બોલ્યાં, અને સેનાજિતે રાજા સામું જોયું.

કન્યાનાં પિતા હોવાંની ચાડી ખાતો હીણો દબાયેલો ચહેરો ઉંચકીને રાજા મકરધ્વજે મહારાજ જયસિંહ તરફ જોયું. અને એવાં જ હીણાં ને દબાયેલાં સૂરે બોલ્યાં - ''રાજન્ ! અહીં એક યોગી આવેલાં. બડા જ્ઞાની ધ્યાની હતાં. આકાશનાં ગ્રહ - નક્ષત્રોને નરી આંખે જોઈ શકતાં. એણે મારી દીકરી માટે ભવિષ્ય ભાખેલું, કે તમારી દીકરીનાં લગ્નમાં વર અને વધૂ તરીકે શ્રીફળને જ પધરાવજો. તો જ લગ્ન સફળ થશે. અમે આપને આ વાત

અગાઉથી ન જણાવી. તે બદલ આપની માફી માંગીએ છીએ. આપનું અપમાન કરવાંનો અમારો કોઈ જ ઈરાદો ન હતો. છતાં પણ આપ ચાહો તે દંડ આપી શકો છો !''

અનુક્ષણ રાજા જયસિંહ અને સમવીરની આંખો મળી ગઈ, કાંઈક ઈશારો થઈ ગયો. જો કે ઈશારો મહારાજ મકરધ્વજ અને મંત્રીવર સેનાજિતનાં લક્ષમાં આવ્યો તો ખરો, પણ મહારાજે તો મોટું મન રાખી, એ ઈશારાને મનમાંથી ભૂંસી દીધો. પણ મંત્રીશ્વરને એમાં કોઈ રહસ્ય લાગ્યું. એમણે આ ભેદને ખોલવાની ગાંઠ વાળી.

''કનકવતી નરેશ !'' જયસિંહ બોલ્યા ''અત્યાર સુધી તમારી અને આપણી વચ્ચે ખૂબ સારાં સંબંધો હતાં. મૈત્રી અને સુલેહ હતાં. પણ આ ઘટના જાણ્યાં પછી, હવે...'' હવે... રાજા અટક્યાં, આખું મહાજન ઉંચક જીવે અને અધ્ધર શ્વાસે રાજાનાં પ્રતિભાવની રાહ જોઈ રહ્યું. ''હવે આ સંબંધો વધુ ગાઢ બને છે. અને મારાં તરફથી દંડ સમજો તો દંડ અને ઉપાલંભ સમજો તો ઉપાલંભ, હું તમને આપું છું. કે તમારી દીકરીએ મારાં દીકરાં સાથે જ લગ્ન કરવાં પડશે.''

જેવું રાજા બોલી રહ્યાં કે મકરધ્વજ પહેલાં તો આશ્ચર્યથી અને ત્યારબાદ અહોભાવથી એમની સામું જોઈ રહ્યાં. આખરે તેમને ભેટી પડ્યાં. ''રાજન!'' નીતરતા



સાદે મકરધ્વજ બોલી રહ્યાં ''તમે મારી ખૂબ મોટી ચિંતા ઉતારી દીધી. તમે મને નચિંત કરી દીધો રાજન્ ! તમે મારાં સાચાં સગા છો...'' અને જયસિંહનાં ચહેરા પર ઉત્સાહ - આનંદની સાથે એક અછડતો પણ ઘેરો અપરાધભાવ પણ વાંચવાં મળ્યો... મહામુત્સદ્દી મહામંત્રી સેનાજિતે આ વાંચી લીધું અને નોંધી લીધું....

હજી તો મંત્રણાગૃહમાંથી હમણાં જ પાછાં ફર્યા હતાં. હજી તો શ્વાસ હેઠો બેઠો પણ ન હતો. એટલામાં તો દરવાન આવીને મહામંત્રી સેનાજિતનાં આગમનનાં સમાચાર રાજા જયસિંહને આપી ગયો અને રાજા સભાન બન્યાં.'' મહારાજની જય હો... !''

''આવો આવો મહામંત્રીશ્વર ! બિરાજો.'' મહારાજ બોલ્યાં. ''તમે તો મને ખરેખર ખૂબ જ ગભરાવી દીધો હતો હો મંત્રીશ્વર ! તમારાં બુદ્ધિશાળીની બુદ્ધિને અમે ન પહોંચી વળીએ....''

''મહારાજનાં આશિષ છે રાજન્! બધી અરિહંતની કૃપા છે.'' સેનાજિત બોલ્યા.

''હા હા એ તો ખરી વાત. પ્રભુની કૃપા વિના તો પાંદડું ય હલી શકતું નથી''.

''રાજન !'' મહામંત્રીએ પાસો ફેંક્યો. '' આજ્ઞા હોય તો એકવાત પૂછું...'' રાજા છેક ભીતરથી હલી ગયાં.

“ હા... પૂછો ને...” અને આ થથરાટ મહામંત્રીથી અછાનો ન રહ્યો.

“કનકવતી નગરનાં ભાવિ જમાઈનાં દર્શનની મહેચ્છા છે. પૂરી કરશો રાજન્ !” મંત્રી બોલ્યો. અને રાજા મુંઝાઈ ગયો. આટલી જલ્દી આ સમસ્યાનો સામનો કરવાંનો આવશે. એવું ન હોતું ધાર્યું એણે... તો હવે શું થયું હશે ?





## ૪

પૃથ્વીપુરનાં ભાવિ નરેશ અને કનકવતીનાં ભાવિ જમાઈનાં દર્શનની મહેચ્છા છે પૂરી કરશો રાજન!” કનકવતીનાં ખંધા મંહામૂંત્રીએ ખૂબ ચાલાકીથી વાત રજૂ કરી અને પૃથ્વીપુરનાં નરેશ રાજા જયસિંહ મુંઝાઈ ગયાં. ખરેખર મુંઝાઈ ગયાં. એમને લાગ્યું કે જમીન પરથી જાજમ ખેંચાઈ ગઈ છે. એ બે ડગલાં પાછળ હટી ગયાં અને ભદ્રાસન પર ફસડાઈ પડ્યાં...

“શું થયું રાજન્! મૂંઝવણ શાની? શું મારી માંગણી અનુચિત છે?” મંત્રીશ્વર બોલ્યાં અને રાજાએ ક્ષણવાર આંખો મીંચી લીધી. ઈષ્ટદેવને યાદ કરી લીધા. અંધારામાં જાણે કોઈ ઊજાસ દેખાયો. તે બોલ્યાં : “બીજું તો ખાસ કાંઈ નહીં. મંત્રીશ્વર !” એમનો અવાજ સંયત બન્યો- “પણ એક જ ચિંતા થાય છે, કે તમે એનાં દર્શનને પચાવી શકશો કે નહીં ?”

“એટલે ? તમારે કહેવું છે શું ? તમે ગોળ ગોળ કેમ કહો છો ? મારાંથી છૂપાવો છો કેમ ? શું છૂપાવવા જેવું છે ?”

"મંત્રીશ્વર !તમે પણ જૈન છો, અને હું પણ જૈન છું. આપણે સાધર્મિક કહેવાઈએ. તમે ભલે તમારાં રાજ્યને વફાદાર હો. પણ સાધર્મિકનાં સંબંધે તમારી ફરજ છે, કે તમારે મને પણ મદદ કરવી જ જોઈએ." આમ કહીને રાજાએ એને પોતાની વીતક કહી સંભળાવી અને છેલ્લે મહામંત્રી મૂંઝાઈ ગયાં, કે આમાં ક્રોધ કરવો, શોક કરવો, હસવું કે રડવું ? અને કિંકર્તવ્ય વિમૂઢ બનેલાં મંત્રીનાં બે હાથ રાજાએ પકડી લીધાં. "મંત્રીશ્વર! કોઈ રસ્તો કાઢો... કોઈ માર્ગ મને સૂઝતો નથી. હું... પૃથ્વીપુરનો રાજા નહીં પણ એક સાધર્મિક થઈને, એક બાપ બનીને તમારાં પગે પડું છું. મારા દીકરાને ઉગારવાનો પૃથ્વીપુર અને કનકવતીને યુદ્ધની આગમાંથી ઊગારવાનો કોઈ તો માર્ગ બતાવો મંત્રીશ્વર !"

મંત્રીએ રાજવીની આંખમાં જોયું. એ આંખોમાં દિલની સચ્ચાઈની ભીનાશ હતી, એક અસહાય બાપ અને ધર્મી રાજવી અનાથ બનીને એની સામે હતો. મંત્રીને એક ક્ષણ વિચાર આવી ગયો - પરિસ્થિતિઓ ભલભલાં ભડવીરોનેય કેવો નબળો બનાવી નાખે છે ? અને એણે રાજાનાં હાથ દાબીને આશ્વાસન આપ્યું, "હું મારાથી શક્ય પ્રયત્ન કરીશ."



"મને લાગતું જ હતું કે આમાં નક્કી કોઈ ભેદ હોવો જોઈએ." પોતાનાં ખંડમાં ભ્રમણ કરતાં મહામંત્રી વિચારતાં હતાં. "કોઈ રાજા પોતાનાં દીકરાં માટે બાર વર્ષની કન્યા સ્વીકારી લે, એ તો બને કદાચ. પણ શ્રીફળની સાથે એનાં લગ્ન સ્વીકારી લે ? અને મારી સ્વમાન ભરેલી રજૂઆત સાંભળીને તો જો બધાં સુભટો પણ ઊકળી પડતાં હોય, તો રાજવી ન ઊકળી થાય, એ વાતમાં કોઈ વજૂદ નથી.પણ રાજાએ નાટ્યાત્મક રીતે બધું સ્વીકાર્યું. મંત્રીએ મુત્સદ્દી બતાવી અને બધાં મારાં સાણસમાં ઝડપાઈ ગયાં."

"પણ હવે ચિત્ર અલગ છે.... રાજા મારો સાધર્મિક છે. પોતાનાં દીકરાનાં આયુષ્યને વધારવા એણે આ બધું કર્યું છે. એને શો દોષ આપવો ? હવે મારે રાજા મકરધ્વજને બરાબર સમજાવવો જોઈએ.. કોઈ તો ઉપાય કરવો જ જોઈએ, જેથી એનું મન સમાહિત રહે. જેથી એને શાંતિ રહે...શું કરું ?"

મંત્રીએ પોતાનાં હાથની મુઠ્ઠી પછાડી. "રાજા જયસિંહે મને ખૂબ કપરી પરિસ્થિતિ અને જવાબદારીની વચ્ચે મુક્યો છે. આ પ્રસંગને બગડી જતાં બચાવી શકે તો કોણ બચાવી શકે ?" મહામંત્રી વિચારતાં હતાં, ચાલતાં હતાં. ત્યાં જ એમની આંખમાં આશાની એક વિજળી ચમકી

અને અજવાળું પથરાઈ ગયું. એને લાગ્યું આ તૂટતી ઈમારત જેવી વણસતી પરિસ્થિતિનેબચાવવાની ક્ષમતા એક નાની વેલડીમાં છે. કારણ એ વેલડી ગજવેલની છે.

''રાજકુમારીજી ક્યાં છે ?'' મહામંત્રીએ પ્રશ્ન કર્યો અને દેવીની અંગત પરિચારિકાએ જવાબ વાળ્યો 'શૃંગાર ખંડમાં રૂપ સજ્જા કરી રહ્યાં છે.'

'સાથે કોણ છે ?' 'જી, દેવી રૂપસજ્જા કરતાં હોય, ત્યારે કોઈની પણ મદદ નથી લેતાં. એ તેમને ફાવતું નથી. તેઓ જાતે જ પરિમિત શણગાર સજી લે છે.' દાસીએ જવાબ વાળ્યો.

અને મહામંત્રી શૃંગાર ખંડનો પડદો હટાવી અંદર પ્રવેશ્યા. ચારે બાજુ જડેલાં આદમ કદ અરીસા, જાત ભાતની કલાકૃતિ અને શિલ્પકૃતિથી શોભતાં હતાં. ભદ્રાસનની એક બાજુ બે પાંચ આભૂષણોની મંજૂષા હતી. તેની બાજુમાં સોના-રૂપાની થાળીઓમાં ચંદન, ગોરોચન, કેસર, કસ્તૂરી, અંબર, હરતાલ, હિંગલોક વિગેરેની સુંદર દાબડીઓ પડી હતી. એક નાની અધખુલ્લી દાબડીમાં સોનાની શલાકા રાખેલી, મંત્રીએ વિચાર્યું, કે એમાં કાજળ હશે. ભદ્રાસનની બીજી બાજુ મોટી પેટીઓ હતી. જેમાંથી અડધી ખુલ્લી હતી, અડધી અધખુલી હતી. તે બધામાં



જાતજાતનાં વસ્ત્રો વ્યવસ્થિત ગોઠવાયા હતા.. અને અરીસામાં અનિંદ્ય-સુંદરી કિશોરી બંસાલાનું અપ્રતિમ રૂપનું પ્રતિબિંબ પડતું હતું. એ કોડભરી કન્યા પોતાની રૂપ સજ્જામાં એટલી મગ્ન બની હતી, કે એ અરીસામાં ઉપસતાં મંત્રીશ્વરનાં પડછાયા તરફ એનું ધ્યાન જ નહતું. મંત્રી પ્યાર ભરી નજરે એ રૂપ-લાવણ્યને પી રહ્યાં. વિચારી રહ્યાં કે ધન્ય છે આ નગરી જ્યાં આવું રત્ન પાક્યું.

જો અત્યારે કોઈ મહત્વના કામે ન આવ્યાં હોત તો તેમણે પોતાની પુત્રી જેવી બંસાલાને આંખ ભરીને નિરખી હોત, પણ તેઓ ખૂબ અઘરા અને જરૂરી કામે આવ્યાં હતાં. એનો વિચાર આવતાં જ એમણે જરાક ખોંખારો લીધો, અને કપાળ પર કંકુ પૂરતી બંસાલા ચમકી, કંકુની ધાર જરાક વાંકી વળી ગઈ. એણે પહેલાં અરીસામાં જોયું.....''તાતશ્રી ! તમે ?'' પછી આંખ પહોળી કરીને ઝાટકા સાથે પાછળ ફરીને જોયું. અને સસ્મિત વદને ઊભેલાં મહામંત્રીની પાસે શરમ-સંકોચ અને કુતૂહલનાં મિશ્ર ભાવોથી ઊભરાતી તે પહોંચી.

'પ્રણામ મંત્રીશ્વર !' એણે ઝુકીને હાથ જોડ્યાં.

''અખંડ સૌભાગ્વતી ભવ''. મહામંત્રીથી અનાયાસે જ બોલાઈ ગયું, અને દર વખતે ''આયુષ્મતી ભવ'' આવાં આશીર્વાદ આપવાં ટેવાયેલી જીભમાંથી

આજે આવાં શબ્દો કેમ નીકળી પડ્યાં? એ બાબતે તેઓ પહેલાં ગંભીર થયાં અને પછી મનમાં જ હસી પડ્યાં.

'ખૂબ સુંદર લાગે છે હોં બેટા!' મંત્રીએ બંસાલા ના માથે હાથ મૂક્યો 'તને રૂપ સજ્જા કરતાં સારી આવડે છે.'

''આભાર તાતશ્રી!'' રૂપાની ઘંટડી જેવો અવાજ રણક્યો. '' પણ તમે અહીં આવવાનું કષ્ટ કેમ લીધું? મને બોલાવવી હતી ને?''

''બેટા મારા પ્રશ્નોનો ઉત્તર આપીશ?'' મંત્રીએ અચાનક જ પૂછ્યું. 'લગ્ન કોને કહેવાય બેટા!'

''મરણ સુધી એક-બીજાના સાથ નિભાવવાની સમજૂતિ એટલે લગ્ન - જીવનનાં ઉતાર ચઢાવમાં એક બીજાનો હાથ પકડીને ચાલવું આવો કોલ-કરાર એટલે લગ્ન.'' હાજરજવાબી હતી બંસાલા.

''પણ સમજ કે સામેવાળું પાત્ર ખોડવાળું હોય, નબળું હોય, બેજવાબદાર હોય, કે બિચારૂ હોય તો?''

''એ તો બધુ કર્મને આધીન છે, તાતશ્રી! આપણને કોણ કેવું મળ્યું એ આપણાં હાથમાં થોડું છે? મારો જન્મ થયો ત્યારે હું સાવ બિચારી હતી તો મા-બાપે મને છોડી દીધી? તરછોડી દીધી ? સંબંધ તો એને કહેવાય, જેમાં કાંઈ લેવાની અપેક્ષા વિના આપ્યાં જ કરવાનું હોય.'' બંસાલા બોલી અને મંત્રીએ બે હાથે એનાં



ગાલ પકડી મસ્તક ચૂમી લીધું. '' આ સમજણ બરાબર પાકી કેળવી રાખજે દીકરા! તને કરિયાવરમાં હું આ જ ભેટ આપું છું.'' અને મહામંત્રી અચાનક જ નીકળી ગયાં.

બંસાલાને લાગ્યું, કે ''મહામંત્રી ગળગળાં થઈ ગયેલાં કે એ મારો ભ્રમ હતો?'' એણે સામેનાં અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોયું અને વિખરાયેલું કંકુ સરખું કરવાં માંડ્યું.....

સંધ્યા કાળે કનકવતી નગરી કનકવર્ણી બની હતી. આથમતાં સૂરજની ઓથે ઝગારા મારતાં ગગનચુંબી મહેલનાં શિખરને જોઈને લાગતું હતું જાણે આકાશમાં એક સાથે બે સૂરજ ઊગ્યાં છે. મંદિરોમાં ઝલકતી ઝાલરોનાં અવાજોથી અને નગરે પાછી ફરતી ગાયોએ ઊડાડેલી ધૂળીની સોનેરી ઝાંયથી નગરી ભરી ભરી લાગતી હતી. અને એ વખતે રાજમહેલનાં વિશાળ પટાંગણમાં ઉપસ્થિત અનેક આમંત્રિતોની વચ્ચે પૃથ્વીપુરનાં રાજકુમાર અને કનકવતી રાજકુંવરીનાં લગ્ન લેવાયાં છે.. પુરોહિતો સમિધ હોમે છે. બ્રાહ્મણો મંત્રગાન કરે છે. અગ્નિદેવતા ભડભડ જલે છે, પણ એક અચરિજ જોઈને ખાસ મહેમાનો પણ ગુપસુપ કરે છે. કાનમાં કાન નાંખી મજાક કરી લે છે. અને આ બધાં નજારાથી અંજાન ન હોવા છતાય અજાણ્યા

હોવાનો ડોળ કરતાં રાજા જયસિંહ અને રાજા મકરધ્વજ સમસમી બેસી રહ્યાં છે....

વર- કન્યાની જગ્યાએ બે શ્રીફળના છેડા છેડી બાંધવા, એનાં ફેરા ફરાવવાં... આ બધી અજુગતી વાતો રાજવીઓની મજાકનું અને વેવાઈના ખાનગી અપમાનનું બ્હાનુ બન્યું છે. પણ કરમ ઘણીવાર માણસને લાચાર બનાવી દે છે, બાકી રાજા મકરધ્વજ કે રાજા જયસિંહ. આ બે જણાં - મશ્કરી કરનારાં આ રાજાઓને બરાબરનો પાઠ ભણાવે. રજપૂતાઈ ખળભળી ઊઠે તો ભાલે ભાલાં અફળાય ને ખાંડા ખડખડે.... પણ ભલા ! કરમની લાચારી કોને કહેવી ? ગરજે ગધેડાને ય બાપ કહેવો પડે.... અંદર સમસમીને પણ ચહેરા પર સ્વસ્થતાનું અને પ્રસન્નતાનું મોહરૂં ચડાવીને બે જણાં બેઠા હતાં...

ત્યારે... આ જ રાજમહેલની એક શણગારેલી ઓરડીમાં એક છ મહિનાનું બાળક સૂતું છે. એની આંખો ચંચળ છે. એના હાથ-પગ હવામાં ઉછળી રહ્યાં છે. એનાં માથે ભીંત પર બાંધેલો રત્ન હીરે જડેલો ઝુમ્મર હવાથી ફરફરે છે અને એ છોકરાની આંખમાં ગેલ આવી જાય છે. એનાં બોખાં પણ સુંદર ચહેરાં પર હાસ્યની સુરખી રમી જાય છે. એનો મીઠો કલરવ સાંભળવો ગમી જાય છે....

પેલી બાજુ વર-કન્યાનાં ફેરાની વિધિ પતે છે, અને



આ બાજુ રાજકુમારી બંસલાની અંગત દાસી કુમારીના શયનખંડમાં આવીને અદબપૂર્વક શિર ઝુકાવી ઊભી રહે છે. "દેવી ! વર કન્યાનું પાણિગ્રહણ સંપન્ન થયું છે. હવે આપ વરનાં દર્શન માટે પધારો..." અને વાત સાંભળીને બંસલા એક ધબકારો ચૂકી ગઈ....

"રૂપા ! " ખુમારી પૂર્વક એણે પૂછ્યું, "મેં તો એવું સાંભળ્યું હતું, કે પાણિગ્રહણ પછી કન્યા તો કક્ષમાં જ રહે અને વર સામેથી એના કક્ષમાં આવે. તો અહીં કન્યાએ વરનાં કક્ષમાં જવાની વાત તું કેમ કરે છે ? "ક્ષણવાર મૌન પથરાય છે, " જવાબ આપ રૂપા ! હું અહીં પ્રતીક્ષા કરી રહી છું. ક્યારે આ વિચિત્ર લગ્ન સમાપ્ત થાય, અને ક્યારે મારા હૈયાનાં પ્રાણેશ્વરનાં દર્શન કરૂં... રૂપા ! મારા મનમાં અરમાન હતાં. એ સામેથી મને મળવાં આવશે. એવા... અને તું કહે છે, કે હું ત્યાં જાઉ ? આ તો કેવી વિચિત્રતા ! લગ્નની વિચિત્રતા શું ઓછી હતી કે આ નવી વિચિત્ર દશા ઊભી થઈ, કે પછી આજનો દિવસ જ વિચિત્ર છે ? કે પછી આજથી મારા જીવનમાં જે વિચિત્રતાઓની શરૂઆત થઈ છે ? મારે શું માનવું રૂપા ! તું મારી ફક્ત દાસી નથી, તું મારી સખી પણ છે. જ્યારે મહામંત્રી પધાર્યા હતાં ત્યારે પણ મને એમ લાગ્યું હતું, કે એ મને કોઈ ઈશારો કરી રહ્યાં છે... રૂપા ! મને મૂંઝારો થાય છે... મને ભાવિનો ભય લાગે

છે... આવાં ધબકતા હૈયે રૂપા ! હું મારા પતિની સામું શી રીતે જઈ શકીશ? મને કાંઈ માર્ગદર્શન કર રૂપા! આમ મૂંગી ન રહે.''

બંસાલા ! જ્યારે નગરમાં - ઘરમાં - મહેલમાં કોઈને પોતાના માટે, પોતાના મૂંઝારા માટે, કાંઈ પડી' નહતી. ત્યારે કુમળી કળી જેવી કોમળ દિલવાળી આ કિશોરી પોતાનું મન ખોલે, તો ક્યાં ખોલે? આખરે ગોરંભે ચડેલી એની વેદના એકી સાથે જ જ્યારે રૂપા પર વરસી પડી, ત્યારે એની સખી સમી રૂપાએ એને માથે હાથ મુકીને, એની આંખોમાં ભરપૂર હમદર્દી ભર્યું જોઈને કહ્યું: ''રાજકુમારી ! આપ તો ક્ષત્રિય છો અને જૈન છો...ક્ષત્રિયની ખુમારી અને જૈનોની શ્રધ્ધા આ બન્ને આપનામાં છે. પછી ભાવિનો ભય કેવો?'' બંસાલા એની આંખ સામું જ જોઈ રહી. અપલક - અનિમેષ.

''દુ:ખ તો દેવી ! નાનાં માણસને નાનાં હોય, અને મોટા માણસોને મોટાં...'' રૂપા ખરેખર એની સખી હતી.

''દુ:ખી ન હોય એવું તો આ સંસારમાં કોણ મળશે? હું તો તમારી સખી રૂપે તમને કહું, કે જ્યારે મહામંત્રી આપને સામેથી મળવા આવ્યાં, જ્યારે સજ્જાખંડમાં આપ હતાં, તો પણ એઓ મલાજો મુકીને અંદર આવ્યાં, ત્યારે જ હું



સમજી ગઈ કે... મામલો કાંઈ ગંભીર અને એ કરતાંય કાંઈ વિચિત્ર જ છે... મને ત્યારે પણ મંત્રીનું વર્તન વિચિત્ર લાગેલું અને અત્યારે પણ''...

''અત્યારે પણ ?''

'' હા, દેવી ! હમણાં હું સામેથી તમને કહેવાં નથી આવી. મને મંત્રીએ જ મોકલી. આજ સંદેશ સાથે કે કન્યાને વરના ખંડમાં લઈ જાઓ અને પછી મને કાનમાં કોઈ ન સાંભળે એ રીતે કહ્યું - કે તારી સખી અને મારી દીકરી રાજકુમારીને કહેજે કે વરના ખંડમાં પ્રવેશ કરતાં પૂર્વે ધરતી જેવી ક્ષમા, માતા જેવી ધીરજ અને આકાશ જેવી ઉદારતા ધારણ કરીને પછી જ પ્રવેશ કરે. મને એ સ્ત્રી પર વિશ્વાસ છે. એ નારી નથી ભગવતી સરસ્વતી છે.''

આશ્ચર્ય - સંતોષ - કુતૂહલ - ભય અને લજ્જા બધું જ એકી સાથે બંસાલાને ઘેરી વળ્યું. આખરે એ ઊભી થઈ, રજપૂતાણીની ખુમારીથી ચાલી. હૈયે હામ રાખીને ચાલી. રૂપા એને જતી જોઈ રહી અને મનોમન પ્રભુને પ્રાર્થના કરી રહી... ભગવાન મારાં સ્વામિની અને સખી રાજકુમારીને સુખ આપજે....

ખંડના દ્વારે આવી બંસાલાએ દવાજે ટકોરાં દીધા.. અંદરથી કોઈ જ જવાબ ન મળ્યો. બીજીવાર મહેનત પણ નિષ્ફળ ગઈ. બંસાલાનાં કુમળા હૃદયે અમંગળની કોઈ

મૂંઝવી નાખનારી દહેશત ઘેરી વળી... એને મનમાં જ થયું કે "શું નવોઢાનાં દિલમાં મિલનની પ્રથમ રાતે આવી દહેશત રહેતી હશે ? ના ના... આવું તો નહીં જ હોય. ત્યાં ઉલ્લાસ હશે પણ સંકોચનાં ભાર તળે દબાતો... રોમાંચ હશે, માંડ માંડ સાચવી રાખેલો અને શરીરનાં રૂંવે રૂંવે આંખો લગાવીને જાણે રાહ જોવાંતી હશે... તો પછી મારી સાથે આમ કેમ ? આવો વિચાર આવી ગયો બંસાલાને. પણ મહામંત્રીના શબ્દો, સૂચનો એને યાદ આવી રહ્યાં અને હૈયામાં હામ ભરી, આંખોમાં પારાવાર વિશ્વાસ ભરીને મનને ભગવાનના ચરણોમાં સમર્પિત કરી એ કિશોરીએ, નારાયણીએ દરવાજાં ખોલ્યા અને સામે... સજાવેલા પલંગ પર કિલ્લોલ કરતાં શિશુને જોઈને એ ધબકારો ચૂકી ગઈ..

"શું આ ? આની સાથે મારી જિંદગી ?..." એ આગળ વિચારી ન શકી. એને આંખે અંધારા આવવાં માંડ્યાં. દરવાજાની બાજુને એક હાથે આશરો લઈ, બીજે હાથે એણે પોતાનો હાથ છાતી પર જોરથી દબાવી દીધો એને એટલો આઘાત લાગ્યો કે ઉપલાં દાંતથી એનો નીચલો હોઠ દબાઈ ગયો. અને એમાંથી લોહીની ટશરો ફુટી ગઈ.

"હે ભગવાન ! મારાં જેવી અબળા સાથે તે આ શું કરવાં ધાર્યુ છે ?" એનાં મનમાં પડઘાં પડ્યા... ઘડીકમાં



એને થયું કે માતાને અહીં તેડી લાવું. જાહેરમાં જઈને પોકાર પાડી લઉં. રે બેશરમો ! રે નિર્લજ્જો ! શું લગાવ્યું છે આ તમે ? શું નાટક ખેલ માંડ્યાં છે ? શેની ક્રૂર મજાક કરો છો તમે ? કેમ મારી જિંદગી બગાડવાં બેઠાં છો ?

પણ ત્યાં તો એને મહામંત્રીશ્વરની યાદ આવી ગઈ. એમનાં એ શબ્દો મગજમાં પડઘાવાં લાગ્યાં. એમણે રૂપાને કહ્યું હતું :- મારી દીકરીને કહેજે, કે વરનાં ખંડમાં પ્રવેશ કરતાં પૂર્વે ધરતી જેવી ક્ષમા, માતા જેવી ધીરજ અને આકાશ જેવી ઉદારતા ધારણ કરીને પછી જ પ્રવેશ કરે... અને બંસાલાના ચહેરા પરની લકીરો બદલાવા માંડી. એનાં મનમાં રહેલો આક્રોશ ઓસરવાં માંડ્યો. એની છાતી પર ભીંસેલો હાથ ઢીલો પડતો રહ્યો. અપાર ધીરજ અને કરૂણા એની આંખોમાં ભરાવાં માંડ્યા... અને કૂણા પગલે એ ચાલી... પોતાનાં શિશુ પતિની પાસે પહોંચી. હળવે રહીને એની બાજુમાં બેસી અને હાથ જોડી એનાં પગ પર માથું ટેકવી દીધું અને દિલની બધી વેદના... બધો જ આક્રોશ... આંસુની ધાર વાટે નીકળતો રહ્યો. હિબકે ને હિબકે. એનાં રૂદનનાં કરૂણ આવાજોથી શયનખંડ ઊભરાવાં લાગ્યો. શું કોઈ નવોઢાનું પ્રથમ મિલન આવું થયુ હશે ? અશક્ય... પણ આ તો નવોઢા ન હતી... નારાયણી હતી....

હૈયાનો ભાર હળવો કરી એ ઊઠી. પતિના ચહેરા

પર મીટ માંડીને જોઈ રહી. લાંબી આંખો... નમણું નાક... સુંદર ચહેરો, ખિલ ખિલ હાસ્ય અને ભરાવદાર ડોક પર... ડોક પર... આ શું ? ત્યાં કોઈ ચિઠ્ઠી મુકી હતી.. બંસાલાએ કુતૂહલથી એ કાગળને લીધો, ખોલ્યો અને વાંચવા લાગી....

"ધીરજ સમજદારી અને સહનશીલતાની પ્રતિમૂર્તિ સમા પુત્રવધૂ ! સૌ પ્રથમ તો અમે તમારી ખૂબ ખૂબ ક્ષમા માંગીએ છીએ. તારા શાંત-સ્થિર જીવનને ડહોળવવાંનો- ખરેખર જેનું પ્રાયશ્ચિત જ ન હોય,- એવો અપરાધ અમારાં હાથે થયો છે. એ બદલ અમે તારાં ખૂબ ખૂબ અપરાધી છીએ.

પણ દીકરી ! અમારાં દીકરાને બચાવવાનાં એક માત્ર મોહ અને સ્વાર્થ ખાતર અમારે આ ખૂબ મોટો જંગ ખેલવો પડ્યો. અમે કદાચ ખોટા હશું પણ દીકરી અમે પાપી નથી.

ઘણાં વર્ષે જ્યારે દીકરો જન્મ્યો. ત્યાર પછી પણ એક રાજજ્યોતિષીએ આવીને જ્યારે કહ્યું, કે આનું આયુષ્ય માત્ર છ જ મહિના બાકી છે. ત્યારે બેન ! અમને જે આઘાત લાગેલો, તે તને અત્યારે લાગેલાં આઘાત કરતાં પણ ખૂબ ગહેરો અને ખૂબ વરવો હતો...

અમે આજીજી કરી... કાકલૂદી કરી... અને જોશીએ



ઉપાય સૂચવ્યો, કે જો કોઈ બાર વર્ષની સુલક્ષણા કન્યા આ નવજાત શિશુ સાથે લગ્નબંધન બાંધે, તો એનાં સતીત્વનાં તેજથી આ રાજકુમારનું રક્ષણ થશે, અને એનું આયુષ્ય લંબાશે....

આખાં આર્યાવર્તમાં અમે નજર દોડાવી, પરંતુ એમાં દીકરી! અમારી નજર માત્ર તારી ઉપર જ ઠરી. અને તારી સાથે જ શિશુ રાજકુમારનાં લગ્ન કરવાનું નક્કી થયું....

દીકરી! આ અપરાધ માટે તારે અમને જે ભૂંડા માં ભૂંડી, કઠોરમાં કઠોર સજા આપવી હોય, તે સહન કરવાં અમે તૈયાર છીએ. પણ બેટા ! તું અમારાં દીકરાને સંભાળી લેજે બેટા! એને, અમારાં આંખની કીકીને, તું પાંપણ બનીને રક્ષી લેજે બેટા ! અમારૂં બાળક તારાં હાથમાં છે અને અમારી આબરૂ- અમારૂં કુળ બધુંય - આખું ભવિષ્ય તારા હાથમાં છે. તારી થોડીક ગફલત તારા પિતા, સસરાં અને આખાં સૈન્યનું જડમૂળથી નાશ કરનારી બનશે. માટે ગફલત કરતાં સંભાળજે.

લિ. : તારા સાસુ-સસરા.

# -: સંઘર્ષની અગ્નિપરીક્ષા :-

## ૧

પત્ર પતી ગયો અને બંસાલાની આશાઓ, ઉર્મિઓ પણ જાણે કે પતી ગઈ. શિશુ સ્વામીની ગેલ કરતી આંખો સામું જોતાં એનાં દિલમાં કોણ જાણે શું ની શું ય લાગણી ઊછળી. શું એના મનમાં ક્રોધ આવતો હતો? ઉદાસીનો નાગપાશ ઘેરાતો હતો? આવેશનો અગ્નિ સળગ્યો હતો? પ્રેમની ભરતી ઊછાળાં દેતી હતી? કે પછી....

ના... ના..., આ બધાં જ લૌકિક તુચ્છ સંવેગોને આવરીને, મરડીને, લપેટીને એને એક વિશાળ-વિરાટ સંવેગ વારંવાર અનુભવાતો હતો.... એ હતો કરૂણાનો સંવેગ. એ હતો, સૌ જીવનું કલ્યાણ કરવાનો મૈત્રીનો મહાન સંવેગ. એ હતો કર્મોની લપડાકને તટસ્થતાથી ખમી ખાવાંનો સ્વીકાર ભાવનો સંવેગ. અત્યારે અહીં શોભતી આ નારી જગતની સૌથી મહાન નારી હતી. એની મહાનતા



એનાં સ્વીકારભાવમાં હતી. કર્મોની સામે યુધ્ધ કરીને કપરી પરિસ્થિતિઓને કેવી રીતે હસતાં હસતાં સ્વીકારી લેવી, એ આ નારી જાણે છે, અને જ્યારે કોઈ ઉજ્જડ વિરાનીમાં એ નારી ખીલેલાં ફૂલ સમું સ્મિત વેરી ખડી રહે છે. ત્યારે એ નારાયણી બનીને પૂજાય છે.

નારાયણી બંસાલાએ ખૂબ પ્રેમથી અને ચાવથી પોતાનાં બાલ પતિને ઊઠાવ્યો, કેડે લીધો અને એનાં કપાળે ચૂમી ભરી... નારી ભલે કોઈ પણ સ્વરૂપમાં હોય, એનું અસ્સલ સ્વરૂપ છે, માતૃત્વ. ધરતીમાતાની જેમ એ બધું જ સહન કરે છે. એનો ખોળો ખૂંદનારને એકનાં સો ગુણા કરીને પાછું દે છે. એનાં અમૃતથી એના પેટ ભરે છે. નારી બ્હેન ક્યારેક છે, પત્ની ક્યારેક છે, મિત્ર ક્યારેક છે, કાયમ માટે અસ્સલમાં નારી એ માતા છે. કાળજી લેનારી મા, આવી માતાઓથી આ ધરતીનો ભાર જીરવાયો છે, આવી માતાઓની ઉદાત્ત ભાવનાઓથી આ સંસાર સહ્ય બને છે અને ધર્મ મજબૂત બને છે. જ્યાં માતા ધર્મી છે, ત્યાં સંતાનમાં ધર્મના બીજારોપણ થાય છે. સંતાનમાં સંસ્કાર ઊતરે છે, માતાનાં સત્ વિના ધર્મ પણ નથી, જીવન પણ નથી, સ્નેહ પણ નથી, મીઠાશ પણ નથી. લિજ્જતદાર

રસોઈમાં ચપટી મીઠું ન હોય, ને જે બેસ્વાદપણું લાગે, એમ ભર્યા ભાદર્યા સંસારમાં માતા ન હોય, અને એવી અધૂરાશ લાગે, જેને પૂરવાની તાકાત ફક્ત માતામાં જ હોય એ સિવાય કોઈનામાં નહીં.

બંસાલા પોતાના પતિની માતા બની. એણે એનાં નાનાં સ્વામી સાથે ખૂબ ગેલ કરી, ખૂબ પ્રેમ કર્યો, એને છાતીએ વળગાળતાં લાગ્યું કે મારે મારાં પતિની રક્ષા કરવાની છે. આ દુનિયામાં એવું તો ઘણીવાર બને છે કે, સતીની રક્ષા એનો પતિ કરે પણ આ તો પહેલું વહેલું ને નવી નવાઈનું બન્યું, કે પતિની રક્ષા એક અબલા નારીએ કરવાની છે. અરે ! દુનિયાએ જે કહેવું હોય તે કહેવાં દો. બાકી હકીકતમાં સ્ત્રીનું ભરણ પોષણ ભલે પુરૂષ કરતો હોય. પણ પુરૂષની રક્ષા તો સતીનું સતિત્વ જ કરે છે. - આ વિચાર આવતાં જ બંસાલાએ પ્રેમથી અને કાળજીથી શિશુ સ્વામીને સૂવાડ્યો. બાજુમાં સૂઈને એને પડખે લીધો. એક હાથ એનાં માથા નીચે ટેકાવી, બીજો હાથ ડીલ પર વીંટાળીને આવરી લીધો આંખ બંધ કરી, અને એનાં મનમાંથી ચીસ નીકળી ગઈ. નહીં....નહીં.... ભલે કોઈ પણ આવી જાય, દેવ-દાનવ, જક્ષ-રાક્ષસ... અરે ! ખુદ યમરાજ



જ કેમ ન આવી જાય, હું એની સાથે બાકરી બાંધીને પણ મારાં શિશુ સ્વામીને બચાવી લઈશ. મારી જીંદગીનો એક જ મકસદ, મારાં જીવનનું એક જ લક્ષ્ય, અને એ... મારા શિશુ સ્વામીની સુરક્ષા. અને એણે આંખ ખોલીને એનાં સ્વામી સામું જોયું. એ બાળક આંખ મીંચીને વિશ્વાસથી સૂઈ ગયું હતું. બંસાલાને કોણ જાણે શા ભાવ ઊમટ્યા. તો એણે એ સૂતાં બાળકને કપાળે ને કપોલે બકીઓ ભરી ભરીને ભીંજવી દીધો.

આ જગતમાં પુરૂષ એ શક્તિ છે, ને સ્ત્રી એ ભક્તિ છે. પુરુષની શક્તિ પર જ્યારે મર્યાદાનું બખ્તર ચડે છે, ત્યારે એ પુરૂષોત્તમ બની જાય છે. સ્ત્રીની ભાવનાને જ્યારે સ્વીકારભાવનો ઓપ ચડે છે, ત્યારે એ જગદંબા બની જાય છે. જે સ્વીકારે છે, જે સહન કરે છે, તે મહાન છે. ઉપર, નીચે ને મનુષ્ય લોકનાં સર્વ જીવોનું પ્રભુએ સહન કર્યું, સૌનાં અપરાધો ખમી ખાધાં, સૌને સ્વીકારી લીધાં, તો તેઓ જગત-માતા કહેવાયાં. ધરતી સઘળાનું સહી લે છે, તો તેને ધરતી માતા કહે છે. જીવનમાં સ્વીકારીને, ખમીને ગળી લેતાં ને સહી લેતાં આવડે, તો જાણજો- જીંદગી

જીવ્યાં પ્રમાણ.... બાકી બધું છાલ ને ફોતરાં.

પોતાના બાલક પતિનાં માથા નીચેથી હળવેથી હાથ સેરવી લઈને બંસાલા ઊભી થઈ. એને અત્યારે અજબની આસાયેશ હતી. સ્વીકારેલી પરિસ્થિતિ હવે એનાં માટે દુઃખરૂપ ન હતી. પણ પડકારરૂપ હતી. વિકટ સંયોગોને સ્વીકાર્યા ન હોય, ત્યાં લગી માણસ એનાં રોદણાં રડ્યે રાખે છે સ્વીકાર્યા પછી તો એને એ પડકાર ગણે છે, એ તો ખુમારીને શૌર્યનાં ગાણાં ગાય છે. અમે આને પાર કરીને જ જંપીશું.

શયનખંડમાં લગ્નની પ્રથમ રાત્રિએ ઊંમરનાં પ્રમાણમાં ખૂબ ખૂબ મોટી અને ડાહી બની ગયેલી બંસાલા આંટા મારી રહી છે, વિચાર કરી રહી છે... આ આપત્તિમાંથી બહાર શે નીકળાય. હવે એને મહામંત્રીના વાક્યોનું રહસ્ય જણાય છે એને એક ઘડી થાય છે, કે લાવ રૂપાને મોકલાવીને મહામંત્રીને કહેવડાવું : ''તાત! સર્વનાશમાંથી બચવાનો ઉપાય સૂચવો.'' પણ ત્યાં એને થાય છે, ના પરિસ્થિતિ મારી છે, જીવન મારૂં છે, તો મારે જ લડવું જોઈએ.



સુંદર સજાવેલાં એ ભવનમાં ગોળાકાર ફેલાતાં વિશાળ મેજની ચોતરફ ઉત્તમ રત્નજડિત સિંહાસનો આજે ભરચક ભરાઈ ગયાં હતાં. મુખ્ય સ્થાને ડાબી તરફ રાજા મકરધ્વજ અને જમણી બાજુ રાજા જયસિંહ બેઠાં હતાં. સોનાની થાળીને ચાંદીની વાટકડીઓ મુકાઈ છે. ભોજનની પ્રીતિજમણની રાહ જોવાઈ રહી છે. શુકનનાં કંસારની સોડમ છે...ક પાકશાળામાંથી આવીને અહીં બેઠેલા દરેકના નાકમાં ભરાઈ જાય છે અને બેઠેલાંની ભૂખ ઊઘડી ગઈ છે... હવે કેટલી વાર? દરેક જણ આતુર છે. પણ વર-વધૂ હજી આવ્યાં નથી. એ ન આવે ત્યાં લગી જમણ ચાલુ શી રીતે થાય?

''કેટલી વાર? જરા જઈને જુઓ તો ખરાં કે કેટલી વાર છે! હવે તો દેવી બંસાલા આવી જવાં જોઈતાં હતાં.'' રાજા મકરધ્વજે જાણે કે પિયર પક્ષનાં સર્વ નાતીલાંઓનાં મનમાં ઘૂમરતો પ્રશ્ન પૂછી લીધો અને એની સાથે જ....

''આ રહી પિતાશ્રી!'' રૂપાની ઘંટડી જેવો અવાજ સંભળાયો. બધાની નજર ત્યાં ખેંચાઈ. શ્વેતધવલ વસ્ત્રો...માથે હીરાની દામિની... વિજળી જેવી ચમકદાર આંખો. અન સેંથીમાં પૂરાયેલું લાલ સિંદુર... રાજરાણી શી

ગૌરવભરી ચાલે બંસાલા આવી. માથે પાલવ લઈને સૌ પ્રથમ પિતાને પગે લાગી રાજા એને જોઈ રહ્યાં...ઘડીવાર પહેલાંની દીકરી આજે કોઈની પુત્રવધૂ બની ગઈ... શું બદલાઈ ગયું ? ક્ષણવાર પણ વિચારમાં પડી ગયો બાપ. એની એ જ છે, એવી ને એવી જ લાગે છે.. એનાં વ્હાલસોયા મુખ પર પિતાની નજર પડી અને સેંથી પર જઈને અટકી પડી... આ સિંદુરનો રંગ નવો છે, બાકી દીકરી એની એ જ છે.. પછી જાતે જ જાતને ટપારવી પડી એમણે... રે પાગલ ! જોયું નહીં તે ! તને પહેલાંય પગે લાગતી હતી..આજે ય લાગી પણ તને કોઈ ફરક ન દેખાયો ! આજે એ ઠાવકી બની ગઈ. આજે એ લજ્જાળુ બની ગઈ. આજે એના લગ્ન થઈ ગયાં. આજે ... આજે એ પારકી બની ગઈ. અને કોણ જાણે રાજાને શું થઈ આવ્યું, તે એમણે બંસાલાને ખેંચીને છાતી સરસી ચાંપી લીધી...''દીકરી!'' એમનું ગળું ભરાઈ આવ્યું! ''સુખી રહો બેટા!'' આંખોનાં આંસુ પર પુરૂષત્વનો બંધ બાંધી દીધો પિતાએ.

પછી બંસાલા માને પગે લાગી, ત્યાંથી સીધી સાસુને પગે લાગી. ''અખંડ સૌભાગ્યવતી ભવ. સાસુએ આશિષ પાઠવ્યા, ને બંસાલાને ઉંચકીને ભેટી પડ્યાં.



બંસાલાએ અનુભવ્યું આ સ્નેહ અસ્સલ મારી મા જેવો જ છે. મારાં માથે ફરતાં આ હાથમાંથી અને મારી માતાનાં હાથમાંથી એક જેવી જ સ્નેહધારા ઝરે છે. પણ મારે હવે એનું શું છે ?'' એનાંથી મનો મન હસાઈ ગયું.

જ્યાં સસરાને પગે લાગી ત્યાં એનાં સસરાથી અચાનક જ બોલાઈ ગયું. ''ચિરંજીવી ભવ.'' એણે માથું ઊંચકીને સસરાની આંખમાં જોયું. આ આંખો સીધો પ્રશ્ન કરતી હતી. ''આ તમે મને આશિષ આપ્યા કે તમારા પુત્રને ?'' એની આંખમાં ફરિયાદ હતી. તેજ હતું, તિખારો હતો, એવું કાંઈક હતું કે જે સસરા સહન ન કરી શક્યાં. એમની આંખ ઝૂકી ગઈ. બંસાલા હજીય ત્યાં જ ઉભી હતી ક્ષણો સુધી. જાણે પોતાની ફરિયાદ કરતી હોય, જાણે પોતાનાં પ્રશ્નોનો જવાબ માંગતી હોય એની હાજરી રાજા જયસિંહને... ખૂંખાર દુશ્મનને જીતનારા પરાક્રમી જયસિંહને હરાવનારી હતી, અકળાવનારી હતી. ગૂંગળાવી મૂકતી હતી. ધરતી ફાડીને એમાં સમાઈ જવાનું મન થઈ આવ્યું રાજાને....

''દેવી! રાજાનાં જમાઈ ન આવ્યા ? એને કાંઈ અસુખ છે ?'' આખરે આ પ્રશ્ન બીજી રીતે ન પૂછાઈ જાય

અને ભોજનનાં ભાણે તલવારો ખેંચાઈને લોહીના ખાબોચિયા થાળીને વાટકામાં ન ઊભરી આવે. માટે મહામંત્રીએ સમયવર્તીને સવાલ પૂછી લીધો. આમે'ય હજી સુધી રાજાએ જમાઈ રાજને જોયાં ન હતાં. એમનું મન લાલાયિત તો હતું જ દિકરીના ભરથારનાં દિદાર નિહાળવા. એમને પણ પૂછવું હતું પણ ગરજ તો થોડીક એમને'ય હતી જ.... એમાં કોઈ ત્રીજા માણસે આમ પૂછેલું સાંભળીને એમને સુખ થયું. એ પ્રશંસા નીતરતી આંખે મહામંત્રી સામે જોઈ રહ્યાં. એમની પ્રશંસાને ઝીલીને મહામંત્રીએ બંસાલા પર નજર ઠેરવી. ખૂબ હમદર્દી ભરેલી, ખૂબ સહાનુભૂતિ સભર, એ આંખો જરીકવાર પલકી અને જાણે બંસાલાને હિમ્મત મળી ગઈ, એને લાગ્યું કે મને સમજનારું કોઈ તો અહીં છે જ... "અસુખ !..." બંસાલાને મગજમાં પ્રકાશ થયો....

"અ..હ...હા મંત્રીશ્વર! એમને જરાક અસુખ થયું છે. એમણે મને જમવાની ના પાડી છે."

'પણ એવું તે શેં ચાલે ? આ તો શુકનનું ભોજન છે. એ તો લેવું જ જોઈએને !" મકરધ્વજે જયસિંહ સામે જોયું. એ તો જાણે દેવાળુ કાઢીને બેઠો હોય, એમ આંખ નમાવી



ગયો. આખરે બંસાલાએ જ પરિસ્થિતિ સંભાળવી પડી.

"પિતાશ્રી ! અમણે એવું જ કહ્યું કે તેઓ નથી જમવાનાં, અહીં નથી આવવાનાં એવું ક્યાં કહ્યું છે!" રાજા મકરધ્વજ બંસાલાને જોઈ રહ્યાં. એમનાં મનમાં હળવી ઈર્ષ્યા થઈ આવી "લો ! લગ્ન થયાં એટલે એનો પક્ષ ખેંચવા માંડી દીકરી!"

"એમણે કહ્યું કે..." આગળ બોલતાં તો બંસાલાનાં મોઢે શરમનાં શેરડા પડી ગયાં." મા ને મોકલો, એ માથે હાથ ફેરવશે, તો તબિયત ઠીક થઈ જશે. ત્યાં જ જમી લઈ પછી અહીં આવીશ. ત્યાં સુધીમાં તમે જમી લેજો." બોલતાં બોલતાં તો બંસાલા અડધી અડધી થઈ જતી હતી.

"ઓહ ! " રાજાએ હાશકારો અનુભવ્યો. "જેવી તમારી ખુશી બેટા!" રાજા બાપની મમતાથી બોલ્યાં. બંસાલા પોતાના આસન પર બેઠી. મહારાણી જયસેના ઊભાં થયાં. બંસાલાની બરાબર બાજુમાંથી નીકળ્યા ઘસાઈને. અને એકદમ ધીરેથી એનાં જ કાનમાં સંભળાય એમ બોલ્યાં - "વાહ બેટા ! તું અમારી રાજલક્ષ્મી છો!" અને સડસડાટ નીકળી ગયાં. બહાર ઊભેલી અંગત દાસી રૂપાએ રસ્તો બતાવ્યો. ખંડનો દરવાજો ખોલતાં જ ભૂખ્યાં

થયેલા શિશુની રડારોળથી ખંડ ઊભરાઈ ગયો. તૂર્તજ દરવાજો બંધ કરી દેવામાં આવ્યો. માએ બાળક મુકનસિંહને તેડ્યો. અને છાતીએ વળગાડતા બોલ્યાં. ''રડ નહી દીકરા! તું તો ભાગ્યશાળી છે. તારા બધા જ આંસુઓ પોતાની આંખમાં આંજી દે એવી મહાન સ્ત્રી તને મળી છે. બેટા! રડ નહીં.'' અને બાબલો જાણે સમજ્યો હોય એમ છાનો રહી ગયો.

''ચાલો વેવાઈ! જમવાનું ચાલુ કરો...'' રાજા મકરધ્વજે જયસિંહને ખભે હળવો ધબ્બો માર્યો. એટલામાં તો વિચારમાં ખોવાયેલો જયસિંહ ભડકી ગયો અને ચોંકીને બોલ્યો-''હેં...હા....શું...? હા હા ચાલો...'' રાજા મકરધ્વજને હસવું આવ્યું- પણ વેવાઈનું અપમાન ન થાય, માટે દાબી રાખ્યું. ભયંકર કશ્મકશમાં હતો જયસિંહ. ભલે એ બાપ હતો દીકરાનો. પણ એની હાલત આજે કન્યાનાં બાપ જેવી ગરીબડી લાગતી હતી. અને મુસ્કુરાતો હતો મકરધ્વજ. પણ એને ખબર ન હતી કે જ્વાળામુખીનાં મોં પાસે ઊભો હતો એ બેફિકર થઈને, અને પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક પળ એને વિનાશની નજીકને નજીક ખેંચી રહ્યાં હતાં.



હસી ખુશીથી ભોજનસમારંભ ચાલતો હતો. અને બંસાલાનાં મગજમાં વિચારોનો ધોધ ચાલતો હતો. હજારો કલ્પનાઓ, લાખો ગણત્રીઓ ને સેંકડો શબ્દો એનાં નાનકડાં મગજમાં ગોઠવાઈ ગોઠવાઈને વિખરાઈ જતાં હતાં. ખરેખર! સમયે જેને ખૂબ નાની ઊંમરમાં મોટી થઈ જવાની ફરજ પાડી હોય એવાં લોકોમાંની એક હતી આ.

''પિતાશ્રી!'' બધાનું ભોજન પત્યું. અને બંસાલાએ વાતનો દોર સાંધ્યો. ''મારે તમને...દરેક સ્વજનોની હાજરીમાં તમને...કાંઈ કહેવું છે.'' જયસિંહનું માથું ઝટકા સાથે ઊંચું થઈ ગયું. મંત્રીશ્વરની છાતી ધડકવા લાગી અને મકરધ્વજ જરાક અમંગળની આશંકાથી ડરી ગયાં.

''બોલો ને બેટા!''

''આપણે આર્હત છીએ. અરિહંતને માનનારા... અને અરિહંત પ્રભુ કહે છે, કે દરેક માનવીને એટલું જ અને એવું જ મળે છે, જેટલું અને જેવું એનાં કર્મમાં લખાયું હોય. બરાબરને બાપુ.'' ખૂબ સમજદારીથી બંસાલા બોલતી હતી એણે દ્રઢ નિર્ધાર કર્યો હતો, મારા નસીબમાં હતું એ મને

મળ્યું. મને તો કોઈ અસંતોષ નથી, પણ મારા નિમિત્તે જો આ ક્ષત્રિયો કાંઈ કરી બેસશે, તો આખી જીંદગી મારી જાતને અપરાધી ગણતી રહીશ. મારે એ વિનાશ અટકાવવો છે.

"તમે બોલ્યાં  નહીં બાપુ!" ધસમસતી શિલા જાણે એક તણખલાંનાં જોરે અટકી પડે એમ તણખલાં જેવી આ છોકરી વિનાશી હોનારતને એકલપંડે ખાળવાં ઝઝૂમી રહીહતી.

"હા બેટા!પણ એનું અત્યારે શું છે? "વ્યગ્રતા હતી એ અવાજમાં, છાનો કંપ....

"પિતાજી ! નસીબને જોગે મળેલી પરિસ્થિતિઓ જ્યાં લગી સ્વીકારી નથી શકતાં ત્યાં સુધી તડપ્યાં કરીએ છીએ, બળ્યાં કરીએ છીએ, નસીબને અને જાતને કોસ્યાં કરીએ છીએ. મને જૈન ધર્મનાં તત્વજ્ઞાને શીખવ્યું છે -મળે એને સ્વીકારી લેવાનું...મળે એમાં આનંદ માણવાનું. પિતાજી!મને જે મળ્યું, એને મેં સહર્ષ સ્વીકારી લીધું છે અને હું આપની પાસેથી વચન માંગું છું. કે આપ પણ એને સ્વીકારી લેશો" બંસાલાએ પિતાજીની આંખમાં જોયું. "આજે બાપની પાસે કરિયાવરમાં એક દીકરી બીજું કાંઈ નહીં, માત્ર સ્વીકાર માંગે છે. પરમસ્વીકાર. બાપુ ! તમારી



દીકરીને પરિસ્થિતિનો સ્વીકાર કરિયાવરમાં આપશો ?"

કોણ જાણે કેમ પણ વાતાવરણ ભારે થઈ ગયું હતું. સૌનાં મનમાં કોઈ ઝંઝાવાતનાં ભણકારા વાગતાં હતાં અને દીકરીનાં સુખમાં રાજી રહેવાં મથતાં બાપે વચન આપ્યું. 'આપીશ.' એ બોલ્યાં પણ એની સાથે જાણે હૈયાનો એક ટુકડો એમણે કાઢીને આપી દીધો હોય, એવી સંવેદના આવી એમને....

"હું મારા સ્વામીનાથને લઈને આવું." કહીને બંસાલા નીકળી અને મહારાણી જયસેના આવીને ભોજનકક્ષમાં બેઠાં. પ્રીતિ ભોજન થઈ ચૂક્યું હતું અને પ્રીતિ જાણે પરવારી ગઈ હતી. પ્રેમ અને હળવાશનાં સ્થાને અત્યારે તો નરી દહેશત અને  ભારેખમ બોજ વાતાવરણમાં તોળાતાં હતાં. અને છ મહિનાના શિશુને પોતાની સાથે ઊંચકીને આવી બંસાલા અને સાવ સહજ રીતે બોલી.

"પિતાજી ! આ છે મારા સ્વામિનાથ!"

# ૨

બોલતી વખતે બંસાલાના ચહેરા પર પત્નીત્વ ઓછું અને માતૃત્વ વધારે ઝળકતું હતું. એ ભવ્ય ભાસતી હતી. મકરધ્વજ ઘડીવાર તો શાંત બેસી રહ્યાં. બંસાલાએ માન્યું કે એ માની ગયાં હશે પણ ત્યાં તો અત્યંત ત્વરાથી ઘડી બે ઘડીમાં કોઈને પણ અંદાજ ના આવે એ રીતે કટારી કેડમાંથી ઉછળીને બાજુમાં બેઠેલાં જયસિંહનાં ગળાપર ઝળૂંબી રહી.

''વેવાઈ...!'' ભવનની છતને ફાડીને જાણે કે આરપાર નીકળવાં ઈચ્છતો હતો એ અવાજ...''મારી દીકરીની જીંદગી સાથે આ ખિલવાડ... આ મજાક...તું સમજે છે શું તારી જાતને!''

બન્ને પક્ષોનાં ક્ષત્રિયોએ તલવાર મ્યાનમુક્ત કરી. ભોજનખંડ બે ક્ષણમાં સંગ્રામ ભૂમિમાં બદલાઈ ગયો.

''હું અપરાધી છું તમારો મહારાજ'' જયસિંહના



અવાજમાં એક સ્વસ્થતા હતી, એક અપરાધભાવ; ''સજા કરવી હોય, તે કરજો, પણ એકવાર મારી વાત સાંભળી લેવાની રજા આપો...''

''શાની વાત? મારૂં અપમાન... મારી મજાક કરીને મને કહે છે કે મારે કાંઈ કહેવું છે? માત્ર ત્રણ ક્ષણ આપું છું.યાદ કરી લે તારાં ઈષ્ટદેવને પછી આ ધાર તારી આરપાર ઊતરી જશે.''

''એવું કરવાની ભૂલ ન કરતાં.'' મકરધ્વજે પકડેલી તલવારની ધાર જેવો જ તીણો ને તેજ તર્રાર અવાજ સંભળાયો.

''તું ચૂપ રહે. તું હજી નાની છે, તને શું ખબર પડે દુનિયાદારીની?''

''મને કાંઈ ખબર પડે કે ન પડે એથી શું? બાપુ! આજે મને જે ખબર પડે છે, એ તમે સમજી શકતાં નથી અને તમે જે સમજો છો, એ કદાચ હું નથી સમજી શકવાની. હું તમને કાંઈ કહેતી નથી કે પૂછતી નથી. મારો નિર્ણય જણાવું છું.'' બંસાલા બોલી. એની આંખ મીંચાઈ ગઈ. એણે છાતીમાં શ્વાસ ભર્યો અને અક્રુર સૂરમાં બોલી- ''મને મારાં સત્‌માં વિશ્વાસ છે. જ્યાં સુધી મારું સતિત્વ જીવતું છે,ત્યાં

લગી મારાં સ્વામીને યમરાજ પણ છીનવી શકે એમ નથી. હું મારાં સ્વામીને લઈને જાઉં છું. નહીં મારા પિયરમાં, નહીં મારા સાસરામાં, પણ મારૂં નસીબ મને જ્યાં ખેંચી જશે ત્યાં. મારૂં મકસદ એક જ છે મારા પતિની સુરક્ષા.'' અને એણે આંખ ખોલીને એનાં પિતા સામું જોયું. ''મને અહીં કોઈનો ભરોસો નથી અહીં કોઈ છલ રમી જાય છે અને કોઈ વેર બાંધી નાંખે છે.'' કહીને પહેરેલ કપડે બંસાલા પી ફરીને ચાલવાં લાગી.

મકરધ્વજનાં હાથમાંથી તલવાર છટકી ગઈ ખણિંગ્ કરતો અવાજ આવ્યો. ''બંસાલા...!!રોકાઈ જ બેટા! માફ કરી દે તારાં બાપને.''

''દીકરા !!તમે કહેશો એ સજા સ્વીકારવાં તૈયા છું પણ આમ છોડીને ન જાવ અમને. ઘણા વર્ષે અમે સંતા સુખ મેળવ્યું છે''... જયસિંહનો અવાજ આવ્યો અ બંસાલા અટકી. ''મારા સતિત્વ પર ભરોસો રા પિતાશ્રી! મને કે મારાં સ્વામીને કાંઈ નહીં થાય, પણ હું નગરીમાં રહીશ, તો તમે, તમારાં નગરજનો આ વાત નહીં સ્વીકારી શકે. એઓ તમારૂં અપમાન કરશે, નિં કરશે તમારી... પણ જો હું અહીંથી નીકળી જ જઈશ,



તમારી સામે કોઈ ધૂળ નહીં ઊડાડે. જોશે જ નહીં, તો બોલશે નહીં. મને પણ અહીં સતત અસલામત અને અસ્વીકૃત વાતાવરણમાં ગૂંગળાઈને જીવવું નહીં ગમે. તમારી દયા ભરેલી નજરો મને નહીં ગમે. હું દયા પાત્ર નથી જ...ખુમારીભેર મેં મારા કર્મનો સ્વીકાર કર્યો છે. અને એજ મારે તમને કરી દેખાડવું છે. તમારી જીંદગી તમને મુબારક...મને જંગલ બોલાવે છે.'' કહીને બંસાલા નીકળી એની મા અને સાસુનાં આંસુ' ય એને પીગળાવી ન શક્યાં. એ ચાલી ગઈ.

એકલી અટૂલી બંસાલા પોતાના શિશુ પતિને ઉંચકીને રાજપથ પરથી પસાર થઈ રહી છે. એ એકલી છે, પણ એનાં હૈયામાં બળ છે. એની સાથે કોઈ નથી, પણ એનાં પગમાં જોર છે. એનું ભાવિ અનિશ્ચિત છે, પણ એનાં મનમાં અપાર ધીરજ ધરબાયેલી છે કેમ? આનું કારણ? કદાચ... મનમાં એણે ધર્મને એનો ભેરૂ બનાવ્યો છે અને એનો આ પ્રતાપ છે. ધર્મ કહે છેઃ મારી આંગળી પકડી લે, પછી એકલો હોઈશ, તોય મેળામાં હોઈશ અને અનાથ બનીશ, તોય માથે ધીંગો ધણી બેઠો હોય, એવું

અનુભવાયાં કરશે, દિલની વાતો છે આ બધી. લાગણીની લિપિ છે આ... આ બધુ શબ્દમાં ન ઊતારાય, કે ન ઉતારી શકાય, સીધી  દિલમાંથી ઊગે ને સીધી દિલમાં ઊતરે. અનુભવી છે ક્યારેય આવી શ્રધ્ધાની ક્ષણો ?

"મંત્રીશ્વર !" ઘોર સંગ્રામને હારી બેઠેલાં હતાશ થઈ ગયેલા એ અવાજમાં મહારાજ મકરધ્વજ બોલતાં હતાં. હજી કોઈને કળ નહોતી વળી. જે રીતે મકરધ્વજે તલવાર ઓચિંતાની જયસિંહનાં ગળે ધરી દીધી, જે રીતે બંસાલા ચાલી નીકળી....ત્યારથી આ આખી સભા ચિત્રવત્ વિમૂઢ બની રહી હતી, સ્તબ્ધ હતી. આઘાતની કળ નહોતી વળી ત્યાં મકરધ્વજના આ શબ્દોએ સૌને હચમચાવ્યાં.....

"એને લઈ આવો મંત્રીશ્વર!" રાજાના સૂરમાં આજીજી હતી."ભલે એ મારી દીકરી  છે, પણ તમે... તમે તો એનાં સગા પિતાથી પણ સવાયા છો મારાં કરતાં મારી દીકરી તમારૂં વધું માનશે.કાંઈક કરો... એ ફૂલ સમી દીકરી જંગલના કષ્ટો શે વેઠી શકશે ? એ નાજુક વ્હાલી લાડલી ઊઘાડાં પગે જંગલની કેડી પરથી ચાલશે, ત્યારે કાંટાંથી વીંધાયેલાં એનાં પગમાં લોહીની મહેંદી મૂકાયેલી કોણ જોઈ શકશે ? પાણી માંગે ને દૂધ હાજર થાય એવાં લાડમાં



જીવેલી આ કોમલાંગી જંગલી ફળો અને ઝરણાનાં પાણીથી પોતાનું જીવન શેં ગુજારશે ? મારી દીકરીને લઈ આવો મહામંત્રી ! એનાં પગે પડીશ." રાજાનો સૂર હવે ગળગળો થવાં લાગ્યો. "એની માફી માંગીશ, જે સજા કરશે, એ વેઠી લઈશ, પણ....એનું કષ્ટ નહીં જોઈ શકું...."

ભારેખમ બે ક્ષણો મૌનમાં વીતી. પછી મંત્રીશ્વરનો ધીર વ્યવહારૂ અવાજ સંભળાયો "વહેતો પવન, ક્ષત્રિયની પ્રતિજ્ઞા, સજ્જનોનું વેણ, બોલાયેલું વચન અને છોડેલું બાણ...રાજન ! પાછું નથી વાળી શકાતું... મને ખબર છે, કે પાછાં નહીં વાળી શકું દેવીને...પણ પ્રયત્ન જરૂર કરીશ. તમારાં વતી બધું પ્રાયશ્ચિત્ત હું કરી લઈશ, પ્રયત્ન કરીશ, પણ મને ખાત્રી છે, કે દેવી પાછાં નહીં જ આવે રાજન્ !" હાથ જોડીને મહામંત્રી વિદાય થઈ ગયાં....

અને "નહીં ઈ ઈં ઈં" કરતાં મહારાણી મૂર્ચ્છિત થઈને નીચે ઢળી પડ્યાં. કરૂણ બનેલા દ્રશ્યમાં અધિક કરૂણતા ઊમેરાઈ.....

# ૩

સર્વંસહા ધરતીને મૂંઝવણમાં મૂકી દે, સામર્થ્યશાલી મેરૂને પણ શરમમાં નાંખી દે, એવી સમર્થ અને સહનશીલ એ છોકરી જનપથ પરથી પસાર થઈ રહી હતી. અંગૂઠાં જેવી એની કાયમાં ન સમાતા સત્ત્વ અને ખમીરીનાં તેજ કાયાની બહાર ઊછળી ઊછળીને ચોમેર ફેલાતાં હતાં. એની ગતિમાં બળ છે, મતિમાં સાહસ છે, હૈયામાં હામ છે, મનમાં શ્રદ્ધા છે, વિચારોમાં નિર્મળતા છે, સ્વભાવમાં નિર્દોષતા છે, કોઈ ફરિયાદ નથી કે કોઈ વિવાદ નથી. અસ્ખલિત ગતિએ પૂર્ણ ઉપશમભાવને ધારણ કરીને ચાલ્યાં જતાં કોઈ મુનિજનની ચાલમાં જે અનૌત્સુક્ય પૂર્ણ ભવ્યતા અને અનુત્સેક પૂર્ણ ગરવાઈ દેખાય, એ એની હરિણી શી ચાલમાં પડઘાય છે. એણે ખૂબ સલુકાઈથી બાળ સ્વામી મુકનસિંહને છાતીએ વળગાડીને સૂવાડ્યો છે. એને કોઈ ચિંતા નથી એ વિચારે છે: '' હું ધર્મનાં ભરોસે નીકળી



છું, ધર્મ જ મારો - અમારો સથવારો ને નાથ બનશે...''

**ખરેખર! શ્રદ્ધાનાં કાચાં તાંતણે મુસીબતોનો આખો હિમાલય ઓળંગી શકે છે. માટે જ માણસ મહાન છે....**

જ્યારે સૂરજ મધ્યાકાશને ઓળંગી આગળ વધતો હતો, જ્યારે ગોધણ ગામમાં પાછું ફરતું હતું, જ્યારે પંખીડાને માળામાં પાછાં ફરેલાં જોઈને પક્ષીબાળ આનંદના કિલકારથી ઝાડને ભરી મૂકતાં હતાં, જ્યારે ચોપાસ નગરજનો દરવાજા બંધ કરી બારીઓમાંથી ડોકા બહાર કાઢી કાઢીને કાંઈ કુતૂહલથી, કાંઈ નિંદાથી, કાંઈ જુગુપ્સાથી, કાંઈ હમદર્દીથી તો કાંઈ અચરિજવિમૂઢ બનીને એ સતીને જતી જોઈ રહ્યાં હતાં, અને જ્યારે આ બધાંથી બેખબર ધીર ગંભીર ચાલે સતી બંસાલા નિરંતર ગતિ કરી રહી હતી. એ જ વખતે, જમણા હાથની ગલીયારીમાંથી એક રથ ઘંટીજાલની રણકાર છેડતો આવ્યો, અને સતીનાં માર્ગને રોકીને ઊભો રહી ગયો. હજી બંસાલા કાંઈ વિચારે, કાંઈ બોલે, એની પહેલાં તો રથનો સારથિ નીચે ઊતર્યો, ને એની સામું હાથ જોડી વિનયાવનત ઊભો રહી ગયો. એનાં મસ્તકનો મુગટ ધરતીને અજવાળી રહ્યો.

''તાતશ્રી!'' બંસાલા નજીક ગઈ. એક હાથે

બાળકને ઝીલી નીચી નમીને બીજે હાથે ચરણ સ્પર્શ કરવાં ગઈ, વચ્ચેથી જ બે હાથે મહામંત્રીએ એને ઝીલી લીધી.

"નહીં બેટા!" એની અચરિજ ભરી મોટી આંખમાં આંખ નાંખી મહામંત્રી બોલ્યાં- " ગઈ કાલ સુધી તું નાની હતી, ને હું મોટો હતો,, પણ આજે બેટા! હું લઘુ બની ગયો, ને તું મહાન બની ગઈ છે." એમની આંખમાં પાણી ભરાયાં." મારા ચરણ સ્પર્શ કરીને મને હીન ન બનાવ દીકરા!" પછી એમણે બે હાથ જોડ્યાં : " મારે તો તને એક વિનંતી કરવાની છે." એમણે રથ તરફ હાથ લંબાવ્યો- " આ રથ પર ચડીને દીકરા! મને તારૂં સારથિપણું કરવાનો હક લેવા દે..."

બંસાલા કાંઈ બોલવાં જતી હતી વચ્ચે જ મહામંત્રીએ એને અટકાવી - "હું નથી કહેતો દીકરા!તું પાછી આવ...ને એવું કહેવાનોય નથી દીકરા ! હું તને તેડવા નથી આવ્યો, પણ છોડવાં આવ્યો છું, છોડવું ઘણું અઘરૂં હોય છે હોં બેટા! આ ધરતી, આ રાજ મહેલ... તારા મા-બાપ અને આ તારાં તાતનો સ્નેહ જો તું એક ક્ષણમાં છોડી શકી, તો અમે... અમે શું તને નહીં છોડી શકીએ ?" દડ દડ દડ દડ આંસું મહામંત્રીની આંખમાંથી ઝરવાં મંડ્યાં.



બંસાલા પણ રડું રડું થઈ ગઈ. પણ આ નારી પહેલેથી જ નોખી માટીની હતી. એ પાછી મક્કમ અને મજબૂત બની ગઈ. એણે આગળ આવીને એક હાથ લંબાવી તાતશ્રીની આંખમાં આંસુ લૂછ્યાં:"આમ રડો નહીં તાતશ્રી ! તમારી દીકરી છું. તમે મને સંસ્કાર દીધાં છે, ધર્મ આપ્યો છે, જીવનના મૂલ્યો શીખવ્યાં છે, તમારા ઘડતર પર વિશ્વાસ રાખો. દીકરીની વિદાય વખતે બધાં જ રડે, પણ બાપે તો હિમ્મત રાખવી જ પડે ને ?" બંસાલા બોલી ને મહામંત્રી છાના રહેવાને બદલે એને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડવાં માંડ્યાં. મોટો ભડવીર રોતો હતો, ને નાનકડી દીકરી એને આશ્વાસન આપતી હતી!

રથની ગતિ જોર કરતી હતી અને એથીય વધુ મહામંત્રીનાં મનની ગતિ. ચરાચર જગતમાં સ્થિર નિષ્કંપ બંસાલા એ જ અડગતાથી અને એ જ સ્વસ્થતાથી પોતાની ધૂરા ઉપર ઊભી હતી.

"દેવી ! ક્યાં જવા ધાર્યું છે ?" ભારેખમ મૌનનો ભંગ કતાં મહામંત્રી બોલ્યાં.

"જંગલમાં..." ટૂંકોને ટચ, અને નિશ્ચિત ને મક્કમ અવાજ.

" જંગલમાં બેટા! વાઘ, વરૂને ચિત્તા હોય... ન રાજમહેલ, ન દાસ દાસી વર્ગ... ન ખાવાનું ધાન, ન ફરવાના સ્થાન, આવા જંગલમાં જવાની કેમ ઈચ્છા છે?"

"દુ:ખને સ્વીકારવાની ઘેલછા તાતાશ્રી!" મહામંત્રી થી પાછળ જોવાઈ ગયું. બંસાલાનાં ચહેરા પર કોઈ ડંખ ન હતો. એક સહજ નિર્દોષતા છલકાતી હતી. મહામંત્રીને આવા પ્રગલ્ભ જવાબની આશા ન હતી.

"સમજ્યો નહીં...દુ:ખ તો અહીં રહીને તમારી ઉપર જે વીત્યું છે, એ ઓછું છે?"

"ભણાવતી વખતે પંડિતજીએ એવું શીખવેલું, કે ક્યારેક માણસનાં કર્મો એવા જાગે છે કે ત્યારે જીવનમાં દુ:ખ અને દુ:ખ જ પડ્યાં કરે છે. ત્યારે એ દુ:ખ જેટલું આવે, એનાં કરતાંય અધિક દુ:ખ સ્વીકારી લેવું. એ કર્મોની સામે પડકાર છે. તાતા શ્રી! મારાં જીવનમાંથી પતિનું સુખ-સંસાર સુખ-તો આ કર્મે છીનવી લીધું. એનો કોઈ એતરાજ નથી. પણ મારે એથીય વધારે સુખ છોડીને - હજીય વધારે દુ:ખ અપનાવીને-કર્મોને કહી દેવું છે. રે કર્મરાજ! તું મને શું દુ:ખી કરવાંનો? લે, દુ:ખ તો મારો ભાઈબંધ છે. સમસ્યા મારી સાહેલી છે. મને તો એની સાથે ય મજા આવે છે. જાણું છું, જંગલમાં ડગલે ને પગલે દુ:ખ છે, સમસ્યા છે, પીડા છે, કષ્ટ



છે. પણ... મારે સહન કરવું છે બધું. કોઈ પ્રત્યેના દ્વેષથી કે કોઈ પ્રત્યે વૈરથી મેં આ બધું નથી કર્યુ તાતશ્રી! મને સંસાર પર કોઈ રાગ જ નથી રહ્યો હવે..."ચી ઈ ઈં ઈં"...મહામંત્રીથી લગામ ખેચાઈ ગઈ. ને ઘોડા સીસ પાડીને ઊભા રહી ગયાં. આંચકો લાગ્યો, પણ બંસાલાને નહીં, મહામંત્રીને....બંસાલા પોતાની ધૂનમાં જ હતી.

"તમે જ એક મારી વાત સમજી શકશો, તમે સમજી જજો....." પછી એ રથની નીચે ઊતરતાં બોલી: "એ નગરીનો, એ માતા-પિતાનો, આ સ્વજનોનો મેં સ્વેચ્છાએ ત્યાગ કર્યો છે. કોઈને પ્રેમ થાય, ને છોડે, તો કોઈને વૈરાગ્ય થાય, ને છોડે. તાતશ્રી! મને-તમારી પુત્રીને - આશીષનું ભાથું બાંધી આપો કે મેં જે છોડ્યું છે, એને પકડવાનું કદીય મન ન જ થાય. ને વિઘ્નોનાં વમળોમાં મૂંઝાયા વિના સત્‌નો પાલવ પકડી રાખી આ જીવનની અગ્નિપરીક્ષામાંથી ચકચકિત સુવર્ણની જેમ અધિક તેજભરી ઓજસભરી સત્ત્વમયી થઈને હું -તમારી પુત્રી- બહાર નીકળું."એ મહામંત્રીના ચરણોમાં પડી.

મહામંત્રી આશ્ચર્યવિમૂઢ હતાં. એમણે માત્ર એનાં માથે હાથ જ મૂક્યો, યંત્રચાલિત પૂતળાંની જેમ. બંસાલા ઊભી થઈ, અને ચાલી નીકળી, રોકાયાં વિનાં, અટક્યાં

વિના... એનાં સંમોહન તળે મહામંત્રી પણ ક્યાંક લગી ચાલ્યાં એની પાછળ... એને પોતાની છાયામાંથી બહાર નીકળવા દેવાં ન માંગતાં હોય, અથવા એની પવિત્ર ઓરામાંથી બહાર નીકળવાં ન માંગતા હોય, એમ... પછી અટકી પડ્યાં... જંગલની કેડીએ રસ્તો વળતાં ઝાડની આડશમા એ ઓઝલ થઈ, ત્યાં લગી મહામંત્રી એને જતી જોઈ રહ્યાં. પછી દેખાતી બંધ થઈ. એટલે હતાશ પગલે હળવે હળવે આવી રથની ધૂંસરી પર ખભો ટેકવી ઊભાં રહી ગયાં. આખા સામ્રાજ્યનો ભાર વહન કરનારાં વૃષભ સ્કંધો આજે આધારને ઝંખતાં હતાં. એમને લાગ્યું: ''દિલનો એક ટુકડો ચોરાઈ ગયો'', ને એમનાંથી છાતીએ હાથ મુકાઈ ગયો.

હાંફતાં હાંફતાં અશ્વોવાળો રથ જ્યારે રાજભવનમાં પહોંચ્યો, ત્યારે પ્રતીક્ષાતુર બન્ને રાજાઓ, રાણીઓ અને સભાસદો બહાર દોડી આવ્યા. નંખાઈ ગયેલા ચહેરાવાળાં મહામંત્રીને હચમચાવીને રાજાએ પૂછ્યું- ''રાજકુમારી આવ્યા ? ક્યાં છે રાજકુમારી ?'' અને મહાપ્રયત્ને એમની આંખમાં આંખ મિલાવી ગળતા સૂરે પણ મક્કમ અવાજે મહામંત્રી બોલ્યાં: ''દીકરીએ



મહાભિનિષ્ક્રમણ આદર્યું છે. એ નારી મટીને નદી બની ગઈ છે. અને શ્રદ્ધા, સાહસ, સત્ત્વનાં ધસમસતાં મોજાંઓથી મુસીબતોનાં ડુંગરા વીંધવા વગડામાં આગળ વધી ગઈ છે એને પાછી વાળવી, કે પાછી લાવવી હવે અશક્ય છે.''... અને હાથ જોડીને વિનંતી કરતાં બોલ્યાં: '' આ નાનકડી દીકરીનો વિરાટ ત્યાગ મને હચમચાવે છે. મને અનુજ્ઞા આપો, મારે સંસાર ત્યાગ કરીને દીક્ષા લેવી છે...''

જયસિંહ, ત્યાંથી ને ત્યાંથી જ પોતાના નગર તરફ જવાંને પાછા ફર્યાં. જતી વેળા મકરધ્વજનાં પગે પડીને એ એટલું જ બોલ્યાં: ''બની શકે તો મને માફ કરજો.'' અને મકરધ્વજે એનો હાથ પોતાનાં હાથમાં ઝીલી લીધોને થપથપાવ્યો. બસ, આથી વધારે એ કાંઈ ન કરી શક્યાં. બન્ને મહારાણીઓ ભેટ્યા, ખૂબ રડ્યાં, ને પછી વિદાય થયાં.

આખરે, સંસારીઓ સુવાળાં સંસાર પથમાં સ્થિર બનીને રહ્યાં, ને ત્યાગીઓ અગોચર અંજાન કષ્ટમય ત્યાગ માર્ગે આગળ વધતાં રહ્યાં.

કાં ત્યાગ અને કાં ભોગ... સંસાર જીવનની આ બે જ તો પસંદગી છે... બે જ વિકલ્પો છે... આ સિવાય ત્રીજી કોઈ ગતિ છે આ સંસારમાં ?.....

# ૪

ઘેરા જંગલની પતલી પગદંડીઓ પર નમણાં પદચાપ પડી રહ્યાં છે. વનશ્રી.. એ ઝાડ અને લીલી આડેધડ ખીલી ઊઠેલી હરિયાળી, એ ઘાસ ને પાંદડાં, ડાળખાં ને ફૂલો એકબીજાંની સામું જોઈને અચરિજથી પ્રશ્ન કરે છે: કોણ છે આ માસૂમ અભિજાત્ય યૌવન ભરેલી બાળા, જે આમ સાવ એકલી, સાવ નોંધારી, ગળે નાનકડાં બાળને તેડીને જઈ રહી છે. એક તો અબળા, એમાં સાવ અજાણી, વળી સાવ અસુરક્ષિત, વળી સાથે નાનકડાં બાળકની જવાબદારીનો ભાર.. આ ભૂલી તો નથી પડીને અહીં? ઝાડ બધાં પવનથી હલી હલીને એકબીજાને માથામાં માથું નાંખી કાનાફૂસી કરી રહ્યાં છે અને ખીલેલાં ફૂલો મુગ્ધ બનીને મૂઢ બનીને આશ્ચર્યથી આંખો પહોળી કરીને અનિમેષ જોઈ રહ્યાં છે અને વચ્ચે વચ્ચે અરરર! કરતાં માથું હલાવી રહ્યાં છે. ડાળખાં એકબીજા સાથે અથડાઈને ડચ ડચ કરતાં અરેરાટી બકી રહ્યાં છે. બિચારી..... અબળા...અંજાન....



પણ એ બધાં'યને ક્યાં ખ્યાલ છે, કે આ તો નારી શક્તિ છે. આ બિચારી નથી, અબળા પણ નથી અને અંજાન પણ નથી. આ તો સત્ ને ખાતર જીવનારી અને સત્ ને ખાતર ફના થઈ જનારી આદ્ય શક્તિ છે. આ નાનકડાં પંડમાં બ્રહ્માંડનો કોઈ ગેબી ખજાનો એવો ભર્યો પડ્યો છે, કે જે આ સ્ત્રીને પૂજ્યા અને મહાન બનાવે છે. જે એને અપરાજિતા બનાવે છે. જે આખી દુનિયાને, અરે! ખુદ અવતાર ધારી પરમાત્માને પણ એનાં ચરણોમાં ઝૂકાવે છે. આ તીક્ષ્ણ સ્પાર્ક છે, આ એ તણખો ને આગ છે, જે જો સ્હેજ સરખો અડી જાય. તો નમાલાને' ય મહામાનવ બનાવી અમર કરી મૂકે... અને સ્હેજ જો ચૂકી જાય, તો વડવાનલ બનીને દરિયામાં' ય આગ લગાડી મૂકે, વિનાશ ને તબાહી નોંતરી નાંખે...

આ નમણી બાળાનાં સબળાં દિલમાં આગ ભરી છે આજે.... મજબૂત આગ...સંકલ્પની આગ. જેણે એને સ્થિર બનાવી છે, જેણે એને દુઃખોમાંથી અનભિભૂત બનાવી છે, જેણે એને નબળી પરિસ્થિતિઓમાં ટક્કર લેતી અણનમ બનાવી છે, જેણે એને એવી બનાવી છે, કે આજે ભલભલાં મોટાં દેવતાઓએ પણ એનાં ચરણોમાં ઝૂકવું પડે.

છાતીએ વળગેલું બાળક છ મહિનાનો મુકનસિંહ છે અને બંસાલાનાં દિલમાં થોડો'ક ભય છે, થોડી

અસમંજસતા છે. એકાંત જંગલમાં સાધન સામગ્રીના અભાવે ક્યાં રહીશું ? શું ખાઈશું ? ક્યારેક ક્યારેક એ વિચલિત થઈ ઉઠે છે. ક્યારેક એને થાય છે, કે મેં જે કર્યું એ બરાબર તો છે ને ? પણ .... એક વાત છે, કે એ વિચલિત બની ઉઠે છે પણ ભાંગી નથી પડતી. દરિયામાં ઊતરેલું હોડકું હાલે ડોલે તો વાંધો નહીં તૂટવું ન જોઈએ. સતી બંસાલાનું ધર્મ શ્રદ્ધાનું પોત મૂળે જ મજબૂત છે. એની શ્રદ્ધા જ એની મદદે આવે છે. એનાં ધર્મ સંસ્કારો જ એની સહાયમાં ઉતરે છે. અને હાલક ડોલક થતી મનની નાવડીનું સુકાન મજબૂત સંકલ્પ અને અણનમ શ્રદ્ધાનાં બે હલેસા સંભાળી લે છે: ''ધર્મનાં ભરોસે નીકળી છું, પછી ચિંતા શાની ને ડર કેવો ?'' બસ આ વિચારે જ હોડી ટકી જાય છે, ચિંતા અટકી જાય છે અને ચિત્ત સ્થિર બને છે.

''ઉંઆ... ઉંઆ...ઉંઆ.... '' સૂના સૂનકાર ભેંકાર જંગલમાં દૂર દૂર સુધી બાળકનાં રડવાંનો તીણો સૂર સંભળાય છે, અને ચિરકાલીન જામી પડેલી શાંતિનો પડદો ચીરાય છે. જંગલનાં ઝાડ પાન આ અવાજને પહેલીવાર જ સાંભળે છે. આ વનરાજી નવજાત માનવબાળનાં રૂદન અવાજોથી અપરિચિત છે. એને માટે આ બધું અવનવું છે.

નાનકડો મુકનસિંહ ભૂખ્યો થયો છે, શિશુ પાસે



પોતાનું દુઃખ વ્યક્ત કરવાં માટે રૂદન સિવાય બીજું કોઈ જ સાધન જ નથી. અત્યાર સુધી હું રડતો હતો અને મારું દુઃખ શમી જતું હતું, એ એને ખબર છે, માટે એનું રૂદન શરૂ થયું છે. પણ એ નાના બચ્ચાને ક્યાંથી ખ્યાલ આવે, કે ગઈકાલ સુધી, અરે ! આજ બપોર સુધી, પરિસ્થિતિ આખી અલગ હતી અને અત્યારે સંયોગો સાવ જ બદલાઈ ગયાં છે. ત્યાં મુલાયમ ગાદી હતી, અહીં પાંદડાની પથારી છે. ત્યાં સેવામાં નોકરો હતાં, અહીં કોઈ જ દાસ દાસી નથી. અને ત્યાં ધવરાવવાં માટે મા હતી, અહીં પત્ની છે. રે બાળક ! એ અતીત હતો, આ વર્તમાન છે...માટે ધીરજ ધર....

પણ આ બધી પરિસ્થિતિઓને એ સમજવાં જ ક્યાં તૈયાર છે ? એ તો રડ્યાં જ કરે છે. અનવરત... ધીરે ધીરે રુદનની તીક્ષ્ણતા વધતી જાય છે. ''સ્વામી ! શાંત થાવ, સ્વામી! રડશો નહીં.'' બંસાલા નાથને ઊંચકીને ગળે, છાતીએ લગાડે છે. ખોળે સુવાડીને થાબડે છે. ઊંચકીને એનું માથું ખભે વળગાડી ફેરવે છે.. પણ ભૂખ જેવું દુઃખ દુનિયામાં કોઈ નથી.... એને શાંત કરવાનો એક જ ઉપાય છે, પેટમાં કાંઈ પડવું જોઈએ... અને એના અભાવમાં બાળક ક્યાં લગી શાંત રહે ? કેવી રીતે છાનો રહે ?

એનાં એ રુદનથી બંસાલાનું હૈયું કકળી ઊઠ્યું. '' હે ભગવાન ! શું કરૂં હું ? હે વિધાતા! હે વનદેવતા ! હે

શાસનદેવતા ! કોઈ મને સહાય કરો, કોઈ મારા સ્વામીની રક્ષા કરો. કોઈ આ સતીની પ્રાર્થના સાંભળો, કોઈ મને કૃપા કરીને બચાવી લ્યો..''. અંતે....આખરે.. નિઃસહાયનું શરણ માત્ર ધર્મ જ છે એમ વિચારી એ પલાઠી વાળી બાળકને ખોળામાં સુવાડી મન સ્થિર કરી નમસ્કાર મહામંત્રનો જાપ કરવા લાગી. બસ, ધીરે ધીરે બાળકનું રુદન, અને સતીની જાપની તીવ્રતા વધતી ચાલી, બંસાલા લીન થઈ ગઈ..મનોપ્રદેશમાં ધ્વનિઓ ગૂંજવાં લાગ્યાં. ''નમો અરિહંતાણં... નમો સિદ્ધાણં...'' ધ્યાનમાં મન ખોવાતું ચાલ્યું. અહંકાર વિસ્મરણ થઈ ગયું અને માનસિક જે આંદોલનો, જે તીવ્રતમ મનોતરંગો ચારે દિશાએ ફેલાયાં, અને આકાશ સુધી અથડાયા, એ તરંગો એ આકાશ વિહાર કરતાં એક દેવીનાં વિમાનને થંભાવ્યું.

''આ ઘોર જંગલમાં અફાટ એકલતામાં અહીં કોણ નવકારમંત્રનું સ્મરણ કરનાર સાધર્મિક છે ?'' અને દેવી નીચે આવ્યાં. જુએ છે, તો બંસાલા ધ્યાનમાં મગ્ન છે. રડતો કકળતો બાળક ભૂખનો માર્યો હાથ પગ ઊછાળી , કંટાળી, થાકીને, જંપી ગયો છે. એનાં ચહેરા પર વિષાદ છે, પણ આ સતીના ચહેરા પર...એક અદ્ભુત આત્મવિશ્વાસ છે. અનેરૂં આભામંડળ રચાયું છે ત્યાં. જોતા ધરવ થાય એમ નથી, એટલે દેવી જ આ બાલ્યવયનાં મહાન સાધક



આત્માને મન ભરીને જોઈ રહ્યાં છે.

''સાધર્મિકે !'' દેવીનો ઘનઘેરો મીઠો રણકાર સાંભળીને બંસાલાની આંખ ખૂલે છે. સામે ઊભેલા અલૌકિક અમાનવીય તેજથી ઊભરાતાં વ્યક્તિ દેવી છે એ સમજતાં એને વાર નથી લાગતી. ચકિત થઈને એ બાળકને કાળજીથી બાજુમાં સુવાડી ઊભી થાય છે. ભક્તિ નમ્ર બનીને પ્રણામ કરે છે. વરદ મુદ્રામાં દેવીનો હાથ ઊંચો થાય છે. ''અહીં અફાટ જંગલમાં કેમ સાવ એકલા છો ?'' દેવી પ્રશ્ન કરે છે. જેનાં જવાબમાં મીઠું હાસ્ય રેલાવીને બંસાલા કહે છે:

''આપ તો મારી માતા સમાન છો. આપની સામે તો મનમાં જે આવે, એ બધું જ કહી શકુ... આપે કહ્યું કે હું એકલી છું. પણ ક્યાં એકલી છું ? મારા સ્વામી મારી સાથે છે, મારો ધર્મ મારી સાથે છે. મારી શ્રદ્ધા મારી સાથે છે, મારૂં સત્ મારી સાથે છે... ખરાં સાથી તો આ બધાં જ ને ! બીજાં બધાં તો ખાલી નામનાં...''

નાની અમથી બાળાનાં મોઢે આવો સુંદર પ્રૌઢ ઉત્તર સાંભળી દેવી પ્રસન્ન બને છે. હજી જાણે એની પરીક્ષા કરવી હોય, એમ એની કથની પૂછે છે અને બંસાલા કોઈ ફરિયાદ વિના, કોઈ આક્ષેપ-અસંતોષ વિના અથેતિ પોતાની

જીવનદાસ્તાન સુણાવે છે, જાણે કોઈ બીજી વ્યક્તિની વાત કરતી હોય એમ... આ એની મહત્તા અને નિર્દોષતાથી દેવી અભિભૂત થઈ ગયાં છે.... અને કહ્યું છે ને કે જ્યારે ભક્તો પર ભીડ પડે, ત્યારે દેવો સહાયમાં ઊતરે છે...

દેવીએ હવામાં હાથ હલાવ્યો, અને એક હરણી... જંગલમાંથી ભાગતી ભાગતી આવી... અને આગળ આવીને ઊભી રહી...''આ સદ્યઃપ્રસૂતા હરણી છે'' દેવી બોલ્યા : ''જ્યારે જ્યારે તારાં બાળ સ્વામીને ભૂખ લાગે, ત્યારે આ દૂધ આપશે... અને જીવનમાં ગમે ત્યારે પણ કોઈપણ આપત્તિ આવે, તો મને યાદ કરજે.. ધર્મની ઉપાસિકા ક્યારેય દુઃખી ન થાય, એ જોવાની ફરજ છે મારી...''

'' ઘણો ઉપકાર આપનો...'' બંસાલા ઝુકી પડી છે.

''એવું ન કહેવું. આ કોઈ ઉપકાર નથી કર્યો, આ તો માત્ર ફરજ જ નિભાવી છે મેં''દેવીનો ચહેરો પુલકિત બની ઊઠ્યો... અને બંસાલા બે હાથ જોડી ઝૂકી પડી. અને વરદ મુદ્રામાં હાથ ઊંચો કરી દેવી અંતર્ધાન બન્યાં.. અને તે દિવસથી બંસાલાનો વસ્તાર વધ્યો.બંસાલા મુકનસિંહ આ બેની સાથે હવે હરણી પણ જોડાઈ. સોને મઢ્યા મહેલમાં રહેનારી બંસાલાનો સંસાર ઘાસ માટીથી બનેલી ઝૂંપડીમાં શરૂ થયો.



## ૫

જે માણસનો સ્વભાવ જેવો હોય, એની સાથે જોડાયેલાં એના સંપર્કમાં આવનારાંઓનો સ્વભાવ પણ લગભગ એવો જ હોય છે. બંસાલા જેવી ડાહી અને સમજદાર હતી. એવી જ આ હરણી પણ શાણી અને સમજદાર હતી. જીવનની ઘટમાળ આગળ ચાલતી હતી અને બંસાલા પણ પોતાનાં જીવનમાં ધીરે ધીરે સ્થિર બનતી હતી પણ વિધાતાની નજરે આ માન્ય ન હતું... વિધિ ઈચ્છતી હતી, કે એ સતી ક્યારેય સ્થિર થાય જ નહીં, ક્યારેય નહીં. કોણ જાણે કેવી અગ્નિ-પરીક્ષા કરવી ધારી હશે વિધાતાએ ?

આ જંગલની થોડે દૂર એક કનકપુર નામનું નગર છે. ત્યાં મણિચૂડ નામનો રાજા છે. એને બે રાણીઓ છે. એક નાની અને બીજી મોટી. આ રાજા બધી વાતે સુખી છે, રાજ્ય છે, વૈભવ છે, સત્તા સંપત્તિ છે, યૌવન છે, વિલાસની સામગ્રી છે, રૂપવતી ભાર્યા છે... પણ સર્વ સુખ તો આ

સંસારમાં કોને મળે છે? કોઈપણ સંસારી સુખ હોય, એ અધૂરૂં છે, અપર્યાપ્ત છે, અસમગ્ર છે.

રાજાને ભર્યાભાદર્યા સંસારમાં ખોટ એક મોટી એ હતી, કે આ વૈભવ-સંપત્તિનો વારસદાર કોઈ ન હતો.. અને સુખનાં ભર્યા ભાણામાં કરિયાતાનાં બુંદ પડ્યાં હતાં, અને સુખ અકારૂ-બેસ્વાદ બન્યુંહતું.સુખ મળે, તો માણસ સુખી નથી થતો, સુખ માને તો સુખી થાય છે. બંસાલા સુખી હતી અને આ રાજા દુઃખી હતો.

એકવારની વાત છે, નાની રાણી વનવિહાર કરવાં માટે નીકળી હતી. બરબપોરમાં ઘેરાં જંગલમાં સૂરજનો પ્રકાશ ન હતો આવતો માટે એમ લાગતું હતું, કે રાત પડવાં આવી છે.

‘રાણી બા, પાછાં ફરો નહીં તો જંગલમાં અટવાઈ જઈશું.’ દાસીએ વિવેક કર્યો.

“તું આને ઓળખે છે?”રાણીએ પોતે જે રથમાં બેઠી હતી, એનાં ઘોડાને બતાવતાં કહ્યું. “ આ પવન છે મારાં સારથિ કદાચ રસ્તો ભૂલી જાય ને, તો’ય એ રસ્તો ન ભૂલે, અને મને હેમખેમ મારાં ભવનની બહાર મૂકી દે, ગભરાય છે કેમ? આ વનશ્રી જોને... આ જંગલની પણ એક અલગ શોભા હોય છે. ગમે તેટલું કરો પણ આપણાં



ઉદ્યાનમાં આ કુદરતી શોભા અવતારી નહીં શકીએ. આ ઝાડ, આ ફૂલો, આ હરિયાળી આ....”

નાની રાણી બોલતાં બોલતાં અટકી પડી, એનું ધ્યાન ત્યાં ચોંટી ગયું. “સારથિ ! રથ રોકો” રાણીનો હુકમ છુટ્યો અને લગામ ખેંચાઈ...હણહણતાં ઘોડાં અટકી ગયાં અને રથમાંથી રાણી નીચે ઊતરી.

‘શું થયું રાણી બા !’ દાસીએ પૂછયું.

“ત્યાં જો તો કોણ દેખાય છે?”

“ઓહ ! આવા ઘોર જંગલમાં નાની નમણી બાલા અને નાનકડો રાજકુમાર જેવો બાળક... આ કોણ હશે અહીં?” દાસીએ પૂછયું પણ રાણીનું ધ્યાન એ સાંભળવામાં ન હતું એના રાક્ષસી દિમાગમાં બીજી જ કલ્પનાઓ આવતી હતી... બાળક... જેને માટે રાજા તલસતો હતો એ બાળક.. જો મને મળી જાય તો હું રાજાની માનીતી બની જાઉં અને મોટી રાણી ધૂળ ફાકતી રહી જાય.

રાણીની આંખોમાં ઈર્ષ્યાની ચમક ઘેરી વળી... એ પાસે ગઈ અને સૂતી બંસાલાનાં પડખામાંથી સિફતથી બાળકને ઊઠાવી લીધો. હરણી ક્યાંક ગઈ હતી. બંસાલા સૂતી હતી બાળક પણ ઊંઘમાં હતું. રાણીએ એને છાતીએ ચાંપી લીધું અને બાળકનાં મુલાયમ સ્પર્શે દિલમાં માતૃત્વનું

વહેણ સરવાં લાગ્યું. એ ચાલી ગઈ, રથમાં બેસી અને સારથિને કહ્યું. ''તીવ્ર ગતિથી નગર તરફ લઈ જાઓ.'' રથ.. રાણી.... મુકનસિંહ બંસાલાથી દૂર ને દૂર નીકળતાં ગયા.. વિધાતાએ ક્રૂર ખેલ ખેલી લીધો. સતીને સાવ જ એકલી પાડી દીધી...

''તુજ સુખની મહેફીલમાં તું સૌને નોતરજે, પણ જમજે અશ્રુને થાળ એકલો...'' આ જિંદગીનું મોટું મહાન બ્રહ્મ સત્ય બંસાલા મહાસતીને ખૂબ નાની ઉંમરથી જ સમજાઈ ગયું હતું. એટલે ઘણાં મોટી ઉંમરે ય હજી બાળક જ હોય છે. તો ઘણાં નાની ઉમરે ય આવું આવું ઘણું બધું સમજીને મોટાની મોટાઈને શરમાવે છે. ડહાપણની દાઢ ભલેને ઉમંર મોટી થયાં પછી જ પેદા થતી હોય, પણ ડહાપણ પેદા થવાં માટેની કોઈ વય નથી હોતી. એ આવે તો ક્યારેક નાની ઉંમરે ય આવી જાય , નહી તો ક્યારેક આખી જિંદગી એમને એમ વીતી જાય, પણ આયખામાં અજવાળું ન પથરાય...

નાની ઉંમરે મોટી સાધના કરવાં નીકળેલા કોઈપણ સાધકનાં મનોજગતમાં પ્રવેશ કરજો. તમને એ જ વંચાશે, જે અહીં બંસાલા વિચારી રહી છે. ''મારે મારૂં



જીવન મારી જાતે જીવવાનું, મારે મારી સમસ્યાઓ સામે જાતે ઝઝૂમવાનું, મારે જ મારાં સંકટોનો સામે ચાલીને સામનો કરવાનો. કર્મે મને જે પરિસ્થિતિમાં મૂકી દીધી છે. એમાંથી માર્ગ કાઢવાં માટે હવે માણસના હાથ ટૂંકા પૂરવાર થશે.''

''માણસની શક્તિઓની મર્યાદા આવી ગઈ છે. હવે અહીં નક્કી કોઈ ને કોઈ અમર્યાદ શક્તિ આ વિશ્વમાં વસતી હશે. જેની પાસે અમર્યાદિત સામર્થ્ય હશે અને એને જ લોકો ધર્મ કહેતાં હશે. મારે એમનાં ચરણોમાં જવું જોઈએ, મારે એમનું શરણું સ્વીકારવું જોઈએ. હવે એ જ મારો આધાર છે, અને એ જ મારૂં સર્વસ્વ છે.''

''જો પિયરમાં કે સાસરામાં રહીશ, તો મને ક્યારેક અપેક્ષા જાગશે, કે સ્વજનો કાંઈક સારૂં કરી દેશે અને સ્વજનોને લાચારી જ લાચારી અનુભવાશે, કે દીકરીનું કાંઈ જ કરી શકતાં નથી, મારી અપેક્ષા ભરેલી આંખો અને એમની લાચારી ભરેલી આંખ અથડાયા કરશે અને ઉદાસીનું તલાવડું રેલાયા કરશે ચોમેર....ચોપાસ... દિવસ ને રાત....''

''શું કામ કોઈને લાચાર બનાવવા ? શું કામ કોઈને અપરાધ ભાવ અનુભવવાં દેવો ? મજબૂર શું કામ

કરવા કોઈને? મારી મુસીબત છે, મારે ફોડી લેવાની...સગા તો ક્યાં લગી સહાય કરશે? સાચો સગો તે ધર્મ, બધાંથી દૂર, બધાંને છોડીને, મારે ધર્મની આંગળી ઝાલીને નીકળી જવું છે. જ્યાં નસીબ ખેંચી જાય ત્યાં....

મહેલનાં સુખ ચૈન, એશો આરામ, એ મખમલી ગાલીચા, મુલાયમ પડદાં, કઢાયાં દૂધ અને રેશમી રજાઈ.. સોના ચાંદીની રેલમછેલ, બાદશાહત સુખી જિંદગી બંસાલા સતીએ સામેથી ફગાવી દીધી પણ કર્મને હજી આટલાંથી સંતોષ ન હતો. એને હજીય આ સતી પાસે બાકી હોય, એ બધું જ છીનવી લેવું હતું. કોઈ જ સાથ નહીં, બેહીસાબ એકલતા... એણે કરાલપંજો ફેલાવ્યો, અને મુકનસિંહને પોતાનાં પતિને- જેને માટે એણે મહેલ છોડી જંગલની ઝૂંપડી સ્વીકારી એને છિનવી લીધો... અને પછી હા હા હા હા કરતો અટ્ટહાસ્ય વેરતો રાક્ષસ બનીને ઊભો રહી ગયો. ''લે ધર્મની પૂંછડી! હવે મને તારૂં સ્વરૂપ બતાવ. રડતી, કકળતી, વિલાપ કરતી મારે ચરણે આવ... તારૂં સઘળું અભિમાન ન ઊતારી દઉં, તો હું કર્મસમ્રાટ નહીં''

અભિમાન અને સભાનતામાં ફરક છે ભાઈ! સમજ્યાં વિનાનો આગ્રહ એ અભિમાનનું ફળ છે. પણ સમજપૂર્વકની પકડ એ તો સભાનતાની નીપજ છે.



મહાસતીને ધર્મનું અભિમાન ન હતું પણ એક સભાનતા હતી એ જાણતી હતી કે જ્યાં લગી આ મારો ધર્મ મારી સાથે છે, ત્યાં લગી હું સલામત છું અને પરિસ્થિતિ નબળી હોય, ત્યારે દીન બનવાથી, વિલાપ કરવાથી, રોદણાં રડવાથી તો મળેલો ધર્મ હાથમાંથી છટકી જાય છે. અને એકવાર ધર્મનો સાથ જેણે ગુમાવ્યો, એને પછી બીજું કાંઈ મળે તો ય શું અને ન મળે તો ય શું? હું એકલી પડી જઈશ, હું અનાથ બની જઈશ, હું અસહાય થઈ હોઈશ. પણ, હું દીન નહીં થાઉં,હું દુઃખી નહી થાઉ, હું હતાશ નહીં થાઉં.... કારણ કે મારો ધર્મ મારી સાથે છે અને નિરાશા-હતાશા-દીનતા ધર્મને ગમતાં નથી. નિરાશ-હતાશ દીન માણસથી ધર્મ મોં ફેરવી લે છે. એ કહે છે ક્યાં તો તારી પાસે દીનતા હશે, અને ક્યાં તો તારી પાસે ધર્મ હશે. બેમાંથી જેને એકને પસંદ કરવો હોય એને કરી નાંખ...

ઢળતા સૂરજનાં ત્રાંસા કિરણો સૂતી બંસાલાના નમણાં મુખ પર પડવા લાગ્યાં. પવનને નાદે ઝૂલતાં ઝાડ એકબીજામાં અથડાઈને કલશોર મચાવતાં જાણે પોકાર પાડી રહ્યાં. 'રે અબળા ! જાગ... અને જો તો ખરી, કે તું સાવ એકલી થઈ ગઈ'. તો ' ય બંસાલાની ઊંઘ ન ઉડી. પરંતુ બાળકનાં ધવરાવવાનો સમય જાણી ચૂકેલી હરણી

કુદતી નાચતી આવી, અને એકલી બંસાલાને જોઈને જ્યારે અવાજ કરવાં લાગી, સૂતેલી સતીનો પાલવ ખેંચવા લાગી, ત્યારે એની આંખ ઊઘડી, ઊંઘ ઊડી, અને સૌથી પહેલું ધ્યાન બાજુમાં ગયું. ત્યાં કોઈ ન હતું....

દિલમાં ફાળ પડી. 'ક્યાં ગયાં સ્વામી?' આવાં સૂમસામ જંગલમાં નાના બાળકને એકલું મૂકી આમ ઘસઘસાટ સૂઈ જવા બદલ એ જાતને અપરાધી માનવાં લાગી. હાંફળી ફાંફળી ઊભી થઈ. આગળ પાછળ જોઈ આવી. પણ કોઈ સગડ ન મળ્યાં. "હે ભગવાન શુંથયુંહશે મારાં સ્વામીને?" આખરે એ ધબ્બ કરતી શિલા પર ફસકાઈ પડી.

"મારી જવાબદારી હું ચૂકી ગઈ. સાસુ સસરાને મેં વચન આપેલું મારાં સ્વામીની રક્ષાનું. એ નિભાવી ન શકી હું.હું સાવ બેવચની નીકળી, હે નાથ ! ક્યાં ગયાં તમે ? હે વનદેવતા ! હે સાક્ષી વૃક્ષો !ક્યાં ગળી ગયાં તમે મારાં નાથને ? હે સૂર્યદેવતા ! મારાં સ્વામીને કોણ લઈ ગયું ?હે પ્રભુ ! હે નાથ ! હું શું કરૂં ? ક્યાં જાઉં હું ? ક્યાં શોધું એમને ? આ વિકરાળ જંગલમાં અમને છોડીને ક્યાં ગયાં એ ? કોણ લઈ ગયું એમને ?અને સતીની આંખમાંથી ચારે ધારે સાવન ભાદો વરસી રહ્યાં. હરણી બિચારી મોટ્ટી મોટ્ટી



આંખોથી બંસાલાને જોતી એનાં પગ ચાટતી રહી. એનાં ખોળામાં માથું ઘસતી રહી. જાણે એની અબોલ-મૂંગી ભાષાથી આશ્વાસન આપતી હોય એમ.

એની સામું બંસાલાએ જોયું, તો એની'ય આંખોમાં આંસુના લીટા પડયાં હતાં. બંસાલા દુઃખાવેગથી એને ગળે વળગી પડી અને પછી રડી લીધું... પેટ ભરીને રડી લીધું.પોતાની જાતને ખૂબ કોસી.. ખૂબ રડી.. ખૂબ દુઃખી કરી મૂકી...

આખરે વેગ જરાક શમ્યો. હરણીથી અલગ પડી, પાલવથી આંખો પોંછી, ચહેરો લૂંછ્યો અને શાંત ચિત્તે વિચાર્યું. હવે સિવાય ધર્મ મારો કોણ આધાર હોઈ શકે? શાંત સ્થિર થઈને આંખ બંધ કરીને માનસિક સંદેશા વહેતા મૂક્યાં - "દેવી ! માતા ! તમારી સાધર્મિકા પર ભીડ પડી છે. સંકટમાંથી મને ઉગારો. આપ પ્રગટ થાવ માતા ! આપને આપની પુત્રી બંસાલા સાદ દે છે, પ્રગટ થાવ માતા !"

બ્રહ્માંડમાં રેલાતાં આ અશ્રાવ્ય ધ્વનિતરંગોએ દેવીનું ધ્યાન ખેચ્યું: "અરે ! આ તો એ જ ધ્વનિઓ એ જ લય, એ જ ગંભીર મીઠો અવાજ... બંસાલા.. બંસાલા પર ભીડ પડી." અનુક્ષણ દેવી ત્યાંથી અદ્રશ્ય થયાં અને બંસાલાની સામે પ્રગટ થયાં. વરદ મુદ્રામાં ઊભાં દેવીનાં

શરીરમાંથી નીકળતા પ્રકાશથી આખો વનખંડ ઝળહળાં થઈ ગયો...''સાધર્મિકે !'' દેવીનો સૂરીલો અને સ્નેહાળ સૂર સંભળાયો....

''માતેશ્વરીઆપ !?'' બંસાલાએ આંખો ખોલી.

''હા સાધર્મિકે !'' '' મને સાધર્મિકા ન કહો મને આપનીપુત્રી કહો માતા !''

''હા પુત્રી! બોલ, કેમ મને યાદ કરી?'' એમણે એનાં માથે હાથ ફેરવ્યો, અને ''એ... ક્યાંક ખોવાઈ ગયાં છે'' કહેતાં બંસાલાની આંખ ગળવાં માંડી. ''મારી ભૂલ થઈ ગઈ, હું ક્યારેય એકલાં મૂકીને આમ સૂઈ નહીં જાઉં એમને બોલાવો દેવી! એમને પાછાં લઈ આવો. એ મારા વિના કેવી રીતે જીવશે ? અરે ! એ જીવતાં ન હોય, તો 'ય જીવતાં કરો.''

''સતીની છાયામાં આવનારો તો અમર બની જાય છે પુત્રી!'' દેવીમાતા બોલ્યાં -

''પુત્રી !તારાં સ્વામી અવશ્ય જીવિત જ હશે.''

''તો ક્યાં ગયાં ? કોણ લઈ ગયું એમને ?'' કહ્યું બંસાલાએ અને એક ક્ષણ દેવીની આંખ અવકાશમાં તાકી રહી પછી બોલ્યાં - ''કોણ લઈ જવાનું એને ? એનું નસીબ...''



''માતેશ્વરી ! ક્યાં છે એ ? સલામત તો છે ને ?''

દેવી હસી રહ્યાં, આ સતીનાં સતીત્વ પર... કોઈ એક વ્યક્તિને બંધાવું, સાચવવું, સંભાળવું અને સમર્પિત થઈને જીવવું. આજ તો સતીત્વ છે વળી ? આ મહાસતીનાં આખાં શરીરમાંથી અત્યારે સતીત્વ છલછલતું ટપકતું હતું. દેવી વિચારી રહ્યાં, કે આ સતીત્વ જ સ્ત્રીનું સ્ત્રીત્વ છે, શણગાર છે, શોભા છે. નહીં તો વગર કોઈ શણગારે આજે બંસાલા આટલી સુંદર કેમ લાગતી હતી ? અને જગતની બધી જ સ્ત્રીઓ જ્યારે સતી તરીકે બંધાય છે, ત્યારે જ તે અતિશય સુંદરી, મનમોહક લાગતી હોય છે. એની સામે દેવોની અપ્સરાઓ પણ પાણી ભરે. ઝાંખી પડે !

''જરાક આંખો બંધ કર તો પુત્રી!'' બંસાલાએ આંખો બંધ કરી દેવીએ એની બંધ આંખે હાથ ફેરવ્યો અને જાણે કે ચિત્રની પટ્ટીની જેમ સડસડાટ બધી જ ઘટનાઓ પસાર થવા માંડી.

નાની રાણીએ ખભે કોઈ પુત્ર તેડ્યો છે, મુખ બરાબર દેખાતું નથી. નગરમાં જઈને રાજાને વાત કરી અને રાજા -રાણીએ અંગત મંત્રીને વાત કરીને નગરમાં જાહેર ઘોષણા કરાવી કે અમારી નાની રાણી ગૂઢગર્ભા

હતી, વનવિહાર કરતાં વચ્ચે જ પ્રસૂતિ થઈ. નગરમાં પુત્ર જન્મની વધાઈ આપી. અને ૮ દિવસનો મોટો ઉત્સવ ઊજવાયો. રાજાને પુત્ર જનમ્યો, આખું નગર ઘેલું ઘેલું બની ગયું. રાજકુમારના દર્શન માટે બધાં પડાપડી કરવાં લાગ્યાં. ''રાજવંશી તેજ છે'' કોઈએ કહ્યું. ''અરે ! રાજાને ઘેર તો રાજકુંવર જ જન્મે ને ?'' બીજો બોલ્યો ત્યારે ત્રીજાએ અકળવકળ આંખે આજુબાજુ જોઈને ખાત્રી કરી લીધી કે કોઈ જોતું તો નથી ને! પછી બીજાનાં કાનમાં માથું નાખીને હળવેથી બોલ્યો : ''અરે ભાઈ ! આમાં મને નથી તો રાજાની સૂરત દેખાતી, કે નથી રાણીની સૂરત દેખાતી... આવું તે બનતું હશે ક્યારેય?'' એની વાત સાંભળીને બીજો કાન દબાવીને બોલ્યો ''અબ્રહ્મણ્યમ્ અબ્રહ્મણ્યમ્ ...શાંતં પાપં... અલ્યા પંચાતખોર! આપણે શું વળી એથી લાગે વળગે? ચાલો ચાલો...'' અને જનસમુદાય એક કુતૂહલ મનમાં સંઘરીને જ્યારે ઘરભેગો થઈ રહ્યો હતો, ત્યારે મોટી રાણી કોપભવનમાં બેઠી બેઠી ડૂસકાં ભરતી હતી. એની આંખમાંથી તિખારા ઝરતાં હતાં. ચહેરા પર આગ ભભૂકતી હતી. એની બે હાથની આંગળીઓમાં કાળા રંગના ઉત્તરીયનો છેડો એવી રીતે



રમાડતી હતી જાણે કે હમણાં ફાડી નાંખશે.. છેલ્લે.. રાજા અને રાણીનાં ચહેરા દેખાયાં, અને બન્નેની વચ્ચે સૂતેલો બાળક દેખાયો, એનો સ્પષ્ટ ચહેરો દેખાયો અને બંસાલા ચીખી ઉઠી... ''નહીં નહીં...'' એની આંખ ઊઘડી ગઈ.

''માતા ! હું ઠગાઈ ગઈ ...છલ રમાયું મારી સાથે.. એમને અહીં લઈ આવો. દૂર ન રાખો મારાંથી...''

''શું કામ પુત્રી! '' દેવી મમતાથી બોલ્યા - ''એને અહીંના કરતાં સુખ ત્યાં વધારે નહીં મળે? એ તને સુખી નથી દેખાતો ? એ સુખી થાય, એમ તું ઈચ્છતી નથી?''

''પણ મા! ઓ મા ! શું કહું તમને ? એ જીવશે તો સુખ મળશે ને ? એમને જીવતાં રહેવાં માટે મારી સાથે રહેવું જરૂરી છે ને ? એટલે જ તો મેં એમની સાથે લગ્ન કર્યા છે... એમને પતિ માન્યાં છે મારે એમને જીવાડવાનાં છે.''

આખી એક નવી જ બંસાલા દેવીની સમક્ષ ખૂલી. 'ઓહ !કોઈને જીવતાં રાખવાં પોતાના જીવનનું બલિદાન ! ખરેખર ! આ સ્ત્રી તો મહાસતી થવાં જ જન્મી છે.' મનોમન બોલ્યાં દેવી પછી હસ્યાં.

''બેટા ! સાથે રહેવાથી પત્ની નથી થવાતું. ભલે ને પતિ ગમે તેટલો દૂર હોય, એની આસપાસ તનથી નજીક

હોવું જરૂરી નથી. ક્યારેક તનથી સાવ નજીક હોવાં છતાંય મનથી જુદાં હોય છે. ક્યારેક તનથી સાવ દૂર હોવાં છતાય મનથી નિકટતમ હોય છે, અને બેટા !પત્ની મનથી બનાય છે, શિષ્ય મનથી બનાય છે. સતી મનથી બનાય છે. તારૂં તન ભલે અહીં હોય, મન તો ત્યાં જ છે. એની સુરક્ષા થવાની જ, એને ઊની આંચ નહીં આવે.''

''સાચ્ચે મા!'' ''ખરેખર બેટા ! અને તું તો કર્મમાં માને છે ને ! માન કે એનું નસીબ એવું છે કે તારૂં નસીબ એવું છે કે એનો ને તારો વિયોગ થવાનો જ છે. તું અહીં લઈ આવીશ, તો બીજી રીતે પણ એનો વિયોગ થશે, તો એનાં કરતાં આ શું ખોટું છે ?''

''બરાબર છે મા!'' ખૂબ સમજદારીથી બોલી બંસાલા.

''પણ આ અંત નથી પુત્રી!''દેવી ગંભીર હતાં. ''જેઓ બીજાને વિશ્વાસમાં લીધા વિના અનીતિથી ચોરી કરી જાય છે, તેઓ એનાંથી સુખી નથી જ થઈ શકતા.. બંસાલા ! આનો અંત સારો નહીં આવે...''

''શું થશે માતા!'' બંસાલા બેબાકળી બની ગઈ ''એમને કોઈ આંચ તો નહીં આવે ને ?''



''બેફીકર રહે. તારી છાયામાં છે એ બાળક. એનો વાળ પણ વાંકો નહીં થાય પણ રાજા ને રાણી સુખી નહીં થઈ શકે.''

આગળ કાંઈ પૂછવા જ જતી હતી અધીર બંસાલા.. એટલામાં આડો હાથ ધરીને વચ્ચેથી જ એને બોલતી અટકાવી દીધી દેવીએ, અને બોલ્યા : 'કાળ પસાર થવા દે, આગળ શું થાય છે. એ હું તને સામેથી આવીને જ કહી જઈશ...' કહીને અંતર્ધાન થઈ ગયાં દેવી અને હરણીએ બંસાલાના ગાલ પર ગાલ ઘસીને ખુશી વ્યક્ત કરી.

દિવસો પર દિવસો પસાર થવાં લાગ્યાં. સવારનાં પહોરથી રાત્રિમાં સૂવાં જાય ત્યાં લગી બંસાલાની પ્રત્યેક પળ ધર્મનાં સહવાસમાં વીતતી નિર્ભર... ભરેલી ભરેલી... એને અહીં કોઈ અસુખ જણાતું નહીં. દેવપૂજા માટે પુષ્પો ચૂંટતી વખતે કુદરતી ઝરણામાં મુક્ત મને સ્નાન કરતી વખતે, હરણીનું દૂધ દેવ પૂજ માટે દોહતી વખતે... કે ક્યારેક ઊગતાં સૂરજને જોતાં જોતાં માથાની વેણી ગૂંથતી વખતે.. દરેક વખતે આ બંસાલા વિચારતી કે આટલા માત્રથી પણ સુખી રહી શકતો માણસ સુખી થવાં માટે

કેટકેટલું ઊભું કરે છે ! આખો સાધનોનો સંસાર ખડો કરી નાખે છે. પણ ઘણીવાર તો તેમ છતાં'ય સુખ નથી પામતો. ખરેખર! સાધનો દ્વારા માણસને સગવડ મળી શકે. પણ સુખ ન મળી શકે.

પાણીના રેલા માફક દિવસો પસાર થઈ રહ્યાં હતા. એવામાં એકદા બંસાલાએ સવારે ઝૂંપડીનો દરવાજો ખોલ્યો, અને સામે જ્યાં નજર પડી., ત્યાં ચોંકી ગઈ એ...''આપ ? અત્યારે''

''હા..'' દેવીનો હાથ વરદ મુદ્રામાં ઊંચો થયો. ''તને કહેલું ને, કે સમાચાર આપવા આવીશ'' અને દેવી અંદર આવીને બેઠક પર બેઠાં અને બંસાલા એમની સામે બે હાથ જોડીને બેસી. એનાં ચહેરા પર નરી મુગ્ધ જિજ્ઞાસા જોઈને હસી પડ્યાં દેવી... પછી બોલ્યાં....





## ૬

નાનું કોણ ને મોટું કોણ ? ઘણાં સમાજની આંખે નાના જણાતા માણસોનું અનુકરણીય પરાક્રમ જોઈને લાગેકે આ મોટો જ છે, આને નાનો શી રીતે કહેવો ? તો ઘણાં મોટાં મોટાં માણસોની નાની નજીવી નબળી વાતો જોઈને લાગે, કે આને મોટો કોણ કહે ? કેમ કહે ?

''તું નાનો હું મોટો એવોખ્યાલ જગતનો ખોટો
ખારા જળનો ભરીયો દરિયો, મીઠાં જળનો લોટો,
તરસ્યાને તો દરિયાથીયે લોટો લાગે મોટો...''

કોણ કહેશે કે બંસાલા નાની હતી, કોણ કહે, કે એને દુનિયાદારીનું અજ્ઞાન હતું. રે ! હશે કદાચ એ અજ્ઞાન, પણ એક એવું જ્ઞાન એને લાધ્યું હતું, જે ભલભલાં જમાનો જોઈ ચૂકેલાંને પણ મળતું નથી... એ નાની હતી? ના ના, એ મોટી હતી... એ મહાન હતી... આંખ બંધ કરીને જોઈએ તો બ્રહ્માંડનાં ખૂણે ખૂણે એનાં વ્યક્તિત્વનો વ્યાપ પહોંચે છે. એની વિશાળતા આખી ધરતીને, પ્રત્યેક પરમાણુને પોતાની ભવ્યતાથી ભરી દે છે.

જો આંખ હશે, તો ધરતી પર સર્વત્ર પથરાયેલી એ ભવ્યતાને વાંચી શકાશે, જો આવડશે, તો સુગંધથી તરબતર થઈ જશે અસ્તિત્વ...

દેવી સામે બેઠાં છે, એમનાં ચરણોમાં બે હાથ જોડીને બંસાલા બેઠી છે. એની કાયામાં આર્જવ છે, એનાં ચહેરા પર ભોળપણ ભરેલી જિજ્ઞાસા છે, અને દેવી કહેવાનું ચાલુ કરે છે.

"સતી ! મારાં સ્વર્ગમાં ઋદ્ધિ ને વૈભવ વિલાસ હોવાં છતાં જ્યારે જ્યારે તારી યાદ આવી જાય છે, ત્યારે ત્યારે મને એ બધું જ સાવ જ ફીક્કુ લાગે છે. મન તારી તરફ ખેંચાઈ આવે છે. મહાદેવી ! તું ખરેખર નમસ્કાર્ય છો, તું ધન્ય છો... તને વારંવાર મારા પ્રણામ છે દેવી!"

"મેં એવું કશું નથી કર્યુ કે આપ મને નમન કરો"

"તે.. મહાસતી...! તે બીજું કાંઈ નથી કર્યુ, પણ તે આ પરિસ્થિતિમાં પણ જીવવું પસંદ કર્યું છે ને, એ જ મોટું પરાક્રમ છે. જે સંજોગોમાં બીજાં દીન થઈ જાય, હતાશ થઈ જાય, ડરી જાય, બંસાલા ! અકળામણ લાગે, મૂંઝવણ થાય, આપઘાત કરી બેસે માનવી ! અને એ પરિસ્થિતિમાં તું જીવે છે. બેટા ! તને ભય નથી, દીનતા નથી, મૂંઝવણ નથી... તું જીવે છે માત્ર જિજીવિષા ખાતર નહી પણ તે બધું જ સ્વીકાર્યું છે બેટા ! **જગતનાં જીવો જેને માટે તડપે છે,**



**એનો તે ત્યાગ કર્યો છે. અને જગતનાં જીવો જેનાંથી ભાગતાં ફરે છે એનો તે સહર્ષ સ્વીકાર કર્યો છે.** આજ તારૂં મહાન પરાક્રમ છે બેટા ! એક પ્રશ્ન પૂછું ? તારા પરિવારથી સ્વજનોથી સાવ દૂર છે તું... તને એકલવાયું નથી લાગતું ? તારી સાથે કોઈ સહાયતા નથી. તે તને અનાથ દશાનો અનુભવ નથી થતો બેટા! આ ઘોર એકલતાથી ભરેલાં જંગલમાં કયા જોર પર તું પ્રસન્ન ટકી શકે છે રે મહાસતી ?"

"માતા મેં તો ક્યારેય આ બધું આટલું વિચાર્યુ જ નથી, મને તો ક્યારેય આ જીવનનો પણ ભાર નથી જ લાગ્યો. ઊલટું હું તો વિચારૂં છું કે માણસને જીવવાં માટે આટલી જ વસ્તુઓ... આટલી જ સગવડો પૂરતી છે. શું કરવાં છે એ મોટાં મોટાં મહેલોને, શું કરવાનાં એ કઢાયા દૂધ અને બત્રીસાં પકવાનને, શા માટે આ ગાલીચાને ગાદલાં ગોદડાં ઊભા કર્યા. માણસને જીવવાં માટે આટલું જ પૂરતું ગણાય..."

"પણ મને એમ લાગે છે, કે મારી પાસે કદાચ ભાઈ બેન છે જ, મારી પાસે માતા પિતા છે જ. મારો નાથ પણ મારી પાસે જ છે. ખોટી કલ્પના નથી આ દેવી માતા! પણ મને મારાં ધર્મમાં જ મારાં બંધુના, ભરતારનાં,

પિતાનાં ને માતાનાં દર્શન થાય છે. જ્યારે દુનિયામાં મારાં બધાં જ સગા મારી આસપાસ હતાં, બધાં વૈભવમાં હતી હું, માતા ! ત્યારેય મને એકલતા અનુભવાઈ હતી અને આજે હું સાવ જ એકલી છું, પણ ધર્મ મારી સાથે છે તો મન તૃપ્ત થઈ ગયું છે મારૂં... જીવન ભરાઈ ગયું છે. ધર્મ જ મારૂં જીવન થઈ ગયું છે, ને મારી સાધના.... બસ, એક કર્તવ્ય સ્વીકાર્યું છે. તે પુરૂં કરવાનું છે મારે માતા ! એમનું શું થયું ?''

મીઠી ભાષામાં સાંભળેલો સુંદર ઉત્તર દેવીને ભીતર સુધી હલબલાળી ગયો અને દેવી એમ અનુભવી રહ્યાં, કે પોતે સાવ નાના છે ને બંસાલા મોટી મોટી મહાન વિશાળ છે. એમણે આંખ બંધ કરીને બે હાથ જોડ્યાં. ભાવસભર મસ્તક ઝૂકાવ્યું અને ત્યારે એમને એક પંક્તિ યાદ આવી ગઈ. **''દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો'' જેનું મન હંમેશા ધર્મમાં જ રક્ત જ હોય છે એમને દેવો પણ નમન કરે છે.**

''બેટા, ! મેં તો પૂર્વે જ કહેલું ને, કે કોઈનો વિશ્વાસભંગ કરીને છીનવી લીધેલી કોઈપણ વસ્તુ ક્યારેય ટકતી નથી જ. એ તો પારકી જ છે. એ તો જાય જ છે પણ



સાથે જે પોતાનું હોય, એને ય તાણી જાય છે. રાજા મણિચૂડે દીકરો તો ખોયો સાથે ઈજ્જત પણ ગુમાવી...''

''શું થયું માતેશ્વરી! મારાં સ્વામીને શુંથયું ?'' બંસાલા આકુળ વ્યાકુળ થઈ ઊઠી.

''મહાસતી ! શાંત થા... જેને તારાં સત્ નાં રખોપા છે, એને કોઈ સર્પ ડસી ન શકે કોઈ શસ્ત્ર વીંધી ન શકે. રે ખુદ મહાકાળ પણ એનો વાળ વાંકો ન કરી શકે... મણિચૂડ રાજાની નાની રાણી જ્યારે મુકનસિંહને તારી પાસેથી છીનવી ગઈ, ત્યારે ત્યાં દીકરાનું નામ આપવામાં આવ્યું 'રણજિતસિંહ'. કનકપુરનાં રાજકુમારની જેમ એ દીકરો ઊછરવા લાગ્યો. પણ મોટી રાણીનાં પેટમાં તેલ રેડાયું. જો નાની રાણીનો જ દીકરો ભાવિમાં રાજા થાય તો પોતાની મહત્તા જ ન રહે ને !''

''આ લોકમાં મહત્વકાંક્ષી માણસો પોતાનાં જ સ્વાર્થ ખાતર મોટાં મોટાં ભયંકર નુકસાનો કરતાં પણ અચકાતાં નથી.. કનકપુરને ભાવિ ગાદી વારસ મળે છે તે તો સારૂં જ હતું, પણ તે રાણીને ખપતું નહતું.જો મારો દીકરો ગાદીએ ન બેસે, તો એનો તો ન જ બેસવો જોઈએ.

''એણે મીઠું મીઠું બોલીને નાની રાણીને વશમાં લઈ લીધી અને એકવાર... પોતાના ખંડમાં બોલાવી

દ્રાક્ષારસની સાથે આસવ પાઈ દીધો. અને એની ખુશામત કરતાં કરતાં એનાં જ મોઢે એનો જ ભેદ ખુલ્લો કરાવી દીધો... અને નશામાં ધૂત બનીને બેહોશ બનેલી નાની રાણીને એમને એમ સૂતી મૂકીને મોટી રાણી રાજાની પાસે પહોંચી ગઈ.''

''ધમ ધમ કરતાં પગલાં પાડતી હતી એ, એની આંખમાંથી અંગારા વરસતાં હતાં એનાં હોઠ અને આખું શરીર ક્રોધથી કાંપતાં હતાં, અને ત્યાં જઈને એણે રાજાને કહ્યું ''મને બધી જ ખબર પડી ગઈ છે; મારાંથી કાંઈ અંજાન નથી, કાંઈ છૂપું નથી, આખું નાટક ઊભું કર્યું છે તમે અને તમારી રાણીએ ભેગાં થઈને...''

''રાજા હેતબાઈ ગયો, શું કહેવું એ ન સમજાયું એને, પછી રાણીને મનાવવાં લાગ્યો. ''તારે શું જોઈએ ?'' પૂછયું એણે રાણીને, રાણી કહે કે આ છોકરો અહીં રહેવો ન જોઈએ... રાતો રાત મુકનસિંહ ઉર્ફે રણજિતસિંહને દુઃખતાં હૈયે પેટીમાં મુકાવ્યો અને મહાનદી ગંગામાં વહાવી દેવામાં આવ્યો. બેટા બંસાલા ! દીકરો તો ગયો સાથે આબરુ પણ ગઈ. અનીતિની અયોગ્ય ચીજથી રાજા કે બન્ને રાણીઓ ત્રણમાંથી એકેયને સુખ ન મળ્યું. કોઈ રાજી ન થયું, કોઈ સુખી ન થયું.''



''માતેશ્વરી ! હવે એમનું શું થશે ?'' ચિંતિત સૂરે બંસાલાએ પૂછ્યું.

''અત્યારે તો એ પેટીમાં છે, આરામથી હાથ-પગ ઊછાળે છે, જગતનું શું થઈ રહ્યું છે, ને શું થશે એની એને પરવા નથી. એની દુનિયા તો માત્ર એની પેટી પૂરતી જ સીમિત છે અને એ પેટી વહેતી વહેતી ગંગાનાં વહેણ સાથે જઈ રહી છે...''

''એક જગ્યાએ જ્યાં નદીનાં પાણીમાં વળાંક આવતો હતો, ત્યાં આ પેટી એક પથ્થર પાસે અટકાઈ પડી અને કિનારા ભણી તરી આવી... સતી! પ્રત્યેક મનુષ્યનું પણ એક ભાગ્ય હોય છે એ ભાગ્ય જ એને નિર્ધારિત ક્ષેત્ર તરફ નિર્ધારિત સમયે તાણી જાય છે... બાકી તો હજી તો ૧ વર્ષ પણ નથી થયું તારા સ્વામિનાથને... અને જો તો ખરી... એણે કેટલી મુસાફરીઓ કરી લીધી... ક્યાંનો ક્યાં જઈ આવ્યો. ને કેટકેટલાં ગામનાં પાણી પી લીધાં... મહેલમાંથી જંગલમાં, ત્યાંથી પાછો મહેલમાં અને અત્યારે પેટીની નૌકામાં પોઢીને ગંગા નદીની સહેલગાહ કરી કોઈ ગોકુળનાં આરે પહોંચ્યો... શી ખબર આ દીકરાંએ એવું તે કયું ભાગ્ય નિર્માણ કર્યું છે કે એના કારણે એ જ્યાં જ્યાં જાય છે, ત્યાં એને નવાં ને નવાં મા-બાપ મળતા જાય છે.

એક જેણે એને જન્મ દીધો એ, બીજા કનપુરના નરેશ અને એની રાણી અને હવે...''

"એ કિનારે - કે જ્યાં પેલી પેટી ભરાઈને અટકી ગઈ છે, ત્યાં એક ગોવાળોનું ગામ વસ્યું છે. દૂધ-દહીંની રેલમછેલ છે. રોજ પ્રભાતે છાશની દોણીમાં રવૈયા ઘૂમે છે. ઘમ ઘમ ઘમ... ઘમ્મર વલોણાં ચાલે છે. ગોવાલણો હિલોળાં લેતી જાય, ભજન ગાતી જાય...''

"સવારનાં પહોરમાં આ ગોકુળનાં માલિક નંદસિંહ ગોવાળને કારણવશાત્ આ તરફ આવવાનું થયું છે. ત્યારે ગંગાના કિનારે પેટી પડેલી, કુતૂહલથી એ ઢાંકણું ખોલે છે, તો ત્યાં ઘસઘસાટ પોઢેલાં બાળકને જુએ છે. જોતાંની સાથે જ એ બાળક એને ગમી જાય છે અને પોતે ઊઠાવીને છાતી સરસો ચાંપી લે છે અને ગંગાને ઉદ્દેશીને કહે છે -

"મા ! ગંગા...! તે મને બાળક ધર્યો મા !તારી કૃપા છે, કરૂણા છે, મારે માથે તારો હાથ છે મા! મુજ અપુત્રિયાને ત્યાં તારી મહેરથી આ પુત્રનું પારણું બંધાયું..'' આનંદાવેગથી બેકાબૂ બનીને એણે પુત્રને પોતાની પત્નીને આપી દીધો. ગોપાલરાણીને પણ દીકરાંને જોઈને જ હૈયે હેત ઊભરાયું. છાતીમાં પાનો ચડ્યો....



વ્હાલથી એણે ચૂમીઓ ભરી લીધી.

બાળક ગંગામાંથી મળ્યો હતો માટે એનું નામ રાખ્યું, ગંગાસિંહ. એક ભવમાં તારા સ્વામીની આ ત્રીજીવારની જિંદગીનો શુભારંભ થયો. પહેલાં મુકનસિંહ પછી રણજિતસિંહ અને હવે... ગંગાસિંહ. ચિંતા તો તારે એની કરવી જ નહીં. તારા સતીત્વનાં પ્રભાવે એ સુરક્ષિત જ છે... ગંગાસિંહ બનીને એ ગોવાલણોનાં ઉત્સંગમાં ક્રિડા કરતો ઊછરી રહ્યો છે. એની માતા ભલે એક છે પણ ગોકુળની દરેક માતાઓને એનામાં પોતાનો જ પુત્ર દેખાય છે. એને રમાડવાં, હુલરાવવાં, સ્તનપાન કરાવવાં તો હોડાહોડી ચાલે છે. તારૂં સતીત્વ, મારી દૈવી માયા અને ઘણી માતાઓનાં પ્રેમમાં એ તો મસ્ત બનીને પોતાનો કાળ વીતાવી રહ્યો છે. સતી! એની ચિંતા ન કરતી.'' આખરે દેવીની વાત પતી.

"ઘણી કૃપા કરી ભગવતી!'' બંસાલાની આંખમાં આંસુ ઊભરાયા. "એ સલામત છે, એટલું જ મારે માટે ઘણું છે. મારાં ભરોસે હું એમને જંગલમાં લઈ આવેલી, મારાં સાસુ-સસરાની અમાનત છે એ. એમને કાંઈ અસુખ થાત, તો દેવી હું એમને શું મોઢું બતાવત ?'' પછી એણે લગભગ વિનંતી કરતી હોય, એમ કહ્યું." ભલે ત્યાં ગમે

તેટલાં એની સેવામાં હોય, પણ દેવી! આપ મને વચન આપો, કે આપ એની રક્ષા કરશો. મને કાંઈ પણ થાય ચાલશે, એમને કાંઈ ન થવું જોઈએ. માતેશ્વરી! મને આટલું એક વચન આપો.''

દેવીનાં કાનમાં શબ્દો ગૂંજી રહ્યો:''મને કાંઈપણ થાય, ચાલશે, પણ એમને કાંઈ ન થવું જોઈએ.''ક્ષણભર વિચારમાં પડી ગયાં એ. '' આ તો ખરેખર મહાસતી જ છે, સ્ત્રી જ્યારે સતી બને છે, ત્યારે મહાદેવી બની જાય છે, જગત આખું એની પૂજા કરે છે... એમનું ધ્યાન આવ્યું.બંસાલા એમની સામે બે હાથ જોડીને બેઠી હતી. અનાયસે જ દેવીથી હાથ વરદમુદ્રામાં ઉંચકાઈ ગયો. ''તથાસ્તુ, તારા પતિની રક્ષા કરીશ અને એનાં બધાં સમાચાર તને આપતી રહીશ.''

''મહતી કૃપા કરી મહાદેવી!'' બંસાલા બોલી, એણે માથું ઝૂકાવ્યું, અને ''ધર્મનો વિજય થાવ'' આટલું કહીને વિજળીનાં ઝબકારાની સાથે જ દેવી અદ્રશ્ય થઈ ગયાં. અને ત્યાં બેઠી બેઠી બંસાલા વિચારે ચડી. મહેલમાં જન્મેલો આજે ગોકુલમાં ઊછરી રહ્યો છે. હે ભગવાન! એને સુખ જ સુખ આપજે અને એનાં ભાગનું દુઃખ મને આપી દેજે....



# -: મંગલ અને કલ્યાણ :-

## ૧

ગંગા નદીને કિનારે એક જવાન માણસ બેઠો છે. એની ઉંમર ૨૨ની આસપાસ હશે. જીંદગીની પહેલી જ પચ્ચીસી હજી એણે ઓળંગી નથી. તોય પ્રમાણમાં ઘણો ઠાવકો, ઠરેલ અને બહાદુર દેખાય છે એ.

લાંબી પાણીદાર આંખો છે, તીખું અણિયાળું નાક છે, સફેદ રૂપાળા ચહેરાં પર કાળી ભમ્મર પતલી મૂછમાં ઉપલો હોઠ અડધો ઢંકાઈ ગયો છે.તાંબૂલ ચાવ્યું હોય એવાં લાલ હોઠ છે... ટટ્ટાર એની ગરદન છે, શંખ જેવી ડોક છે, પહોળાં ખભા છે, જોરાવર બાવડાં છે, લાંબા હાથ છે, પતલાં આંગળા છે, પહોળી છાતી છે, સાંકડી કમર છે, પાણીદાર આંખ છે. સૌંદર્ય, તેજ અને સાહસનું ઓજ એના દેહ પર ઝગારા મારે છે.

ધનુષ અને બાણભાથું એનાં ખભે લટકાવેલાં છે. કમ્મર પર ડાબે તલવાર ને જમણે કટારી શોભે છે. જાજરમાન પહેરવેશ છે એનો. મોંઘા ઘરેણા છે. પગમાં

મોજડી પર જે રત્નો જડેલાં છે, એ એક-એક રત્નની કિંમત લાખ લાખ મહોરની હશે.

ભવ્ય ભાસતો આ માણસ એકીટશે ગંગાના પ્રવાહ ભણી જોતો ચૂપચાપ ઉદાસ બેઠો છે. ત્યારે એની બાજુમાં થોડે દૂર આવીને એક બીજો બ્રાહ્મણ જુવાન બેસી ગયો છે. પણ કોઈનાં આવવાં ન આવવાંથી એ જાજરમાન જુવાનનું ધ્યાન ભંગ થયું નહી. એ કોઈ ઊંડી સોચમાં ગહેરા ચિંતનમાં પડ્યો છે, એનું ધ્યાન છે ગંગાના ધસમસતા વેગીલાં પ્રવાહ તરફ અને બ્રાહ્મણ જુવાનનું ધ્યાન છે એના ચેહરાં તરફ. ઘડીવાર તો એ બેસી રહે છે પણ આખરે ચૂપકીદી જ્યારે મનને ચૂંટી ખણવાં માંડે છે ત્યારે એ બોલે છેઃ-

'શું વિચાર્યા કરે છે ક્યારનો?' અને પેલાં રાજવંશી જવાનની ડોક આની તરફ ફરે છે.

"તું આવી ગયો? મને ખબર હતી તું આવવાંનો જ" એ જવાન બોલ્યો. પણ એની નજરોમાં કોઈ ખાસ ઉમળકો ન જણાયો. અશાંત હતી એ નજરો... ગંગા નદીમાં ન હતાં એથીય વધુ મોજા ઊછળતાં હતાં જોસભેર... પૂરપાટ...એટલો બધો ભાવ પ્રવાહ હતો એ નજરોમાં કે જોનારો એનાં વશીકરણમાં આવી જતો. "કેટલો વ્હાલો ને ભોળો લાગે છે આ?" બ્રાહ્મણ યુવાન મનોમન જ બોલ્યો.



"તારાં શબ્દો સાંભળીને લાગ્યું કે હું આવ્યો તે તને ગમ્યું છે પણ તારી કોરી આંખમાં જોઈને એમ લાગે છે, કે ખોટો આવ્યોઅહીં. સાચું કહે દોસ્ત ! તને ગમ્યું છે કે નથી ગમ્યું?" એનાં દોસ્તે એને પૂછયું, તો પણ એણે જવાબ ન આપ્યો. જોકે એની આદત હતી આ. કોઈપણ પ્રશ્નનો જવાબ આપતી વખતે એ બે ક્ષણ જોયાં કરતો નિષ્પંદ નેત્રે નિસ્તરંગ ચિત્તે 'શબ્દો મોં માંથી નીકળે નહીં, ત્યાં સુધી આપણાં ગુલામ છે. પણ મોંમાંથી નીકળ્યા પછી તે આપણા માલિક બની જાયછે.' આ વાતને સુપેરે જાણતો હતો એ... અને ચુસ્તપણે આગ્રહપૂર્વક પાળતો આ નિયમને....

"ગોવિંદ દોસ્ત!" એની તારામૈત્રી તોડતાં એ બોલ્યો, જાણે મંદિરના ગભારામાં ઘંટનાદ થયો. "જિંદગીમાં બધું મેળવ્યા પછી પણ કાંઈક ખૂટતું લાગે તો? આપણે કોઈને અપરાધ કર્યો છે એવું લાગે તો? એમ લાગે કે કોઈનું ઋણ ચૂકવવાનું બાકી છે જીવનમાં હજી તો?" દિલની સચ્ચાઈથી બોલાયેલા આ શબ્દો પર મુસ્તાક હતો એનો મિત્ર. એનો મિત્ર મગરૂર હતો એ બાબત પર, કે મારો દોસ્ત જીવનમાં આટલી નાની ઉંમરે આટલો આગળ આવી ગયો હતો. તો પણ એ દિલનો સાફ છે, એનાં મનમાં કોઈ પાપ નથી.

"ગંગાસિંહ!" મિત્ર ગોવિંદ બોલી ઉઠ્યો, "બહુ નાની ઉંમર છે તારી, આટલી નાની ઉંમરે આટલાં મોટાં મોટાં ને અઘરાં અઘરાં વિચારો કેમ કરે છે તું?" ગોવિંદે કહ્યું, પણ ગંગાસિંહને આશ્વાસન મળ્યું હોય એમ ન લાગ્યું. એ એકટકે ગોવિંદની આંખમાં બસ, જોતો જ રહ્યો.

"કેટલો ભોળો છે તું?" આખરે ગોવિંદ બોલ્યો "કોણ કહેશે કે તેં જ ગાંડા હાથીને વશ કરેલો, ને વીફરેલાં આખલાંને નાથેલો? કોણ કહેશે કે જે સમસ્યાનો આખા ગામમાંથી કોઈ તોડ કાઢી નહતું શક્યું. એનો રસ્તો તેં કાઢેલો, ને ભલભલાં ગલઢેરા લબરમૂછિયા તારાં દેદાર પર ચકિત બનીને ઝૂકી પડેલા તને. અરે! ખુદ મહારાજાએ તને કહેલું કે "તારે મારી સેવામાં રહેવાનું છે" ત્યારે હજીતો તને મૂછનો દોરો 'ય ફુટ્યો નહતો..."

"...અને રાજાની પડખે યુદ્ધ કરતાં અણીનાં મોકે તે દુશ્મનને એવી ગમખ્વાર શિકસ્ત આપી હતી કે હારવાંની અણીએ ગયેલું યુદ્ધ રાજાની તરફેણમાં જીતાઈ ગયેલું. અને રાજાએ તને માનીતો સામંત નીમેલો, તારી સામંતશાહીમાં હજાર ગામોને રાખેલાં, ને પોતાની સુંદર રાજકુંવરીનો પતિ બનાવી જમાઈ બનાવેલો તને. જે ગંગાસિંહ! તારા જેવાં લાખ્ખો જુવાનિયાઓનાં જે



અરમાન હોય છે, જે અપેક્ષાઓ અને સપનાઓ હોય છે એ હકીકત બનીને તારી જિંદગીમાં અવતર્યા છે મારા મિત્ર! અને એ વખતે તને આ શું સૂઝ્યું છે, કે તું એ બધું જ છોડીને સાવ એકલો આ ગંગાના કિનારે આટાં માર્યા કરે છે? શું ખૂટે છે હજી? કેમ પરેશાન છે તું હજી? એક ગોવાળનો છોકરો શું ઈચ્છી શકે પોતાની જિંદગી પાસે આનાંથી વધુ એ તો મને કહે દોસ્ત?"

હા, એ હકીકત હતી કે ગંગાસિંહ નાની ઉંમરે મોટો સામંત બની ગયો છે, એની કીર્તિ ને ખ્યાતિ દિગદિગંતમાં વ્યાપી છે. નાની ઉમંરે એણે જે પરાક્રમો કર્યા છે, એનાંથી દુનિયાની નજરોમાં એ ખૂબ મહાન બની ગયો છે. બધાં એક જ વાત કરે છે કે જરૂર આની પાછળ કોઈ અદ્રશ્ય દેવીની કૃપા છે, એ વિના આ કામ ક્યારેય શક્ય ન થાય.

૮-૮ પત્નીઓનો પતિ છે એ. એ બધી જ પત્નીઓ કુલીન છે, શ્રેષ્ઠી કન્યા અને રાજકન્યાઓ સામેથી આવીને એને વરી છે. નંદસિંહ ગોવાળ અને લક્ષ્મી ગોવાલણના મનમાં તો હજીય ગેડ બેસતી નથી કે આ અચાનક શું થઈ ગયું? પોતે ગંગાસિંહને ગોકુલનો નંદરાજા બનાવવાની ઈચ્છા રાખી હતી એમણે, એની બદલે એ રાજ મહાસામંત

બની બેઠો. પોતે દૂધમલ ગોવાલ કન્યકાઓ સાથે પરણાવવાંની ઘેલછા કરી હતી એમણે, અરે! આખાં ગોકુલમાં સારી સારી કન્યાઓ નજરમાં વસાવી દીધી હતી. રાત પડે વહુ વર વચ્ચે ઝઘડો થતો કે હું મારાં દીકરા માટે આજ વહું લાવવાનો... અને હું તો આ જ વહુ લાવવાંની...

પણ નસીબ એનું એટલું જોરીકું નીકળ્યું, કે પવન કરતાંય અધિક વેગે એ ઉન્નતિ કરતો જ ગયો. રાજાને કોઈ દીકરો ન હતો. એક માત્ર રાજકુમારીનાં લગ્ન રાજાએ ગંગાસિંહની સાથે કરાવ્યા અને ભવિષ્યમાં બધાં કહેતા હતાં કે રાજાની ગાદીએ પણ હવે તો એનો જમાઈ ગંગાસિંહ જ આવવાનો. ભલે ને એ ગોવાળ હોય....

પણ... ભલે બધાં ગમે તે કહે, પણ.. ગંગાસિંહના મા-બાપ જાણતાં હતાં કે આ કોઈ ગોવાળ નથી... આ તો એ વખતે નંદસિંહ ગોવાળ નદીનાં કિનારે સ્નાનાર્થે ગયાં હતાં. અને ગંગાનદીમાં પેટી પડેલી જોઈ હતી. એને ખોલી તો માસુમ નિર્દોષ બાળક પોઢેલું. જે એમણે પોતાનું કરીને મોટું કર્યુ, એને ઊછેર્યા અને આજે એ બાળકનું કદ એટલું વધી ગયું છે કે એ પોતાનાં મા-બાપને પાળી શકે એમ છે... પણ ના, અમારે આ વાત જાહેર નથી કરવી.હા, અવસર આવશે તો જરૂર જાહેર કરીશું પણ એમનેમ નહીં....



અને રાજા પણ સમજે છે કે, આ છોકરો ગોવાળનો ન હોય. આ તો ક્ષત્રિય બીજ હોય પણ જ્યાં લગી અવસર ન આવે ત્યાં લગી એ પણ મૌન છે એ નંદસિંહને પૂછતો નથી અને નંદસિંહ રાજાને કહેતો નથી. બાંધેલી મુઠ્ઠી રાખીને પીઢ માણસો બેઠાં છે.

...અને આ બધોજ વૈભવ એશ આરામ વિલાસોને છોડી-ફગાવીને આ ગંગાસિંહ અત્યારે આ ગંગાના કિનારે આવીને બેઠો છે. ગોવિંદ-એનો જિગરજાન મિત્ર -એનાં આ પાગલપનથી ચિંતિત છે. દરરોજ મા-બાપનાં કહેણ-કાસદ આવે છે ને કહી જાય છે કે બેટા ! ગંગાસિંહને તું જ સમજાવી શકીશ. તુંજ જાણી શકીશ એનાં મનને, જરાક ખોતરજે એનાં મનને. જરાક જાણવાની કોશીશ કરજે કે શું છે એના મનમાં ! બેટા! એને કહેજે કે, એનાં મા-બાપની ફીકર ન હોય તો કાંઈ નહીં, પણ આ ફૂલ જેવી માસૂમ સદ્યોવિવાહિતા વહુઓ માટે તો એ પાછો ફરે. ગંગાના કિનારે બહાવરો બનીને ચક્કર કાપવાનાં બંધ કરે. શુંદાટ્યું છે ગંગા નદીમાં ?

‘‘શું બાળ્યું છે આ ગંગામાં મને એમ તો કહે, જેનાં કારણે તને ભર્યાભાદર્યા સંસારમાં સુખ નથી લાગતું દોસ્ત!’’

ખૂબ હમદદી ભર્યા એ શબ્દો હતાં ગોવિંદનાં, અને એટલે જ ગંગાસિંહ ગોવિંદની હાજરીમાં ખૂલતો. એને વારેઘડી જનમભૂમિ યાદ આવતી કારણ કે ગંગા અને ગોવિંદ - આ બે એને ખૂબ ગમતાં. એ જાણતો હતો, કે ભલે યુગોના યુગો જશે પણ આ બેમાં ક્યારેય ફરક નહીં પડે. આ નદીમાં વહેતો પાણીનો પ્રવાહ, ને મારાં મિત્રનાં દિલમાં વહેતી લાગણીનો પ્રવાહ... આ બે વહેણ કદી મોળાં નહી પડે અને માટે જ એનાં જ આકર્ષણે ગંગાસિંહ દોડી આવતો અહીં....

એની દર્દભરી અપીલ સાંભળીને ગંગાસિંહે એની સામું જોવાનું ટાળી દીધું. એ કોઈનું દુઃખ જોઈ ન શકતો. એણે ગંગા સામે જોયા કર્યું. ધસમસતા વહેતાં પાણી...ક્ષણભર જોઈ રહ્યો એ. પછી બોલ્યો ''શું કહું તને દોસ્ત ! બધું જ છે પણ કાંઈ નથી, અને જે નથી, એ એવું છે, કે એનાં વિના નિર્જીવ લાગે છે બધું. જે છે એની કિંમત નથી કરી શકતો હું...''

''તું જરૂર મારાંથી કાંઈક છૂપાવે છે.''બોલી ઉઠ્યો ગોવિંદ અને અચાનક ગંગાસિંહ એની સામું જોઈ રહ્યો.

''તારી વાત સાચી છે.'' અપરાધ કબૂલ કર્યો હોય એમ બોલ્યો એ. ''તારાથી હું છૂપાવું છું, પણ તને કહું શી



રીતે ? અત્યારે તને મારું વર્તન વિચિત્ર લાગે છે. પણ જો આ તને કહીશ, તો હું ગાંડો લાગવાં માંડીશ તને.'' ખૂબ વાસ્તવિક રીતે બોલ્યો ગંગાસિંહ. ના, એ મજાક નહતો કરતો. એ ગંભીર હતો.

''શી વાત છે દોસ્ત ! મને કહેવી જ પડશે.''

''વાત એમ છે મિત્ર ! કે મને એક સપનું આવે છે...'' બોલ્યો ગંગાસિંહ પછી બે ક્ષણ ગોવિંદનાં મુખ પર તાકી રહ્યો. એનાં ચહેરાં પર ઉત્સુકતા જણાઈ, ત્યારે એનામાં આગળ બોલવાની હિંમત આવી.

..... અને જાણે આંખની સામે એ સપનું જોતો હોય, એમ બોલવાં માંડ્યો. ગંગાસિંહ .... ગાઢ જંગલ છે. એની આથમણી બાજુએ એક ઝૂંપડી છે. ઝૂંપડીની બહાર એક હરણી બેઠી બેઠી બચ્ચાંને રમાડે છે. ઝૂંપડીની અંદર એક ખૂણામાં કોઈ દેવની પ્રતિમા છે. કયાં દેવ ને કોનાં દેવ છે એ તો નથી જાણતો પણ એ પ્રતિમા છે ખૂબ તેજસ્વી અને એની સામે... હા જો, જાણે સ્વર્ગલોકમાંથી કોઈ અપ્સરા રમવાંને આવી હોય, એવી રૂપવતી સુંદરી કોઈ એક યુવતી બેઠી છે. એણે શ્વેત ધવલ વસ્ત્રો પરિધાન કર્યા છે એનાં શરીર પર ક્યાંય કોઈ આભરણ નથી. અને પોતાનાં ઈષ્ટદેવની સન્મુખ એ યુવતી એક શ્વેત દક્ષિણાવર્ત શંખ

લઈને વગાડે છે. શું એનો ધ્વનિ છે, શું એનો નાદ છે ? અને એ અવાજમાં હું આ દુનિયા ભૂલી જાઉં છું, હું ખોવાઈ જાઉં છું, ત્યાં તો અચાનક આકાશવાણી સંભળાય છે...

'રે ગંગાસિંહ !પહેલાં મુકનસિંહ! પછી રણજિત સિંહ ! અને હવે ગંગાસિંહ ! હે ગંગાસિંહ ! આ જેને તું જોઈ રહ્યો છે, તે સ્ત્રી નથી, દેવી છે દેવી. આ સ્ત્રી જો દુનિયામાં ન હોત, તો અત્યારે જીવતો ન હોત તું. તું જે સમૃદ્ધિનાં સુખી સંસારનાં મહેલ પર ઊભો છે. એ મહેલનાં પાયામાં આ સ્ત્રીની બલિદાન કથા છૂપાઈ છે રે ગંગાસિંહ! તારે માથે એનું ઋણ છે. તારે માથે એનો અહેસાન છે. તું કૃતઘ્ન ન બન, તું શોધ એને, તું મેળવી લે એને , ને પૂજા કર એ દેવીની...''

હું પૂછી બેસું છું, ''ક્યાં મળશે મને એ? અને જવાબ મળે છે ગંગાના એ કિનારે, કે જ્યાંથી તું સૌથી પહેલાં નંદસિંહ ગોવાળને મળ્યો હતો, એ જ જગ્યાએથીએ મળશે તને... અને સપનું ઊડી જાય છે.''

બસ, ત્યારથી આ નદીના કિનારે આંટા મારૂં છું. બોલ ગોવિંદ ! હું શું કરૂં હવે ?....

❋ ❋ ❋



## ૨

કાજળ ઘેરી મેઘલી રાત હતી અને ગંગાને કિનારે થોડે દૂર ઝૂંપડી બાંધીને બેઠેલો ગંગાસિંહ રાહ જોતો હતો, કોઈના આવવાંની. એનું હૈયું હાથમાં ન હતું. વારે ઘડી એને રોમાંચ થઈ જતો. અને અદમ્ય ઈચ્છા થઈ આવતી જવાંની. હાથ પર મુઠ્ઠી પછાડી જડબા ભીંસીને એ મહાપરાણે જાતને રોકતો, કારણ કે એનો મિત્ર નહતો આવ્યો, અને એણે એનાં મિત્રને વચન આપેલું કે ક્યારેય પણ ગંગા પાસે એકલો નહીં જ જાઉં...

હા, એ સાજો નરવો હતો, નવયુવાન હતો, સ્વસ્થ હતો પણ છતાં'ય એક રાજમાન્ય સામંત અનિયત સમય માટે રાજા પાસેથી રજા મેળવીને સાવ એકલો અટૂલો આમ ગંગા કિનારે ફર્યા કરે, જેને ઘર છે, મા-બાપ છે. પ્રેમાળને રૂવતી આઠ-આઠ પત્નીઓ છે. અરે ! શું નથી ? જગતમાં જન્મીને મનુષ્ય જે પામવાની ઈચ્છા કરે, એ સઘળું પામી ગયાં પછી હવે આને શું જોઈએ છે ? કેમ અહીં અટવાયાં

કરે છે આ?

અને વાતો પણ કેવી કરે ? સાવ બોઘા જેવી, સાવ તર્ક વિનાની, ના, ભણેલો છે, હોંશિયાર છે. અંધશ્રદ્ધાળુ નથી, આત્મ વિશ્વાસથી છલોછલ ભરાયેલો છે અને તોય નાનાં બાળકની જેમ કહે છે: મને એક સપનું આવે છે અને સપનામાં કહે છે કે તારી મહામૂલી જણસ આ ગંગાને કિનારે ખોવાઈ ગઈ છે, જેના વિના તારૂં જીવન અધૂરૂં છે. જેણે તારી પર ઉપકાર ન કર્યો હોત, તો તું આ જગતમાં જીવતો ન હોત એવું કોઈ, તારૂં ખૂબ અંગત, હંમેશા તારાં માટે શુભેચ્છા ચિંતવતું. તારી પ્રગતિની ઈમારતનો પાયો, જેની પર તારા સર્વ અભ્યુદયનો પાયો ઊભો છે અને જેને સન્માન આપ્યાં વિના, જેને તારા જીવનમાં યોગ્ય સ્થાન આપ્યાં વિના તારી જીંદગી અધૂરી છે, ભાંગેલી છે, માંદલી છે. એવું કોઈક, જેનાં વિશે તું કાંઈ જ નથી જાણતો પણ જે તારા વિશે બધું જ જાણે છે, તારાં જીવનનાં બધાં જ રહસ્યો જેને ખબર છે, તેવું કોઈક તને ગંગાના કિનારે મળી આવશે.''

આવું બધું સપનામાં આવે ? આવે, એક તો એને આમે'ય બચપનથી ગંગા પર ખૂબ લગાવ છે. આ એનાં દોસ્ત ગોવિંદની સાથે ગંગાના ધસમસતા વહેણમાં



કેટલીયવાર એ ડુબકી મારવા પડ્યો છે. અને પડ્યો છે તો એક બે વાર નહીં. કેટલી'ય વાર તણાયો પણ છે, નાકમાં પાણી ઘૂસી ગયું છે, ગંગાના વેગીલા પ્રવાહમાં તરવું એ કાંઈ સહેલું છે ? પણ કોણ જાણે કેમ ? જાણે કે ગંગાને પણ આની માયા છે આ મર્યો નથી. આ નદીએ એને ગૂંગળાવ્યોછે, અકળાવ્યો છે, બેભાન કરી મૂક્યો છે, પરંતુ માર્યો નથી હા, કોઈક તો તાકાત હોવી જોઈએ, બાકી આવી ઘેલછા કરનારો જીવતો ન રહે.

એટલે જ તો એનું નામ પાડી દીધું: ગંગાસિંહ. એને એક તો ગંગા ગમે, ખૂબ ગમે, ને દેખાય સિંહ જેવો. વાંકડીયાં ઝૂલ્ફા, મોટું માથું, પતલી કમર, પહોળી છાતી ને તગડો દેહ. રૂઆબ પણ સિંહ જેવો. બોલે ઓછું પણ એવું બોલે કે તમારે એની વાત માન્યે જ છૂટકો. બાદશાહ બની જાય બધાંનો....

અને એની હમણાંની આ અવસ્થામાં એ ક્યાંય કાંઈ જોઈ જાય ને ડૂબકી મારી દે ગંગામાં, તો ભારી પડી જાય. દર વખતે કાંઈ ગંગા દયા ન જ ખાય ને ? ને આ સંજોગોમાં તો એને એકલો ક્યારેય ગંગાના કિનારે જવા જ ન દેવાય...

મેઘલી રાત... ધડામધુમ કરતાં વાદળાં ગરજે છે,

અને વચ્ચે વચ્ચે વિજળીઓ ચમકારા દઈ જાય છે. ઝરમર વરસાદ ચાલુ થઈ ગયો છે અને હવે... જ્યાં માણસે આવીને સમાચાર આપ્યાં. "સરકાર ! ગોવિંદ આવ્યાં છે." અને વિજળીનો આંચકો લાગ્યો હોય, એમ ઊભો થયો ગંગાસિંહ. હજી તો ઊઘાડી ડેલીએ સાંકળ વાસતો હતો ગોવિંદ ત્યાં તો...

"ગોવિંદ! ચાલ..હમણાં જ ચાલ..." એણે ગોવિંદનો હાથ પકડી લીધો.

"અરે પણ ગંગા ! જોતો ખરો, વરસાદ પડશે, પલળી જશું, શરદી....."

"ગોવિંદ મારાંથી નહી રહેવાય. હવે વરસાદ તો શું પ્રલયપૂર પણ મને નહીં અટકાવી શકે, મહેરબાની કરીને તું ચાલ..." વિજળી ચમકી અને ગંગાના ચહેરા પર જે અપાર અધિરાઈ હતી તે જોઈને તો ગોવિંદ પણ આનાકાની ન કરી શક્યો..

હાથમાં હાથ પકડીને બન્ને મિત્રો ચાલ્યે જતાં હતા. લગભગ દોડ્યે જતાં હતાં, ગંગા દોડતો હતો અને ગોવિંદ એની પાછળ લગભગ અવશ થઈને ઢસડાતો હતો...

ક્યાં જવાનું હતું ? કઈ દિશાએ જતાં હતાં તેઓ ? ખબર નથી બસ, ત્યાં દૂર ગંગાનાં પ્રવાહનો ઘોષ



સંભળાતો હતો. એક તરફ એ ઘૂઘવાટ અને બીજી બાજુ ગંગા ને ગોવિંદના મનમાં ચાલતો ઘૂઘવાટ. આકાશમાં ધીરે ધીરે ગોરંભાતાં વાદળાં અને કડાક કરતો વિજળીનો ચમકારો થયો. ગંગાનાં પગ થંભી ગયાં.

"ગોવિંદ... !"

"શું થયું ગંગા ?"

"ત્યાં જો, કોઈ પ્રકાશ દેખાય છે. કોઈ માનવ આકૃતિનો ભાસ થાય છે." અદ્રશ્ય આભા ચમકતી હતી ગંગાના મુખ પર ભરપૂર ઉત્સુકતા હતી એનાં મનમાં...

ગંગાએ ચીંધેલી આંગળીની દિશામાં ગોવિંદની નજર ઠરી. હા, ખરેખર ત્યાં પ્રકાશમાં સ્નાન કરતી કોઈ વ્યક્તિ ખડી હતી. પ્રકાશની વચ્ચે એ હતી કે એનાં શરીરમાંથી પ્રકાશ નીકળતો હતો તે સમજાતું ન હતું. કાળી રાતે ગંગાનાં કિનારે આવું દ્રશ્ય જોઈ જવાય, તો છળી મરે કોઈ. ગંગામાં મરી ચૂકેલી કોઈ વ્યક્તિની ભૂતાવળ હશે એમ માની બેસે કોઈ...

પણ આ તો બહાદુર માણસો હતાં.

"ઊભો રહે ગંગા !" પરાણે ખેંચીને ગંગાને ઊભો રાખ્યો ગોવિંદે.

"તું એ તરફ કેમ ખેંચાઈ રહ્યો છે ? તને ખબર છે કે ત્યાં શું છે ? કોણ છે ? શું નિશ્ચિત છે કે તું એ માટે જ જઈ રહ્યો છે ?"

"હા હા ગોવિંદ..." નાના બાળકની જેમ બોલ્યો ગંગાસિંહ. "મને આજે ફરીથી પેલું સપનું આવેલું- ઊંઘ ખરાબ થઈ ગઈ મારી. મને કોઈ આવીને કહી ગયું કે તારું નસીબ ગંગાના કિનારે છે અને તું અહીં સૂતો સૂતો શું કરે છે ? ચાલ ઊઠ, ઊભો થા. આજે બાવીસ બાવીસ વરસ પછી તારાં જીવનનાં રહસ્ય પરથી પડદો હટવાનો છે."

"ગોવિંદ ! સાચું કહું ? પારાવાર ઉત્સુકતા હતી, ચટપટી થતી હતી, ભયાનક કુતૂહલ થતું હતું મને. તને વચન આપેલું. બાકી એકલો જ દોડી આવ્યો હોત ક્યારનોય..."

"મને જોવાં દે પહેલાં. તું અત્યારે ભાવાવેશમાં છે મૂર્ખ !" કહીને ગોવિંદ એ માનવ આકૃતિ સમક્ષ જોઈ રહ્યો. ક્ષણવાર પછી એણે જાણે કે કોઈ નિર્ણય કર્યો અને પછી ગંગાને કહ્યું."ચાલ..."

ગંગાસિંહ તો જાણે કે રાહ જોઈને બેઠો હોય, તેમ ઉત્સાહથી ચાલ્યો. એની પાછળ પાછળ ચાલતાં ગોવિંદે



પોતાની કમ્મરેથી તલવાર ખેંચીને બહાર કાઢી રાખી. વિજળીનાં ચમકારામાં એની તલવાર ચમકી ઊઠી. સાવધાનીથી એ આગળ ચાલ્યો.

ઘણો કાદવ હતો. પાણી ધોવાઈને નદી તરફ વહી જતું હતું. આવાં સમયે અહીં કોણ આવે ? કેમ એકલો ઊભો રહે ?

આગળ જઈને જોતાં તો મગજ બહેર મારી ગયું. એ માનવ પુરૂષ ન હતો, સ્ત્રી હતી, "ગંગા સંભાળીને..." કહ્યું ગોવિંદે, પણ એનો ખુદનો જ પગ લપસતાં રહી ગયો...

નદી સામું મુખ રાખીને ઊભેલી એ સ્ત્રીની અત્યંત નિકટ ગયાં, તો પણ એને ખબર ન પડી. આખરે આતુરતાથી પીડાતાં ગંગાએ ગોવિંદનો હાથ દાબ્યો. 'શું કરશું ? આ તો સ્ત્રી છે" પછી એનાં કાનમાં જઈને ધીરેથી ફૂંક મારતો હોય, એમ બોલ્યો- " જે છે તે, પણ કાંઈક કર, કુતૂહલ, આશ્ચર્ય અને રહસ્યોથી મારૂં મગજ ફાટી જાય છે હવે..."

ગોવિંદ આગળ આવ્યો અને બોલ્યો "દેવી !"

# 3

“પણ આમ અહીં ક્યાં રાખો મા ! સાવ એકલી શું કરું હું ?’ પૂછી બેઠી બંસાલા, આકુળ વ્યાકુળ થઈ ગયેલી એ.

“કાંઈ નહીં બેટા ! બસ થોડીવાર આ ગંગાનાં વેગીલા પ્રવાહ ભણી જોયાં કર.”

“ પણ આવાં ઘોર અંધકારમાં મારે શું કરવું સાવ એકલા ?”

“એકલા એકલા ? ” જરાક સખ્તાઈથી બોલ્યા દેવી. “એવું કેમ વિચારે છે ! લાખ વખત તને કહ્યું, કે તું એકલી નથી જ, હું છું તારી સાથે.”

દેવી માતા બોલ્યાં, પણ બંસાલાને આ સમયે એમની વાત પર હસવું કે રડવું એ સમજાતું ન હતું આ તો એમનો શિસ્તભર્યો પ્રેમ હતો, કે પ્રેમભર્યું અનુશાસન?

“મને કાંઈ જ સમજાતું નથી” આખરે બંસાલા



બોલી ‘કાંઈ તો કહો મા !”

ચોત્રીસ વર્ષની વય થઈ ગઈ હોવા છતાં, બંસાલાના શરીર પર સૌંદર્યની જે શુભ્રતા અને ભરપૂરતા હતી, એને જોતાં કોઈ એમ જ અનુમાન કરે, કે આ તો ષોડશી કન્યા હશે.

છેલ્લા બાવીસ વર્ષોથી સતી બંસાલા સાથે દેવી માતાને ઘરોબો હતો, સંબંધ હતો. આવી સુંદર જે મજબૂત પ્રીતિ બંધાઈ હતી, એનું કારણ હતું માત્ર ધર્મ શ્રધ્ધા.

છ મહિનાનાં પતિને લઈને ૧૨ વર્ષની નાજુક વયે જ્યારે બંસાલા જંગલમાં આવી હતી, ત્યારે માત્ર ધર્મનાં ભરોસે જ આવી હતી. અને જે કોઈ જ્યારે જ્યારે ધર્મની આંગળી પકડી ધર્મના સહારે જીવનનૈયાને પાર પામવાંની ઈચ્છા રાખે છે. તેમને હર હંમેશ સહાયપણું કરવાં બંધાયાં છે શાસન દેવો . “દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો.” જેનું મન સતત ધર્મમાં જ હોય છે, એને દેવો પણ નમસ્કાર કરે છે.

“કોણ જાણે આજે સાંજે શું સૂઝ્યું દેવી માતાને ?” ગંગાનાં પૂરપાટ વહેતા જળ ભણી અનિમેષ

જોઈ રહેલી બંસાલા વિચારી રહી હતી. એને દેવી કહીને ગયાં છે. બીજે ક્યાંય નહીં જોવાનું. માત્ર ગંગાના પ્રવાહ સામું જ જોવાનું. અને આમ પણ મન ચંચળ હોય છે, ત્યારે જ નજર તરલ બને છે. બંસાલાએ ઉંમરનાં આખા બે દાયકા જ ઓળંગી લીધાં છે, જે ઉંમરે સહજ મન ચંચળ બનતું હોય છે. સોળ વર્ષની ઉંમરથી તો બંસાલાએ મનને સ્થિર રાખતાં, સાધના, આરાધના ને ધર્મક્રિયામાં નિરત રાખતાં શીખી લીધું છે. મનમાં ચંચળતા નથી, નજર સ્થિર છે. પણ આ વખતે વિચારો ખૂબ આવે છે. અને એ પણ દેવીમાતાના... એમનું વર્તન જરાક અજુગતું જ લાગ્યું છે આજે બંસાલાને....

"દર વખતે જ્યારે એ મને મળવાં આવતાં, ત્યારે મારી સાથે ઘણી બધી વાતો કરતાં. સ્વામિનાથનાં કુશળ સમાચાર આપતાં. એમની નિરંતરાય પ્રગતિ જોઈને મને ખૂબ ઊંડો સંતોષ થતો."

"મારું એક જ સપનું હતું, રે ! મારું જ શા માટે? આર્યદેશમાં જન્મતી દરેક સતીમાત્રનું આ જ સપનું હોય, કે એનાં પતિની પ્રગતિ થાય. એ આગળ વધે ને પોતે એમને દરેક રીતે મદદરૂપ બને.



"ક્યારેક ક્યારેક બહુ ચિંતા થતી એમની. એ મારાંથી દૂર છે. ક્યાં હશે ? કેવાં હશે ? આ એક જ ચિંતા મારા મનને વ્યગ્ર કરી મૂકતી. બાકી બીજી કોઈ આશા, અપેક્ષા રહી નથી જીવન પાસેથી, બસ, આ એક ઈચ્છા આશા અપેક્ષા છે, કે આર્યપુત્ર જ્યાં પણ હો, સુખી હો...પણ મારે શી રીતે એમનાં સમાચાર મેળવવાં ?"

"અને હું મીટ માંડીને બેસતી ક્યારે દેવી માતા આવે, ક્યારે મને વાત જણાવે, અને ક્યારે એમની વાતોનું મારાં કાનનાં ખોબલાં ધરી ધરીને રસપાન કરું હું..."

"ખરેખર, રીતસરની તલસતી રહેતી હું. જેમ ચાતક આતુરતાથી વરસાદની રાહ જુએ, તેવી જ આતુરતાથી રાહ જોતી દેવી માતાની."

"અને દેવી માતા પધારતાં, પણ મા પણ છે ને, ખૂબ નટખટ છે. જલ્દી બોલે જ નહીં. જલ્દી સમાચાર આપે જ નહીં. અડધું કહે, ને અડધું છૂપું રાખે. મારે એમને મનાવવા પડે, થોડાં ફોસલાવવાં પડે. પછી જ બધી વાતો જણાવે મને..."

"એ જ્યારે જ્યારે આવે, ત્યારે ત્યારે મારાં એકરાગી જીવનમાં થોડાં અવનવાં રંગો ઉમેરીને જાય.

મારાં જીવનના આકશમાં મેઘધનુષ ઊગે. માતા ખૂબ સારા છે મને ખૂબ ગમે છે. ઘણીવાર મને એમ લાગે છે, કે એમનાં આટલાં બધાં પ્રેમને લાયક નથી હું. મને એમ પણ લાગે છે કે એ ક્યારેક મને લડે, હક્ક જમાવે, મને આજ્ઞા આપે, આદેશ કરે, પણ...''

મને શી ખબર, કે એવું આજે જ થવાનું છે, અને આ રીતે જ થવાનું છે! જબરું કર્યું આજે માતાએ.

બંસાલાની આંખોમાં સ્મિત ઝળકી ગયું. એને આજ સાંજની ઘટના યાદ આવી ગઈ. એ શું હતું?

'જો બેટા! આ આસમાની રંગનું ઉત્તરીય, સફેદ ઓઢણી, અને જાંબુડીયા રંગનાં વેલબુટ્ટાવાળું અધોવસ્ત્ર...

'અને જો આ સુંદર અલંકારો, આ ઝૂલતી બુટ્ટી, તારી આંખ જેવી જ તીક્ષ્ણ લાગતી આ હીરાની દામિની, નવસેરો હાર, કંકણ, કડા, બાજુબંધ, કેવું લાગે છે આ બધું?'' અચાનક જ માતાએ આમ પૂછી લીધું હતું.

'છે તો સરસ, પણ દેવીમાતા! કોને માટે આ બધું લાવ્યાંઆપ?''

બંસાલાએ જ્યારે પૂછયું, ત્યારે બે ઘડી દેવી એની



સામું નિરંતર જોઈ રહેલાં '' આ જગતમાં સ્ત્રી હોય ને સુંદર વસ્ત્રોને ઉત્તમ અલંકારોને જોઈને છળી ન મરે, આવું હોય ખરું?'' ચોંકી ઊઠ્યાં હતાં માતા. આ અકલ્પ્ય હતું એમનાં માટે, પણ સત્ય હતું... એક નિસાસો મૂકાઈ ગયો એમનાંથી. '' આટલી યુવાન વયમાં આને કેમ આવો વૈરાગ્ય આવી ગયો છે.''એવો ગમગીન વિચાર કરી લીધો એમણે અને પછી શ્વાસ ભરીને કહ્યું.

''આ બધું તારાં માટે જ છે, અને આજે આ બધો સાજ તારે સજવાનો છે.''

'પણ...'

''પણ ને બણ કાંઈ નહીં ચાલે.'' બંસાલાને દેવીએ બોલવાં જ ન દીધું. જાણે કે એમને પહેલેથી ખબર હતી, કે એ ના જ પાડશે. પણ આ વખતે એમણે નક્કી કરેલું ''જો તું મને તારી માતા માનતી હો, તો તારે મારી આજ્ઞા માનવી જ પડશે. આજે તો તારે આ બધું જ પહેરવું જ પડશે.''

જબરો આગ્રહ હતો દેવીનો. એમના હાથમાંથી એણે બધાં વસ્ત્રો, અલંકારો લીધાં. કુટીરમાં વસ્ત્ર બદલાવવાં ચાલી. દસ ડગલાં ચાલ્યાં પછી અટકી ગઈ. પાછી ફરીને બોલી ''માતેશ્વરી! આ બધું શા સારું? મને

કશા અરમાન નથી આ બધાનાં.''

ત્યારે માતા બોલ્યાં - ''બેટા! તારાં નહીં મારા અરમાન છે. અને એ તારે પૂરાં કરવાં જ પડશે. એ નક્કી છે.''

''પણ માતા ! આ બધું શા માટે ? આજે જ કેમ આ બધું સૂઝ્યું છે આપને ?'''' એ બધું તને થોડી જ ક્ષણોમાં સમજાશે.''

કહ્યું હતું દેવીએ, એ પછી બંસાલા માટે બોલવાનું કાંઈ બાકી ન હતું. એ ચાલી, કુટિરમાં અંદર ગઈ અને દરવાજા ભીડાયાં ત્યારે ખૂબ હળવેથી, હવા પણ ન સાંભળે એમ દેવી બોલ્યાં-''આજે તારાં સાચા લગ્ન છે બેટા ! અને મા તરીકે મારાં તને પરણાવવાનાં કોડ છે; ખૂબ ભવ્યતાથી, તારાં સમ્માનને છાજે એ રીતે....''

થોડી ક્ષણોમાં બંસાલા બહાર આવી ત્યારે સાક્ષાત્ મા લક્ષ્મીનો અવતાર લાગતી હતી.''અખંડ સૌભાગ્યવતી ભવ''

માતાએ એને વણમાંગ્યા આશીષ ભેટ ધર્યા. અને હવામાં હાથ ફેરવી એક આદમકદ અરીસો વિકુર્વ્યો. પછી બંસાલાને હાથ ઝાલી એની સામે ઊભી કરી દીધી.

''કેટલી પ્યારી લાગે છે આ વસ્ત્રોમાં તું ?'' પ્રેમથી બોલ્યા માતા. બંસાલા જોઈ રહી, ખરેખર ખૂબ સુંદર



લાગતી હતી એ. ત્રિભુવનનું સકલ સૌંદર્ય જાણે કે એના દેહ પર મહોરી ઉઠ્યું હતું અને એનાં ચહેરા પર વિલસતી હતી નિતાન્ત નિર્દોષતા... પારાવાર ઉદાસીનતા ... એ દેવીથી શી રીતે છાનું રહે? એમણે એનાં માથે હાથ મૂકીને કહ્યું -

''મને ખબર છે કે મારી દીકરી હવે આ બધાય દુન્યવી વિચારોથી ઉપર ઊઠી ગઈ છે. એને આ બધામાં ખરેખર સુખ નથી લાગતું. ને જે સાચું છે, એમાં જ સુખ લાગે છે. પણ એક મારી ઈચ્છા ખાતર જ એણે આ બધું કર્યું છે. બસ, મારી મરજી ખાતર...માટે બેટા!તારું દિલ દુઃખાતું હોય, તો માફ કરજે...

''ના મા ! ના...'' બંસાલા એ પ્રતિબિંબમાં દેખાતા માતાની સામું જોઈને બોલી. ''આખી બાવીસ વર્ષની જિંદગીમાં તમે એકવાર તો મને કોઈ આજ્ઞા આપી છે... અને મેં ખુશી ખુશી પાળી છે એ માટે મારું મન દુભાય કેમ! પણ મા, તમે આવું બોલો છો, તેથી મારું મન દુભાય છે.''

''ખૂબ ડાહી છે દીકરી!'' દેવી માતાએ એને છાતી સરસી ચાંપી લીધી. શું દેવતાઓ પણ માનવીય પ્રેમ માટે ઝૂરતાં હોય છે ?

"પણ માતા અહીં ક્યાં રાખો છો મને ? હું શું કરું અહીં ?"

"કાંઈ નહીં બેટા ! બસ થોડીવાર આ ગંગાના પ્રવાહ ભણી જોયા કર."

"પણ આવાં ઘોર અંધારામાં મારે શું કરવું એકલાં એકલાં ?'

"એકલાં એકલાં.." દેવી બોલ્યાં "એવું કેમ વિચારે છે ! લાખ વખત તને કહ્યું, કે તું એકલી નથી, હું છું તારી સાથે."

દેવી માતા બોલ્યાં હતાં પણ બંસાલાને એમની આ વાત પર હસવું, કે રડવું એ સમજાતું ન હતું. આ તો એમનો શિસ્તભર્યો પ્રેમ હતો કે પ્રેમભર્યું અનુશાસન.. ?

"મને કાંઈ સમજાતું નથી, કાંઈક તો કહો મા!" આખરે બંસાલા બોલી હતી, પણ એ વખતે કાંઈ જ ન કહેતાં દેવી તો હસતાં હસતાં અદૃશ્ય થઈ ગયેલા, અને ગંગાના પ્રવાહને જોઈ રહેલી સતી બંસાલા આજ સાંજે દેવીનું આગમન થયું, ત્યારથી માંડીને દેવી અહીં લઈ આવ્યાં. ને પોતે પ્રશ્ન કર્યો એનો જવાબ આપવાંને બદલે અદૃશ્ય થઈ ગયા. આ આખીય ઘટના સડસડાટ ચિત્રપટની



જેમ સ્મૃતિપટલ પર વિચારી ગઈ.

હવે એની ધીરજ લગભગ ખૂટવાંની અણી પર જ હતી. કાંઈક તો હવે જરૂર કરવું જ પડશે. એવું તે વિચારતી જ હતી દેવી માતાને પોકાર પાડવાંની એ તૈયારી જ કરતી હતી. ત્યાં જ એને પાછળથી કોઈ પૌરુષી અવાજ સંભળાયો.

"દેવી!" અને ચોકીને તે પાછું ફરી ગઈ સામે બે પુરુષોને ઊભેલા જોયાં. એને યાદ નથી કે કેટલાં વર્ષો પહેલાં એણે નજરો નજર પુરુષને જોયાં હતાં ? એનું મન ઘૂંટાવા લાગ્યું. સહેમી ગઈ નારી 'કોણ છો તમે ?" અનિચ્છાએ પણ એનો અવાજ ખૂબ મોટો થઈ ગયો.

"તમે કોણ છો દેવી ? આ જ પ્રશ્ન અમારે તમને કરવાંનો છે. અને આટલી મધરાતે અહીં કેમ ઊભાં છો ?"

આહત થઈ ગઈ બંસાલા. એ આ પ્રશ્નનો શું જવાબ આપશે ? અને જો સાચેસાચો જ જવાબ આપશે. તો એની વાતને સાચી કોણ માનશે ?

"અ...બ.." આબે અક્ષરોથી વધુ એ જવાબ ન આપી શકી.

"બોલો બોલો ! આટલી રાતે અહીં એકલાં તમે શું કરો છો ? શા માટે મારાં મિત્રનાં મન પર મેલાં કાળા

કામણ દુમણ કર્યા કરો છો? કહો?'' ગોવિંદનાં અવાજમાં ધાર નીકળી આવી, અને તલવારની મૂઠ પર એની પકડ મજબૂત બની.

''જુઓ મહાશય!તમારી ગેરસમજ છે કોઈ. મારે તમારા મિત્ર સાથે કોઈ જ સંબંધ નથી.'' બંસાલા બોલી.

''હળાહળ જૂઠ, સાવ ખોટું, તમે જ મારા મિત્ર પર કામણ કરી, કાળાં જાદુ કરી, એનાં મનની પરિસ્થિતિ બગાડો છો. શું બગાડ્યું છે મારાં મિત્રે તમારું? શું કામ છેલ્લા ઘણાં દિવસોથી તમે એની પર પ્રયોગો કર્યા કરો છો?''

''મારું કોઈ એ કાંઈ બગાડ્યું નથી ભાઈ! અને હું પણ કોઈનું બગાડતી નથી.''

''તો અહીં આટલી રાતે આવીને ઊભાં કેમ છો? શું કરો છો તમે અહીં?''

''હું કહું?'' કોઈ અદૃશ્ય વ્યક્તિનો અવાજ સંભળાયો ગોવિંદ અને ગંગા આશ્ચર્યથી એ દિશા તરફ જોઈ રહ્યાં. અને બંસાલા સંતોષથી ત્યાં જોઈ રહી. એ આ અવાજને ઓળખતી હતી. આ દેવીમાનો અવાજ. વધારે ને વધારે નજીક નજીક આવતો રહ્યો. વિજળીનો એક ચમકારો



થયો, અને અદૃશ્ય દેવીએ દર્શન આપ્યાં. ગોવિંદ હબક ખાઈ ગયો. ગંગાની સાથે એની સુરક્ષા કરવાં એ અહીં આવેલો, પણ આ અસામાન્યોની પરંપરા જોઈને એનું મગજ બહેર મારી ગયું..

ગંગાસિંહ તો સ્થિર નજરે નાના બાળકની જેમ જ જોઈ રહ્યો હતો આ બધું. અને બંસાલા... એણે હાથ જોડીને મુક્તિનો શ્વાસ લીધો. હાશ હવે આ બધાં અનજાન લોકોનાં ત્રાસમાંથી મા બચાવશે મને. પણ એને ક્યાં ખબર હતી કે આ અનજાન લોકો એનાં અત્યંત નિકટનાં સ્વજન હતાં અને એમનો પરિચય કરાવવાં જ દેવીએ આ પ્રસંગ ઊભો કર્યો હતો. એનાંથી છુટકારો કરાવવાં નહીં.

''ગોવિંદ!'' કોઈ અજાણ્યો માણસ પોતાનું નામ જાણે છે એ જાણીને એ તો હબક જ ખાઈ ગયો. દેવીએ બહુ લાંબી ભૂમિકા બાંધ્યા વિના જ કહી દીધું. ''બંસાલા ગંગાસિંહની પત્ની છે.'' ખલાસ...ત્યાં ઊભેલાં ત્રણેયને માથે વિજળી પડી.

''મા! આ..'' 'હા બેટા! આજ તારા પતિ છે. આજે બાવીસ વર્ષે તને મળ્યાં છે એ.'' બંસાલા અને ગંગાસિંહની આંખો મળી, અને તરત જ બંસાલાની આંખો

ઢળી ગઈ. ગંગાની આંખમાં એના માટે શું ભાવ હતો એ પણ ન વાંચી શકી બંસાલા. એ તો બસ અનાદિકાલીન નારીસુલભ સમર્પણ ભાવથી પ્રેરાઈ આગળ વધી. ગંગાના ચરણસ્પર્શ કરવાં ચાલી. જ્યાં એ ઝૂકવા જાય ત્યાં તો...

"નહીં ઈં ઈં ઈં..." ચિલ્લાઈ ઊઠ્યો ગંગા, બંસાલાનાં દિલમાં ચિરાડો પડ્યો. ગોવિંદના મનમાં ધ્રાસકો પડ્યો. "શું થયું ગંગા? દોસ્ત! શું થયું તને?"

"ગોવિંદ ! આ બધું શું નાટક છે, મને કંઈ સમજાતું નથી. આ કોઈ સ્ત્રી આવીને કહી દે, કે આ સ્ત્રી મારી પત્ની છે. એટલે હું માની લઉં? મે ક્યારે લગ્ન કર્યા છે એની સાથે? શું સપનામાં લગ્ન કર્યા? શું આગલા જન્મમાં લગ્ન કર્યા? કોણ કહેશે આની ને મારી ઉંમરની સરખામણી કર્યા પછી, કે આ સ્ત્રી મારી પત્ની હોઈ શકે?"

"પણ છતાંય એ વાત હકીકત છે. આ સ્ત્રી તારી પત્ની જ છે. માત્ર પત્ની જ નથી જીવનદાતા છે. આનાં વિના તારી જિંદગી શક્ય ન હોત બેટા!"

પ્રેમભરી સખ્તાઈથી બોલાયેલાં આ દેવીનાં શબ્દોને સાંભળી ગંગાસિંહ તાજ્જુબ બની ગયો. એનો



વિવેક જાણે કે જાગૃત થઈ આવ્યો. એણે બે હાથ જોડીને ભાવથી નમન કર્યા અને પછી બોલ્યો.

"માતા! મને સમજાય એવી વાત કરો." અને એનાં વિનયથી પ્રસન્ન થઈને માતા બોલ્યાં, " એક છ મહિનાનો મુકનસિંહ હતો. ને બાર વર્ષની બંસાલા હતી." અને લગાતાર અર્ધપ્રહર સુધી ગંગાસિંહનો એનાં પોતાનાથી જ અંજાન એવો રહસ્યમય ભૂતકાળ ખૂલતો રહ્યો. એક પછી એક પડળો ઊંચકાતા ગયાં.

માતાનું કથન પૂરૂં થયું. વરસાદ વરસતો હતો. ત્રણેય જણાં પલળી ગયા હતાં. ક્ષણવાર નીરવ નિષ્ક્રિયતા છવાઈ. ત્રણેય નીચા મોંએ, મૂંગા મોંએ ઊભા રહ્યાં. પલળતા રહ્યાં. સૌથી પહેલાં ગોવિંદને જાણે કે ભાન આવ્યું. એણે દેવી સામું જોયું. એમનાં પુલકિત હાસ્યમાં કોઈ સંદેશ છૂપાયો હતો. એણે પાસે જ ઊભેલાં ગંગાનો હાથ દબાવ્યો. એનું માથું ઊંચકાયું ગોવિંદે નજરથી પ્રેરણા કરી. ગંગા સમજી ગયો.

પલળતી ઊભેલી બંસાલાની સામું ગંગાસિંહ જોઈ રહ્યો. પછી ધીરેથી આગળ આવ્યો. એનાં મનમાં દરિયો ઊછળ પછાડ કરતો હતો.

હળવેથી એણે બંસાલાના હાથ સાહ્યાં. ખૂબ સલુકાઈથી એ બન્ને હાથ પોતાની આંખોએ અડાડ્યાં. હૃદયનાં સાચાં ઊંડાણથી બોલ્યો-

"મહાસતી!તમારાં જીવનનાં ભોગે જ મારું જીવન બચ્યું છે. તો હવે બાકીની જિંદગી તમારા નામે રોકાણ છે. જીંદગીની પરિધિમાં ભલે કોઈપણ હશે, કેન્દ્રમાં તમે હશો. તમે મારી જવાબદારી નથી, તમે મારી જિજીવિષા છો. મારી જિંદગી છો તમે."

એક માત્ર દેવી સિવાય બાકીનાં ત્રણેયની આંખમાં આંસું હતાં. ત્યારે દેવીને પણ પોતે દેવ હોવાંનો, આંસુ ન સારી શકવાનો, અફસોસ થયો હશે.



# ૪

ગંગા નદીના કિનારે આવેલાં એ આલિશાન અતિથિ ભવનનાં બીજા માળનાં ઝરૂખામાંથી ગંગાનો વહેણ દેખાતો હતો એકધારો તોફાની, ઉલ્લાસ ઉત્સાહથી સભર, દુનિયાથી બેખબર, નિજની મસ્તીમાં જ મસ્ત. એકીટસે એને જોઈ રહી હતી બંસાલા... ચાંદની સભર રાત છે. કિનારે ઠેરઠેર દીવા મૂક્યાં છે. અને ઘૂઘૂ અવાજ કરતો વહેણ એક ધારો વહ્યાં કરે છે.

"આમ ને આમ જ એક ધારું જીવી ગઈ હું છેલ્લા બાવીસ વર્ષોથી". બંસાલા મનોમન નદી અને જીવનની સરખામણી કરવાં લાગી. "એકધારું, ધસમસતું, દુનિયાથી બેખબર, માત્ર પોતાની મસ્તીમાં મસ્ત" પછી નજર આગળ આગળ લંબાવી, તો ત્યાં પ્રવાહમાં એક વળાંક આવતો હતો. તોફાની વળાંક. એનાં કારણે કિનારાની દિવાલ ફાટી ગઈ હતી એમાં ગાબડા પડ્યાં હતાં અને કોતરો રચાઈ ગયેલી....

"આખરે નદીની જેમ મારી જીંદગીમાં પણ એક અણધાર્યો વળાંક આવ્યો. ખૂબ ગોઝારો વળાંક. અને છેલ્લાં બાવીસ બાવીસ વર્ષોથી જંગલ ને ઝૂંપડીમાં કુદરતના ખોળે જ જીવનારી આ બંસાલા આજે'' એ પાછળ ફરી. એક નજરમાં આલિશાન ખંડની ભવ્યતા અને શ્રીમંતાઈને આંખમાં ભરી લીધી.

"એક રાજરાણીને શોભે એવી ભવ્ય ઈમારતમાં રહી છે. જીવનનો કેટલો મોટો વળાંક છે આ. કાલ સુધી એ એકલી જ સૂતી અને એકલી જ જાગતી આજે એની સાથે એનો પતિ છે. હવે એ એકલી નથી.'' આ વિચાર આવતાંજ એના મનમાં કાંઈક સારૂં પણ લાગ્યું, અને કાંઈ ન ગમે એવું પણ...

"શું વિચારો છો દેવી!'' બંસાલાની વિચારધારા આ વાક્યે અટકાવી. દરવાજા ભણી જોયું તો ગંગાસિંહ ઊભો હતો. ખૂબ સુંદર લાગતો હતો તે. અને એનાં ચહેરાં પરનું હાસ્ય તો જાણે કે આખાં જગતને મોહી લે એમ હતું. બંસાલા એ આંખો નીચી ઢાળી લીધી....

શતમાલિકાનો બધો જ પ્રકાશ બંસાલાનાં મુખ પર ઢોળાઈ રહ્યો હતો. અને ત્રિભુવનને જીતી લે એવું એનું સૌંદર્ય અધિક મહોરી ઊઠયું હતું. ગંગાસિંહ અંદર આવ્યો



એનાં પ્રત્યેક પગલે બંસાલાનાં હૃદય ધબકારા વધતાં ગયાં. એ નજીક આવીને બાજુમાં પડેલાં ભદ્રાસન પર બેસી ગયો. "બેસો ને દેવી!'' બંસાલા ઝબકી ગઈ અને એની સામે પડેલાં ભદ્રાસન પર બેસી.

ક્ષણવાર મૌન પ્રસર્યુ. બંસાલા આજે ખૂબ ભારે અસમંજસ અનુભવતી હતી શી રીતે વર્તવું એ એને ન હતું સમજાતું. જીદગીનાં આ વળાંકે કાંઈક તો જરૂર થવાનું હતું. પણ એ કાંઈક એ શું હતું ? એનાથી એ અંજાન હતી.

"દેવી ! ઘણાં બધાં પ્રશ્નો ઊઠે છે મનમાં. ઘણી બધી વાતો કરવી છે. જાણવી છે. પણ ક્યાંથી શરૂ કરૂં ? ખબર નથી પડતી. ખરેખર! મૂંઝવણ થાય છે.'' ગંગાસિંહ બોલ્યો. એનાં અવાજમાં પડઘાતો સંયમ, નિષ્કંપતા, અભિભૂત થઈ ગઈ બંસાલા એનાંથી. અને આંખો ઉંચકીને ગંગાસિંહને જે પ્રેરણાદાયી સ્ફૂર્તિદાયી છેક ભીતરથી ઉગેલું અદ્‌ભુત સ્મિત આપ્યું જે માત્ર એક સ્ત્રી જ આપી શકે. એને પામીને ગંગાનાં હૈયે ટાઢક વળી. કાંઈક બળ મળ્યું એને. ઘડીભર તો એને એ સ્મિતમાં જ ખોવાઈ જવાનું મન થયું પણ એણે એવું કાંઈ ન થવાં દીધું. મનોમન જ સૂચના આપી દીધી "ના, એવું ના શોભે.''

પછી કાંઈક વિચારીને બોલ્યો "દેવી! બાવીસ

બાવીસ વર્ષોથી તમે જંગલમાં સાવ એકલાં રહેતા હતાં તો તમને કોઈ સ્વજનોની યાદ નહતી આવતી? સાવ એકલાં રહેવાનું, કોઈ સાથ નહીં, સંગાથ નહીં, એ બધું કેવી રીતે ફાવે તમને?''

હવે મૂંઝવાનો ને આઘાત પામવાંનો વારો બંસાલાનો હતો. બાવીસ વર્ષો પછી એને પહેલીવાર મળનારો એનો પતિ, એને સૌથી પહેલાં આવો સવાલ પૂછશે એનો એને સ્વપ્નેય વિચાર ન હતો આવ્યો. ''શું કહેવું મારે?'' એ ખરેખર મૂંઝાઈ ગઈ. આંખ બંધ કરી દેવીમાને યાદ કર્યા. પાંપણના પડદાંની પેલી તરફ દેવીમા ઉપસી આવ્યાં ને બોલ્યા- ''તું પત્ની છો એની પતિની ઈચ્છા પૂરી કરવી, એ તારી ફરજ બને છે. એની અપેક્ષા છે કે આ પ્રશ્નનો જવાબ તું આપે તો તારે તારો પત્નીધર્મ બજાવવો જોઈએ.

''જી, દેવીમા!'' આંખો ખોલી બંસાલાએ, અને પતિની સામે જોયું. જે પતિ એને ભરપૂર વિશ્વાસથી અને બાળકની જેવી મુગ્ધતાથી અનિમેષ તાકી રહ્યો હતો. એનાં ચહેરાં પરના એ ભાવો જોઈને બંસાલા શરમથી લાલ લાલ થઈ ગઈ. પછી કાંઈક મન પર કાબૂ લાવીને બોલી-

''યાદ તો મને આવતી હતી ખોટું નહીં કહું, મને



ચાર વખત મારાં મા-બાપની યાદ આવી. અને મારાં સાસુ સસરાની યાદ તો અનેક વખત આવી એ પણ શરુ શરુનાં એકાદ વર્ષ સુધી. પછી... પછી હું ભૂલી ગઈ બધું.'' બંસાલાએ આંખ ઉંચકીને ગંગા સામુ જોયું જે અનિમેષ એનાં શબ્દોને પી રહ્યો હતો એનાં અવાજમાં ખોવાઈ ગયો હતો.બંસાલા આગળ બોલી.

''પણ એક વ્યક્તિને હું ક્યારેય ન ભૂલી શકી એ હતાં મારા પતિ...દિવસ રાત મને એમની યાદ આવતી. ક્યારેક જિનપૂજા માટે ફૂલો ચૂંટતી હોઉં, ભગવાન માટે હાર બનાવતી હોઉં, પ્રાતઃસાયં પ્રતિક્રમણ કરતી હોઉં, દેવી મા એ આણેલાં પુસ્તકો વાંચતી હોઉં, બાળપણમાં પંડિતજી પાસે ભણેલું તત્વજ્ઞાન વિચારતી હોઉં, રાત પડે ઝૂંપડીની બહાર બેસી ખુલ્લા આકાશમાં ચમકતાં તારાઓની બિછાતને એકલી એકલી એકીટસે જોયાં કરતી હોઉં, અને એવાં એવાં વખતે મારાં મનમાં તમારી યાદની વેદના એવી ઉમટતી કે હું જે કરતી હોઉં; એ કરવાનું ભૂલી જતી. મારા હાથ અટકી જતાં. પગ થંભી જતાં અને હું ખોવાઈ જતી, તમારી યાદમાં''

''એમને શું થયું હશે? એ કેવાં હશે? એ શું કરતા હશે? એ કુશલ તો હશે ને? એમને કોઈ અસુખ તો નહીં

હોય ને ? એ મારી જવાબદારી છે. એમને દુઃખ પડશે. તો હું કદાપિ મારી જાતને માફ નહીં કરી શકું.''

''અને એ વખતે હું દેવીમાને યાદ કરતી. ક્યારે માતા આવે અને ક્યારે મને તમારાં સમાચાર આપે. બસ, આ એક સ્વજનને મેં ખૂબ યાદ કર્યા છે. અસંખ્ય વખત.

બંસાલાની વાત પતી, અને ચિરશાંતિ છવાઈ રહી ખંડમાં. ગંગાસિંહનાં મનમાં ઉથલપાથલ મચી ગઈ. ''આ તો મારી પત્ની છે કે મારી ભાગ્યવિધાતા ? મારી જિંદગી? મારી...'' આગળ વિચારી જ ન શક્યો. એને અચાનક કાંઈ સૂઝયું અને એણે એ પૂછી લીધું.''

''દેવી તમને દેવી માએ એ પણ સમાચાર આપ્યાં હશે ને, કે ગંગાસિંહનાં એટલે કે મારાં, ૮-૮ કન્યાઓ સાથે લગ્ન થઈ ચૂક્યા છે ?''

''હા'' સહજ શાંત જવાબ કાદચ આની તૈયારી નહતી રાખી ગંગાસિંહે, એ બોલ્યો-

''દેવી! તમને એ વખતે દુઃખ, એટલે કે તમને એ વખતે ઈર્ષ્યા... એટલે કે, મારું એમ કહેવું છે, કે તમને એ વખતે એમ ન થયું કે મેં દગો કર્યો તમારી સાથે ?''

''ના થયું.'' બંસાલા બોલી, ''ક્ષણવાર મને થયેલું કાંઈક ન થવું જોઈએ એવું. પણ પછી મેં વિચાર્યું; તમે ખુશ



છો, તમને સુખ મળે છે, એ જ મારા માટે ઘણું છે. એ જ મારા જીવનનો આનંદ છે. આડું અવળું શા માટે વિચારવું ? અને સાચ્ચે જ હું ખૂબ ખુશ હતી એ સમાચારથી.''

ના... એ કથનમાં દંભનો છાંટો પણ ન હતો. નિખાલસતા હતી. સત્ય હતું. સ્પષ્ટતા હતી. આ કઈ માટીમાંથી ઘડાયેલી છે. ધ્રૂજી ઊઠ્યો ગંગાસિંહનો અંતરાત્મા. એને ખુદને ખબર ન પડે, એ રીતે બંસાલાની મહાનતાથી- વિશાળતાથી પ્રભાવિત થતો હતો. બંસાલાની છબી એનાં આંતર્મન પર કાબૂ જમાવતી હતી.

''દેવી ! એક છેલ્લો સવાલ તમને ક્યારેય કોઈની સાથે પ્રેમ ન થયો ? ''ચોંકી ગઈ બંસાલા. આંખ ઊંચકીને ગંગા સામું જોવાં લાગી. ગંગાએ આગળ ચલાવ્યું.

''તમને તમારી ઊગતી યુવાનીમાં શું કોઈના સાથની અપેક્ષા જ ન વર્તાઈ ? તમે પ્રબુદ્ધ છો દેવી! તમે જાણો છો. કે જીંદગીમાં સ્ત્રીને એક પુરૂષની અપેક્ષા હોય છે, ને પુરૂષને એક સ્ત્રીની. તમે પણ, ભલે મહાન હશો, પણ માણસ મટી ગયાં તો નથી જ ને ? જેવું માણસનું મન હોય એવું જ તમારે પણ એક મન છે. તમારા મનમાં પણ એ આશાઓ ને કોડ ક્યારેક તો ઊગ્યા હશે ને ? વસંતઋતુ આવતી હશે, ત્યારે તમે પણ બેચેની અનુભવતાં હશો ને ?

શરદ ઋતુમાં ચંદ્રની શીતલ ચાંદની તમનેય શરીરે ડામ દેતી હશે ને? અને શિયાળાની લાંબી લાંબી રાતો તમનેય પથારીમાં પડખા ઘસવા મજબૂર કરતી હશે ને? શું આવું તમને થતું હતું?''

પોતાના માણસ તરફથી આવો પ્રશ્ન સાંભળીને બંસાલાને એક અજીબ શાંતિનો અહેસાસ થયો. એનાં ખોળામાં સૂતો, હાથ-પગ ઊછાળતો એ છોકરો-એનો પતિ- આજે કેટલો મોટો થઈ ગયો હતો આવા પ્રશ્નો પૂછતો હતો, શરમાવતો હતો, મૂંઝવતો હતો, ને સાથો સાથ એક બલ પણ આપતો હતો. દિલ ખોલવાનું બળ, હિંમત, આત્મવિશ્વાસ. એક એવી લાગણી કે મારૂં પણ આ દુનિયામાં કોઈ છે. બંસાલાને માતાની જેમ એનું માથું છાતીએ ચાંપી, કપાળ પર ચૂમી ભરવાનું મન થઈ આવ્યું. પણ ના, એણે સંયમ રાખ્યો. આવું એ નહીં જ કરે. એણે મનને સૂચના આપી ટટ્ટાર થઈને શ્વાસ ભરીને ગંગાની આંખોમાં જોતી બોલી..

''સાચું કહું સ્વામીનાથ! તો ના... તમે જેવું કહો છો, તેવું ક્યારેય મને થયું હોય, તેવું યાદ નથી.'' ગંગાસિંહના પગ નીચેની જમીન ધ્રુજી ગઈ એને લાગ્યું કે એ આ મહાસતી સામે બેસવાને પણ લાયક નથી, ધરતી



માર્ગ આપે, તો એ સમાઈ જાય, કદાચ આ મૂંઝવણ કળી ગઈ બંસાલા એટલે એણે બાજી સંભાળી.

''પણ એવું નથી, કે મને પ્રેમ ન થયો હોય'' બંસાલાએ કહ્યું અને બેભાન થવાંની અણીએ પહોંચેલો ગંગા કાંઈક ભાનમાં આવ્યો. અને હવે કહેવામાં આવનારાં કથનને ઉકેલવાં એકાગ્ર બન્યો-

''આપણે પ્રેમ કોને કરતાં હોઈએ છીએ?'' બંસાલાએ પૂછયું, એનો જવાબ ન હતો ગંગા પાસે, એણે અનજાનપણું સૂચવતાં ખભા ઉલાળ્યાં. હવે ધીરે ધીરે બંસાલા પણ ખૂલતી હતી. છેલ્લાં ૨૨-૨૨ વર્ષોમાં એણે જે બધી સમજણો કેળવેલી. જે નરદમ સત્યો મનમાં નિશ્ચિત રૂપે તારવેલાં, એ બધાંને વ્યક્ત કરવાંનો એને અવસર મળ્યો હતો. અને એની સામે એક સુજ્ઞ શ્રોતા બેઠો હતો, જે બીજો કોઈ નહીં, એનો ખુદનો પતિ હતો.

''સ્વામિનાથ!'' શબ્દોને ગોઠવીને બંસાલા બોલતી રહી ''પ્રેમ નથી કરતાં આપણે કોઈ પ્રેમીને કે પ્રેમિકાને કે મા-બાપને કે સંતાનને કે મિત્રને કે સ્વજનને આપણે પ્રેમ કરીએ છીએ આપણાં દિલમાં ઉગતી પ્રેમની લાગણીને...''

''હા, એ લાગણી આપણે કોઈક અમુક જ વ્યક્તિને બાંધી દેતાં હોઈએ છીએ માણસ છીએ, અધૂરાં છીએ, થાપ ખાઈ જઈએ, અને એક કો'ક અમુક વ્યક્તિની આગળ જ પ્રેમ બતાવીએ આપણે. અને એટલે આપણે એમ માનવાં લાગીએ કે આ વ્યક્તિ ખૂબ સારી છે. આ વ્યક્તિ મારી છે. કારણ કે આ આવે છે, અને મને પ્રેમ આવે છે.''

''વાસ્તવમાં આપણે તે વ્યક્તિને નથી ચાહતાં પણ તે વ્યક્તિને જોતાં મનમાં ઊઠતી ચાહનાને ચાહતા હોઈએ છીએ. એ ચાહના જે આપણને પુલકિત કરે, પ્રેરણા આપે, ઉત્સાહ અને સ્ફૂર્તિથી ભરી નાંખે.''

''પણ સ્વામિનાથ! એવી લાગણીને કોઈ એકાદ પર શા માટે બાંધવી? જગતનાં જીવ માત્ર પર કેમ ન વહાવવા દેવી? પ્રેમની, શુદ્ધ પ્રેમની લાગણી જ એવી છે, કે કરનારનું અને પામનારનું હમેશાં હિત જ કરે. ભલું જ કરે. તો શા માટે જગતનાં જીવમાત્રનું જ ભલું ન કરવું?

''અને એ જ ભાવનાને કહે છે; મૈત્રી ભાવના ''પરહિત ચિંતા મૈત્રી'' બીજાના હિતની ચિંતા કરવી, આ જ મૈત્રી ભાવના છે અને મને બધાંની ઉપર એવી જ ભાવના રહી. કોઈનું બુરું ન થાઓ, બધાનું ભલું જ થાઓ, બધાનું



કલ્યાણ થાઓ. આવું હું કાયમ વિચાર્યા કરતી અને એનો મને આનંદ આવતો, આનંદ આવતો માટે અધિક વિચારતી''

''તો સ્વામિનાથ ! મારાં મનનાં એ એક ભવ્ય અને સુંદર ખૂણાંને મેં પ્રેમ કર્યો છે. હું મારાં જ પ્રેમમાં પડી છું. હું મસ્ત છું એમાં દિવસ શું કે રાત શું ? મને કશાંની પરવા જ નથી એ મસ્તી જ એવી છે. શાંત, છતાં છલોછલ.''

''એક ચિંતા મને હમેશા રહેતી, તમારા વિશે અને એ પણ હવે તો નથી મારી આંખની સામે એકદમ સાજાં નરવાં ૮-૮ પત્નીઓનાં પતિ, સુંદર અને સ્વસ્થ તમને જોઈ રહી છું, હું ભગવાનની ખૂબ આભારી છું.''

''અને દેવી! હું તમારો ખૂબ આભારી છું.'' ગંગા બોલ્યો ''ભગવાનને તો કોણ જોવાં ગયું છે? એ કેવો હશે? ક્યાં રહેતો હશે? ભગવાન જાણે. પણ મારી જિંદગીમાં દેવી! તમે જ ભગવાન તરીકે આવ્યા છો.''

''ના ના,'' બંસાલા બેબાકળી બની ગઈ આમ ન કહો. તમે તો મારા સ્વામી છો, મારા પતિ, મારા માલિક, તમારો હક્ક છે મારી પર. તમે... મારાથી મોટા'' બંસાલાને આગળ શું બોલવું તે ન સમજાયું શી રીતે એણે એનાં

પતિને જીતવો ?

"દેવી !" આખરે ગંગા જ બોલ્યો" એક વાત પૂછવી છે તમને. હું તમારી સાથે શી રીતે વર્તુ ?"

"પતિ છો તમે પતિ તરીકે.."

"નહીં વર્તી શકુ દેવી! કદાપિ નહીં. મને તમારી પર ભાવ જ નથી આવતો જેવો એક પતિને એક પત્ની પર આવે. તમને દેવી! હું સન્માન આપી શકું. પ્રેમ ના આપી શકું. તમારી પૂજા કરી શકું, ચાહી ન શકું. તમે એટલાં મહાન છો દેવી! કે તમારાં ચરણોમાં માત્ર ઝૂકી શકું તમને ઝૂકાવી ન શકું દેવી!...."

ગંગાસિંહ ઊભો થઈ ગયો. તેનો ભાવાવેશ પરાકાષ્ઠાએ પહોચ્યો હતો "દેવી મને તમારો પુત્ર બનાવશો ? તમે મારાં મા બનશો ?" ભારોભાર છલોછલ આંખે ગંગા દેવી સામું જોઈ રહ્યો. બંસાલાએ એની માછલી જેવી મોટ્ટી બન્ને આંખોમાં જોયા કર્યું. વારાફરતી. અને પછી.... એને ભેટી પડી. એનાં આંગળા એનાં વાળમાં ફરી રહ્યાં હતાં. આંખમાંથી અવિરત આંસુ ઝરતાં હતાં એની પીઠ પર ગંગાસિંહ હાથ પસવારતો હતો. એમાં ભારોભર હમદર્દી હતી.



ગંગાસિંહનાં મનમાં આજ પહેલા ક્યારેય ન માણ્યો હોય, એવો સંતોષ છલકાતો હતો. એણે એ જ કર્યું હતું જે એણે કરવું જોઈએ, એણે એની ઉપકારી પત્નીને માતાનાં સ્વરૂપમાં નિહાળી હતી. એવી પત્ની, જે એનાંથી ઘણી જ મહાન હતી, ખૂબ ઊંચી, એની સામું જોવાં માટે પણ એણે માથું અધ્ધર કરવું પડે. એનું તેજ ઝીલવા આંખો ઝીણી કરવી પડે. બંસાલાને પતિની જરૂરત ન હતી અને એ એને આપી પણ ન શકત, બંસાલાને પત્ની બનાવી ન શકત એ.

પણ બંસાલા રોતી હતી. કેમ રોતી હતી? કદાચ માથેથી ચિંતાનો ભાર હટી ગયાનાં આંસુ હતાં આ, બાકી એ તો લગ્નની પ્રથમ રાતથી જ, આજથી બાવીસ વર્ષ પૂર્વે જ, ગંગાની મા બની ચૂકી હતી અને આજનાં આ નિર્ણય બદલ એ ગંગાસિંહની ઋણી રહેશે આખી જીંદગી... એવું સૂચવતાં હતાં આ આંસુ...

બાકીની આખી રાત ગંગાસિંહ બસ બંસાલાના ખોળામાં માથું રાખીને સૂઈ રહ્યો. અને બંસાલા એનાં વાંકડીયા વાળમાં આંગળી ફેરવતી રહી.

" એ જંગલમાં દિવસો શી રીતે જતાં તમારાં

દેવી?'' ગંગાસિંહનાં પ્રશ્નો ચાલ્યાં અને બંસાલા બસ બોલતી જ રહી બોલતી જ રહી બાવીસ વર્ષોનાં મૌનનું પારણું જાણે જે એક જ રાતમાં ગંગાના હાથે કરવાનું હતું....

જંગલમાં બંસાલા એકલી હતી તો ભરસંસારમાં ગંગાસિંહને પણ એકલવાયું લાગતું જિંદગીમાં આટલી બધી નિકટતા અને સજાગતા આ બન્ને એ પહેલીવાર અનુભવી ખૂબ પોતિકું લાગતું હતું આખું વિશ્વ, આખું નગર, ગંગા નદી, અતિથિ ભવનની ઈમારત આકાશી તારલાં, અરે આખું આકાશ, પવન, ઝાડ-પાંદડાં, દિવાલો ને છતો બધું જ સઘળું પોતિકું લાગવાં માંડ્યું હતું. સાવ અજબ ગજબની લાગણી હતી આ. કદાચ આને જ પ્રેમ કહેતાં હશે.

સવાર પડી અને બારીમાંથી પ્રકાશની આભા અંદર આવી. બંસાલાએ રોજની આદત મુજબ શય્યા ત્યાગ કર્યો. બાજુમાં ગંગા સૂતો હતો. એનાં ચહેરાં પર પ્રેમ ભરી નજર ફેરવી લીધી.

''જીંદગી જીવવાનું એક વધારાનું કારણ મળીગયું મને, મનોમન ગણગણી બંસાલા. ''વધારાનું અને સુંદર પોતિકું'' સ્મિત આવી ગયું એનાં મુખ પર. ''અત્યાર સુધી માત્ર અરિહંત પર પ્રેમ હતો મને, હવે તમારી પર પણ !!...'' બંસાલાના હૈયે પ્રેમનો હિલોળો ઉછળ્યો એને ગંગાનાં મુખ પર હાથ ફેરવવાનું મન થઈ આવ્યું, પણ એણે એ લાગણી પરાણે દબાવી રાખી, કદાચ એની ઊંઘ બગડે...

પ્રાતઃધ્યાન આવશ્યક કરી પ્રાતઃ કર્મથી પરવારી, તે ખંડમાં આવીને જુએ છે, તો ગંગાસિંહ હજીય સૂતો હતો.

''ઊઠો સ્વામિનાથ! સવાર પડી ગઈ.'' બંસાલાએ કહ્યું અને આળસ મરડીને ગંગાસિંહ ઊભો થયો. સામે સ્મિત દેતી બંસાલાને બેઠેલી જોઈને બોલ્યો.

''દેવી! મને કવિતા કરતાં આવડતી, પણ છેલ્લાં ઘણાં સમયથી કવિતા લખવાનું છૂટી ગયું હતું, પણ જો રોજ પ્રાતઃ તમે મને ઊઠાડીને આટલું સરસ સ્મિત આપો. તો...'' ગંગાસિંહ હસ્યો ''તો હું આખો દિવસ માત્ર કવિતા જ કર્યા કરીશ, પછી મારો વાંક ન કાઢતાં...'' એનું ઓઢણું સંકેલતા બંસાલા બોલી.

''છટ્, જલ્દી તૈયાર થઈ જાવ પછી તમને વાત કરવી છે'' ''શી વાત કરવી છે ?''

''તમને સપનું આવ્યું કે નહીં એ ખબર નથી પણ મને એક સપનું આવ્યું છે એની વાત કરવી છે ?''

''તો કહોને...!'' ''ના, પહેલાં જલ્દી તૈયાર થઈ જાવ સમજ્યાં !'' કહીને બંસાલા ચાલવાં લાગી.

''બંસાલા!'' ગંગાસિંહ બોલ્યો, એનું નામ બોલ્યો, બંસાલા પછી ફરી ''તમે ખુશ તો છો ને દેવી?'' ગંગાસિંહે પોતાની મૂંઝવણ આખરે પૂછી જ લીધી. એ વખતે એની આંખમાં આંખ પરોવીને બંસાલા જે બોલી, એ એણે આખી જિંદગી યાદ રાખ્યું ''સ્વામિનાથ ! તમે મનમાં કોઈ ઓછું ન લાવશો.હું ખૂબ ખુશ છું. કારણ કે તમે મને બધું જ આપી દીધું. જે હું ધારતી હતી એથી વધારે.મારી જે ઈચ્છા હતી તે બધું. હું કેમ ખુશ ન હોઉં ?''





# ૫

જીવન હવે શાંત હતું. જીવન હવે સ્થિર હતું. કરવા જેવું બધું કરી લીધાં પછી હવે જીવનમાં ઠરીને ઠામ બેસવાનું આવ્યુ હતું. પણ શાંત પાણીમાં જેમ માણસને પોતાનો ચહેરો સ્પષ્ટ દેખાય છે, તેમ જીવનની આ અવસ્થાએ, જીવનનાં આ તબક્કે કોઈપણ સહૃદયી મનુષ્ય આત્મનિરીક્ષણ કરતો હોય છે. કારણ કે જીવન જ્યારે શાંત હોય છે, ત્યારે બહિર્મુખ મનુષ્ય ભોગ-વિલાસમાં ચકચૂર બની જાય છે. અને અંતર્મુખ મનુષ્ય વધુ ને વધુ અંદર ઊતરતો જાય છે.

બંસાલાના પરિચય પછી ગંગાસિંહ હવે પહેલાંનો ગંગાસિંહ ન હતો, એનામાં અંતર્મુખતા આવી હતી, એની દ્રષ્ટિનો ઊઘાડ અને વિકાસ થયો હતો. જૈન ધર્મનાં તત્વજ્ઞાનને એણે ઘૂંટડે ઘૂંટડે પચાવ્યું હતું. બંસાલાની પાસેથી એને જીવનની સમજદારી સાથે ધર્મનું તત્વ પણ

જાણવાં મળતું હતું. બંસાલાએ જાણે એને નવો જ જન્મ આપ્યો હતો અને સાવ અણજાણ રીતે ગંગાસિંહનાં સુષુપ્ત મનમાં એક જીવન- લક્ષ્ય અંકાઈ ગયું હતું. એણે મનમાં ગાંઠ વાળી હતી. કે ''મારે બંસાલા જેવાં થવું છે'' અને જેમ જેમ દિવસો બંસાલાનાં સહવાસમાં વીતતાં હતાં, તેમ તેમ આ ગાંઠ મોળી ન હતી પડી, પણ વધુ ને વધુ મજબૂત બનતી જતી હતી. બંસાલા એવી પરમ સૌભાગ્યશાળી સ્ત્રીઓમાંની એક હતી જેનું અનુકરણ કરવાં જગતનાં સર્વ સ્ત્રી-પુરુષો ઉત્સુક હોય. અરે !ખુદ એનો પતિ પણ એને અનુસરવાં ઈચ્છે.

પણ એણે ક્યારેય ગંગાસિંહને પોતાની પાછળ જ રચ્યો પચ્યો રહેનારો ન કરી દીધો. એણે એને કર્તવ્ય ભણી સભાન કર્યે રાખ્યો. એને એવું જ ગમતું, કે એનો પતિ એને પામીને એનાં કર્તવ્ય માર્ગમાં સ્થિર બને. અને એટલે જ એણે કહ્યું-

''સ્વામિનાથ ! બંધ આંખે જે સપના આવે. એ તો આંખ ખૂલે અને પૂરાં થઈ જાય. મને બંધ આંખે નહીં, ખુલ્લી આંખે સપનું આવ્યું છે. ખુલ્લી આંખે આવેલું સપનું પૂરું કરવાં મહેનત કરવી પડે છે, સંઘર્ષ કરવો પડે છે,



જીવન નીચોવી દેવું પડે છે, ખૂબ મોટું બલિદાન આપવું પડે છે આર્ય પુત્ર !''

ગંગાસિંહ ખૂબ શાંતિથી અને પ્રેમથી એની વાત સાંભળી રહ્યો. આજે એણે સૌ પ્રથમ જિનાલયમાં જઈને ભગવાનનાં દર્શન-પૂજા કર્યાં હતાં. ભગવાનની પૂજા કરતાં કરતાં જે રીતે બંસાલા ભાવવિભોર થઈ જતી હતી તે રીતે એણે પણ ભક્તિમાં ખોવાઈ જવાનો પ્રયત્ન કર્યો હતો, અને જ્યારે બહાર નીકળ્યાં, ત્યારે બંસાલાએ એને પૂછેલું - ''કેવું લાગ્યું ?'' અને એનાં જવાબમાં એ બોલ્યો હતો - ''બહુ સારું'' હા, એ માત્ર બંસાલાને સારું લગાડવાં નહતો જ બોલ્યો, એને ખરેખર ગમ્યું હતું, એટલે જ એ બોલ્યો હતો. ''બંસાલા! આપણે હવેથી રોજ આ રીતે સાથે જ ભગવાનની પૂજા કરવાં જઈશું!'' એણે જ્યારે કહ્યું હતું ત્યારે બંસાલાની આંખમાં આંસુનાં બે દાણા મોતીની જેમ ચમકી ઊઠ્યાં હતાં..

અને ત્યાર પછી અત્યારે બંસાલા એને કહી રહી હતી કે મેં એક સપનું જોયું છે...

''દેવી! એ સપનું જો તમે જોયું હશે, તો એને કોઈપણ રીતે પૂરું કરીને જ રહીશ હું. કારણ કે એ તમે જોયું છે ?''

''સ્વામિનાથ'' થોડીક્ષણો અટકીને બંસાલા બોલી

હતી તમે પૃથ્વીપુર નગરીનાં રાજકુમાર છો. તમારાં મા-બાપ તમારી રાહ જુએ છે. પૃથ્વીપુરનું રાજસિંહાસન તમારી પ્રતીક્ષા કરે છે. તમારે ત્યાં જઈને રાજા-પ્રજાને સંતોષ આપવો જોઈએ.. તમારે જગતનાં ચોકમાં જાહેર કરવું જોઈએ કે ધર્મનો એક સતીનાં વ્રતનો, ધીરજનો, નિષ્ઠાનો, વિશ્વાસનો અને શ્રદ્ધાનો કેવો ચમત્કારિક પ્રભાવ હોય છે દેવ! તમારે તમારી નગરીને જીતવી જોઈએ.''

બંસાલાનું વચન અને ગંગાસિંહનું લક્ષ્ય. પછી તો પૂછવું જ શું? એણે ત્યાંથી ને ત્યાંથી જ રાજાને સંદેશો લખ્યો રાજાએ પોતાનાં માનીતા સામંતને અને એકનાં એક જમાઈને ચુનંદા લશ્કર મોકલી આપ્યું. અને બીજી તરફ મહારાજા જયસિંહને પણ કહેણ પાઠવવામાં આવ્યું. ''યુદ્ધ માટે તૈયાર રહો.'' રાજા તો વિચારમાં પડી ગયો. આટલાં દિવસે વળી કોને યુદ્ધ લઈ આવવાનું મન થયું? પણ ના, જે હતું , એ હકીકત હતી ક્રોધથી રાતા ચોળ બનીને એમણેય યુદ્ધનું નગારું બજાવ્યું.

ગંગાના કિનારે પ્રથમ પડાવ હતો. ત્યાં નંદસિંહ ગોવાળ અને માતા અને પોતાની આઠ પત્નીઓને પણ તેડાવ્યાં ગંગાસિંહે. પોતાનો પ્રિય મિત્ર ગોવિંદ અને



બંસાલા તો ત્યાં જ હતાં. બધાને પરસ્પર પરિચય કરાવ્યો. પોતાની અદ્ભુત કથાનિકા કહી. પાણીમાં પાણી ભળે એ રીતે બંસાલા તે બધામાં ભળી ગઈ, અને તે બધાં બંસાલામાં....

પૃથ્વીપુર નગરીનાં પાદરે, એક જ દિવસ માટે નાનું સરખું યુદ્ધ થયું. અને જયસિંહ જ્યારે હારી જવાં લાગ્યાં, ત્યારે ગંગાએ એમના ચરણોમાં તીર ફેક્યું. એમાં ફણા પર ફૂલ લગાવેલાં. અંદર એક કાગળમાં સોનાની સ્યાહીથી લખ્યું હતું, કે ''તમારાં પુત્ર મુકનસિંહનાં પ્રણામ સ્વીકારશો પિતાજી!''

જયસિંહે સામે જોયું, તો નિઃશસ્ત્ર થઈને હસતો હસતો ગંગાસિંહ સામે આવતો હતો. પિતાનું હૈયું હાથમાં ન રહ્યું, એઓ નીચે ઊતર્યા, અને બે હાથ પહોળાં કર્યા. ગંગાસિંહ એમાં સમાઈ ગયો.. આખી સેનાએ એકી સાથે જયકાર મચાવ્યો. ''બોલો મહારાજ કુમાર મુકનસિંહની જય..''

એટલે સરવાળે જ્યારે હવે જીવન અત્યંત શાંત-સ્થિર થઈ ગયું હતું. ત્યારે ગંગાસિંહનાં મનમાં ઉદ્વેગ અને ઉચાટ સમાતો ન હતો. માણસ જેટલો વધુ સંવેદનશીલ, એટલો વધુ એ દુઃખી. **સંવેદનશીલ માણસને દુઃખી થવાનાં કારણો શોધવાની જરૂર પડતી નથી.** આખરે થાકી ને એણે

એકવાર પોતાના જિગરી દોસ્ત ગોવિંદ આગળ હૈયાનો બળાપો ઠાલવ્યો.

''કંટાળી ગયો છું ગોવિંદ હું આ બધાથી એ મારી મા છે, એને મારી મા કે ગુરુ કે ભગવાનથી'ય વિશેષ માનું છું હું પણ સમાજમાં જાહેરમાં મારે બધે જ એને મારી પત્ની તરીકે રજૂ કરવી પડે છે. હું બહુ સીધો માણસ છું ગોવિંદ! અને આવો દંભ મને ગમતો નથી.''

'પણ..'' ગોવિંદ બોલ્યો:'' ભાભીને ગમે છે.!''

''ખબરદાર! જો એને ભાભી કહ્યું છે તો?'' રીતસરનો તાડૂકી ઊઠ્યો ગંગા. ગોવિંદ સમજી ગયો, કે અત્યારે એનાં તેવર અલગ જ છે..

''તો શું કહું એને ?'' ગોવિંદે પૂછ્યું.

''દેવી કહે, દેવી. સાક્ષાત્ દેવી છે એ. એટલી જ પવિત્ર એટલી જ પૂજ્ય..'' ભાવથી બોલ્યો ગંગા. ગોવિંદે પણ જરાક અણગમાથી માથું હલાવ્યું.'' આ માણસ જ એવો છે. જેની પર રીઝે એની પર વરસી પડે.'' એણે મનમાં વિચાર્યું પછી શ્વાસ છોડીને એ બોલ્યો.

''હા, તો દેવીને તો એ ગમે છે. એમણે ક્યારે વિરોધ કર્યો છે ?''

''મને એ જ નથી સમજાતું કે આ સ્ત્રીઓનું હૃદય ભગવાને કેવું બનાવ્યું હોય છે ? જે માણસને જીવાડવામાં એ કારણ હોય. આખી જિંદગી એના નામે ચાલતી હોય. અને તોય એ બધા ખૂબ સરળતાથી એની આગોશમાં રહીને જીંદગી જીવી શકે છે. પુત્ર માતાનાં શરીરનાં આહાર વિના જીવ્યો જ ન હોત, એ પુત્રને જીંદગી આપીનેય આ સ્ત્રીઓ કેટલી સહજતાથી પોતાનાં માલિક તરીકે, પોતાનાં ઉપરિ તરીકે એને સ્વીકારી લે છે, અને આખી જિંદગી કેવી સહજતાથી એને અનુસરે છે ?''

''પણ એટલે શું એ સ્ત્રીથી આગળ આવેલાં વ્યક્તિઓનું કોઈ જ કર્તવ્ય નથી? એઓ કૃતઘ્ન શી રીતે થઈ શકે? હું કૃતઘ્ની ન થઈ શકું ગોવિંદ! મારે એકવાર જાહેર કરવું છે, કે દેવી બંસાલા...હા, એ મારાં પત્ની નથી. મારા માતા છે, મારાં ભગવાન છે, મારાં શ્વાસ પ્રાણ છે. દેવી બંસાલા મારી જિંદગી છે...''ગંગાસિંહ બોલ્યો.

પળવાર મૌન પ્રસરાયેલું રહ્યું. હૃદયનાં ધબકારા પણ સાંભળી શકાય, એવું તીવ્ર મૌન... આખરે ગોવિંદ બોલ્યો - ''તારે શું કરવું છે ?''

''ખબર નથી''ગંગા બોલ્યો '' પણ આજે તો જરૂર કાંઈ થવાનું જ..''

## ૬

“જનમદાતા પૂજ્ય માતા-પિતા ! પૂજ્ય પાલક માતા-પિતા! મિત્રો ! પરિજનો! સભાજનો ! પ્રજાજનો!” મુખ્યસિંહાસન પરથી ઊભો થઈ ગંગાસિંહ બોલતો હતો. આજે એનાં ચહેરા પર અલગ તેજ હતું. આજે એની આકૃતિ વધુ પ્રભાવશાળી લાગતી હતી.

“તમે મારી જીવનકથાને જાણો જ છો. તમારાંથી કાંઈ જ અજ્ઞાત નથી. છતાંય આજે હું જે કહેવાં જઈ રહ્યો છું તે તમે નથી જાણતાં, તમે કોઈ પણ નથી જાણતાં, અને એ વાત કહેવા માટે આજે હું અગ્રસર છું. “ગંગાનાં બન્ને માતા-પિતા એકબીજાની સામું જોવાં લાગ્યા. આઠેય રાણીઓએ બંસાલા સામું જોયું બંસાલાએ ચિંતિત નજરે ગોવિંદ સામું જોયું, અને ગોવિંદ એકીટસે ગંગાસિંહ સામું જોઈ રહ્યો. એનાં કાનમાં ઓલી વાતો જ પડઘાતી હતી. “આજે કાંઈક તો જરૂર થવાનું.” એનાં મનમાં અકળામણ થતી હતી. “ આ શું કરશે ?”



“મારું નામ શું ? કોઈ કહેશે મુકનસિંહ, ને કોઈ કહેશે ગંગાસિંહ. વળી કોઈ કહેશે રણજિતસિંહ. પરંતુ એની સાથે મારે કાંઈ લાગતું નથી. એક જિંદગીમાં ત્રણ ત્રણ જીંદગી જીવી ચૂક્યો છું હું. પણ મારે આજે એમ કહેવું છે કે મારા બે પિતાજી છે. અને ત્રણ માતા છે.”

“જન્મપિતા મહારાજ જયસિંહ, પાલક પિતા ગોપાલક નંદસિંહ. આ બે મારાં પિતા છે. અને ત્રણ માતા છે. જન્મદાત્રી માતા જયંતસેના, સંસ્કાર દાત્રી માતા રાધા, અને ત્રીજી, જીવનદાત્રી સર્વસ્વ દેનારી માતા બંસાલા” વિજળી પડે ને જે કડાકો થાય, એવો કડાકો થયો ને રાજસભા ધ્રુજી ગઈ...

“હા બંસાલા મારી મિત્ર પણ છે. માતા પણ છે. ગુરુ પણ છે, રે ! બંસાલા શું છે એમ ન કહો, બંસાલા મારા માટે શું નથી એ જ પૂછો. બંસાલા મારી જિંદગી છે.”

હજી આટલું બોલતો હતો, ત્યાં તો સાંભળનારની આંખો નીતરવા લાગી હતી, પણ ત્યાર પછી એણે જે કર્યું, એ જોઈ -સાંભળીને તો સ્તબ્ધ બની બેઠાં ત્યાં ઉપસ્થિત બધાં જ. જીભ ઝલાઈ ગઈ. મોં ખુલ્લું રહી ગયું. આંખ ફાટી ગઈ. એવું એણે કર્યું ? હા, એણે એવું કર્યું પીઠિકા પરથી નીચે ઉતરી એ બોલ્યો “આજે પત્નીનાં સ્વરૂપમાં રહેતી

મારી માતાનાં પૂજ્ય અને પવિત્ર ચરણોમાં ઝૂકી એમને આશીર્વાદ આપવાં કહું છું.'' અને એ બંસાલાની સામે ચાલ્યો. બંસાલાની બિલકુલ પાસે જઈને જ્યાં ચરણોમાં ઝૂકવાં જાય છે ત્યાં તો ''સ્વામિનાથ!'' બંસાલાએ એને અટકાવી જ દીધો અનિમેષ એ એની નિશ્ચલ નિખાલસ મોટી આંખોમાં જોઈ રહી. અચનાક એને એનો ચહેરો ધૂંધળો દેખાવાં લાગ્યો. જ્યારે ગંગાએ પ્રેમથી એનાં આંસુ પોંછયાં. ત્યારે એ ગંગાને ભેટી પડી. માતૃવાત્સલ્ય નીતરી રહ્યું. અને આખો સભાખંડ અવાચક બની મુગ્ધ નયને આ દેવદુર્લભ દ્રશ્ય જોઈ રહ્યો.

બારીની બહાર ઢળતો સૂરજ જોઈ રહી છે બંસાલા, અને ગંગાસિંહ અનિમેષ એનાં મુખને...

''શું જોઈ રહ્યાં છો ?''હસીને પૂછયું બંસાલાએ..

''દેવી ! તમને મારાં નિર્ણયથી, એટલે કે મે જે આજે કર્યુ, એનાંથી સુખ તો છે ને ?''

''તમને જેનાથી સુખ મળે, એનાંથી મને સુખ જ છે.''

''દરેક વખતે તમે આમ જ કહો છો, તમે સુખી તો હું સુખી. તમારું પોતાનું કોઈ સુખ નથી હોતું શું ?''

''શા માટે નહીં? તમે સુખી થાવ, એ જ મારું



પોતાનું સુખ વળી'' બંસાલા બોલી.

''ના, કોઈનું સુખ કોઈના સુખને પરાધીન ન હોય. તમારું સુખ મારાં સુખને આધીન નથી દેવી! એવું ક્યારેય હોય નહીં. ભલે તમે કહો, કે ન કહો પણ સુખ બધાનાં પોતપોતાનાં હોય છે. બધાનાં પોતીકાં...''

''એવું કાંઈ નથી હોતું. મારે તમને શી રીતે સમજાવવું પણ હું ખરેખર સુખી જ છું.''

''જો સુખી છો તો આ બધું તમે, દેવી! આ બધું કેમ નથી ભોગવતાં? આ મોજ-શોખ, આ વૈભવ-વિલાસ, સુખી માણસ તો ભોગ ભોગવે જ ને? ભોગો કોને પસંદ ન હોય દેવી! તમે સુખી છો છતાંય ભોગી નથી. આમ કેમ દેવી!''

''કારણ કે મને એ બધું પસંદ નથી, સ્વામિનાથ!''

આવું જ્યારે બંસાલા બોલી ત્યારે જાણે કે ગંગાસિંહને કાંઈક સમજાયું હોય, એમ એણે માથું હલાવ્યું તે બોલ્યો ''બરાબર છે. બરાબર છે.''

''શું બરાબર છે ?'' બંસાલાએ પૂછયું. પણ કોઈક બહાનું બતાવીને ગંગાસિંહ ત્યાંથી ચાલ્યો ગયો. જવાબ આપ્યા વિના જ....

એ દિવસે ગંગાનાં ખૂબ આગ્રહથી બંસાલા એની સાથે ઉદ્યાનમાં ગઈ હતી. રાજોદ્યાનમાં માધવિકા મંડપમાં આરસપહાણની થાંભલી પાસે બે જણાં એકલાં એકલાં બેઠાં હતાં, નિર્વિકાર..બંસાલાનાં ખોળામાં માથું ઢાળી ગંગા સૂતો હતો, અને બંસાલા એનાં માથામાં આંગળા ફેરવતી હતાં. બન્નેય શાંત હતાં. આખરે ગંગાસિંહ બોલ્યો-

"દેવી ! તમને હું ક્યારેય પત્ની સ્વરૂપે જોઈ જ ન શક્યો." "તો સારું જ છે ને ! મેં ક્યારેય માંગ્યું તમારી પાસેથી ? મનમાં ઓછું ન લાવશો."

"દેવી ! તમને ક્યારેય કોઈનીય ઉપર એવો ભાવ જ શું નથી આવ્યો ?" એકસોમી વખત આ એક નો એક પ્રશ્ન પૂછ્યો હતો ગંગાએ. બંસાલા હસી. અને બોલી - "ના, નથી આવ્યો." જો કે આ જવાબથી તો દર વખતની જેમ ગંગાની વ્યાકુળતા જ ઊલટું વધી ગઈ. એને દરેક વખતે એમ થતું કે એ એની પત્નીથી'ય ઘણો નીચો છે. કારણ કે બંસાલાને એવી જરૂર નથી પડતી, જેવી જરૂર એને પડે છે. "આવું શું શક્ય છે ?" એ કાયમ વિચારતો ને કાયમ એને જવાબ ન જ મળતો...આજે ય ન મળ્યો.

" સાચું કહું સ્વામિનાથ !" બંસાલા બોલી અને



ગંગાની વિચારતંદ્રા ખંડિત થઈ. "તમે દર વખતે મને પૂછો છો, માટે કહી દઉં છું, કે "ગંગાસિંહના કાન એકદમ ચૌકન્ના થઈ ગયાં. શરીરનો બધો પ્રાણ એનાં કાનનાં બારણે આવીને અટકી ગયો." જ્યારે જ્યારે મને એમ વિચાર આવતો કે મારે ક્યારેક તમારી સન્મુખ થવાનું છે એક પત્ની તરીકે, ત્યારે ખરેખર મને ખૂબ અકળામણ થતી, કારણ કે હું તો તમને મારાં પુત્ર રૂપે જ નિહાળતી. પણ હું હતી તો તમારી પત્ની જ ને ! તમારી પરિણીતા. હું તમારી સામે પત્ની સ્વરૂપે કદાચ આવી જ ન શકી હોત."

"પણ પહેલી રાતે તમે જે મને કહ્યું. એથી મારાં હૈયાંનો બધો જ બોજ હળવોફૂલ થઈ ગયો. એ તમારો ઉપકાર હું જિંદગીમાં ક્યારેય નહીં ભૂલું."

બહુ મોટી મોટી છબી લગી બંસાલાની ગંગાને. એને લાગ્યું કે એનું વ્યક્તિત્વ આ ઉદ્યાનને, આ નગરને અરે ! આ બ્રહ્માંડને ભરી રહ્યું છે. અને પોતે...પોતે. તો સાવ તૃણમાત્ર છે.

એ રાતે પોતાના ખંડમાં જાગતો જ સૂતો હતો ગંગા. જિંદગીનું અંતિમ અને સૌથી મહત્વનું કર્તવ્ય એણે બજાવવાનું હતું હવે. "એને આ બધું પસંદ જ નથી એને જ

પસંદ છે. એ મારે એને આપવું જોઈએ મારી ફરજ છે.''
વિચારોનો ઝંઝાવાત ફુંકાતો હતો મનના મેદાનમાં.

''જેને કોઈ સીમા જ નથી, જેને કોઈ મર્યાદા જ નથી, જે અનંત, અસીમ છે, એવી વ્યક્તિને શું કોઈ બાંધી શકે છે? એને બાંધી રાખવી એ શું વ્યાજબી છે ?'' અને અંદરથી અવાજ આવ્યો ''ના...ના...ના...''

બસ, એ રાતે એણે મનને ખૂબ ખૂબ મજબૂત કરી લીધુ. આખી રાત એને ઊંઘ જ નથી આવી, મનોમન ખૂબ કશ્મકશ ચાલી મનોમન એણે બંસાલા સાથે સંવાદ ચલાવ્યો- ''દેવી ! હું કાંઈ નાનો બાળક નથી, કે તમારું સુખ ન સમજી શકું, પણ ...પણ હું નાનો બાળક જ છું. તમારાં સુખ ખાતર હું મારું સુખ જતું નહીં કરી શકું.''

**''આ તે કેવી પરિસ્થિતિ છે, કે મારે સુખી થવાં તમારું સુખ ચોરવાનો અપરાધ કરવો પડે છે.''** ખૂબ વિચાર્યુ એણે, આખી રાત, આખરે નિર્ણય કર્યો - **''દુ:ખી થવું મંજૂર છે, પણ અપરાધી થવું નહીં પાલવે** દેવી! હું મારું સુખ ત્યાગવા તૈયાર છું, તમને સુખી કરવાં. તમે તો મારા સુખ ખાતર આખી જિંદગીનો, સઘળાં સુખોનો ત્યાગ કર્યો છે, તો શું હું એક સુખ નહીં છોડી શકું ?''

છે...ક પાછલી રાતે ગંગાસિંહની આંખો મળી.



બીજા દિવસે સવારે તો હજી તો બંસાલા પ્રાત:કર્મને આટોપતી હતી ત્યાંજ ગંગાસિંહ એનાં ખંડમાં પહોંચી ગયો હતો અને ભદ્રાસન પર ગોઠવાઈ ગયો હતો.

''આજે આટલાં જલ્દી જલ્દી જ આવી ગયાં ?'' એની સામે બેસતાં બંસાલા બોલી. પણ ગંગાસિંહે મૌન રાખ્યું બંસાલાએ પણ બીજીવાર કાંઈ જ ન પૂછયું. આખરે ગંગા બોલ્યો.

''દેવી ! બધાનાં સુખ અલગ હોય છે અને આજે મારે તમને તમારું પોતાનું સુખ અપાવવું છે.''

''આવું કરવાંની કાંઈ જરૂર છે ? હું સુખી જ છું અહીંયાં.''

''હશો તમે'' ગંગાસિંહનો નિશ્ચય અડગ હતો. ''પણ આ ઘરની ચાર દિવાલ, આ એક ગંગાસિંહ, આ સંબંધો.. આ બધામાં તમે બંધાઈ શકો એમ નથી. તમે અહીં સમાઈ શકો એમ નથી. તમે નિ:સીમ છો, અનંત છો, તમને મારાં સુખ, સ્નેહ અને સ્વાર્થ ખાતર મારાંથી બાંધી ન રખાય દેવી! અને એટલે જ આજે હું તમને તમારું સુખ આપવા ચાહું છું, તમારું પોતીકું કાંઈક, જેનાં માટે તમે નિર્માયા છો. જે તમારું લક્ષ્ય છે. જે તમારે કરવાનું છે. દેવી! મારે આજે તમને એ આપવાનું છે.''

બંસાલા પ્રશ્નાર્થ દૃષ્ટિએ જોઈ રહી ગંગાસિંહ સામું. ગંગા ઉભો થયો. ૪ ડગલાં પાછળ હટ્યો. બે હાથ પહોળાં કર્યા અને બોલ્યો **"હું તમને મુક્તિ આપું છું દેવી! મારાં સ્નેહનાં, આ ઘરનાં, આ નામ અને રૂપનાં, આ સીમાડાઓનાં ગંગાસિંહ નામના એક માણસના સર્વ સંબંધો અને સર્વ સમયોમાંથી મુક્ત કરું છું. મારી પોતાની રાજીખુશીથી ખૂબ પ્રેમથી, આદરથી, ભાવથી..''** બસ, વધારે ન બોલી શક્યો ગંગાસિંહ એને લાગ્યું કે હવે એ વધારે બોલશે તો એનાંથી રડી પડાશે. અને એટલે એ ચૂપચાપ ત્યાંથી ચાલી નીકળ્યો. બધું મૂકીને, બધું છોડીને, બંસાલાને મુક્ત કરી ને..

## ઉપસંહાર

છેલ્લાં એક મહિનાથી પૃથ્વીપુર નગરીમાં આનંદ-ઉલ્લાસ વર્તતો હતો. સર્વજિનાલયોમાં એકી સાથે મહોત્સવો ચાલતા હતાં. ઉત્સવરસિક જીવો આનંદમાં ગુલતાન બન્યાં હતાં.

ગ્રામનુગ્રામ વિહાર કરતાં સુવિહિત સાધ્વીગણનાં નાયિકા યોગ્ય સાધ્વીજી પધાર્યા. નામ છે શ્રી રત્નાવલીશ્રી જી. જેમની પાસે બંસાલા એ દીક્ષા લીધી. આચાર્ય રત્નપ્રભ



સૂરિજી પાસે ગંગાસિંહે બાર વ્રત લીધાં

જ્યારે પ્રથમ વિહાર હતો ત્યારે ગંગાસિંહે પૂછ્યું - આચાર્ય ભગવંત ! મારા જીવનમાં પણ આવો સુવર્ણ અવસર આવશે ? આચાર્ય ભગવંતે કહ્યું "આવશે ૧૦ વર્ષ પછી.''

આંખનાં પલકારામાં ૧૦ વર્ષ વીતી ગયાં. ગંગાસિંહનો પરિવાર વિસ્તરી ગયો હતો. કાર્યભાર પુત્રો જ સંભાળતા હતાં. ગંગાસિંહ બધો સમય સાધ્વીજી બંસાલાજીને યાદ કરવામાં વ્યતીત કરતો. આખરે તેઓ આવ્યાં. આચાર્ય ભગવંતશ્રી પધાર્યા. આઠ રાણીઓ સાથે ગંગાસિંહે દીક્ષાનો સ્વીકાર કર્યો.

**આ રીતે. ખુદનાં જીવનથી જગતને નારી વ્રતનો - પ્રેમધર્મનો - માનવધર્મનો અને અહિંસાવ્રતનો મહાન પ્રકાશથી ભર્યો ભર્યો ઊજ્જવળ આદર્શ દર્શાવીને સાધ્વીજી બંસાલાજી સ્વર્ગમાં સિધાવ્યાં. કેવલી કહે છે, કે તેઓ અને ગંગાસિંહ નિકટનાં ભવિષ્યમાં કેવલજ્ઞાની બની મોક્ષ સુખનાં ભોક્તા બનશે. અજરામર પદને પ્રાપ્ત કરશે.**

ૐ શાન્તિ.....શાન્તિ..........શાન્તિ

## શ્રી ત્રિભુવનભાનુ શાસન સેવા ટ્રસ્ટમાં જ્ઞાન દ્રવ્યનાં દાતા શ્રી સંઘો

૧. નડીયાદ શ્વે. મૂ.પૂ. જૈન સંઘ, ગુજરાત.
૨. રોયલ કોમ્પલેક્ષ જૈન સંઘ, બોરીવલી(વે). મુંબઈ
૩. શંખેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ
૪. અઠવાલાઈન્સ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, તથા ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ- સુરત, ગુજરાત.
૫. આંબાવાડી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, અમદાવાદ.
૬. આંબાવાડી જૈન મહિલા મંડળ, અમદાવાદ.
પ્રેરણા : મુનિરાજ શ્રી જિનવલ્લભ વિ.મ.સા.
૭. રાજસ્થાની જૈન શ્વે.મૂ.સંઘ, માલેગામ. પ્રેરણાઃ મુનિ શિવસુંદર વિ.મ.
૮. ત્રિભુવભાનુ પાર્શ્વનાથ મણીભદ્રવીર જૈન શ્વ. તીર્થ શિરપુર - પ્રેરણા : પં. શ્રી વીરરત્ન વિ. મ.
૯. શ્રી જૈન સમાજ, યુરોપ.
૧૦. ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટીઝ.
૧૧. ત્રિલોક પદ્મ ચિંતામણિ ધામ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ.
૧૨. ઠાકુરદ્વાર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મુંબઈ.
૧૩. શ્રી વીરા દેસાઈ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, અંધેરી (વેસ્ટ) મુંબઈ.
૧૪. શ્રીમતી શાંતિબાઈ કીશોરચંદ્ર વર્ધન જૈન ટેમ્પલ ટ્રસ્ટ, ઘાટકોપર, મુબઈ.
૧૫. શ્રી વર્ધમાન જૈ. શ્વે. મૂ. પૂ. સંઘ, ઉસ્માનપુરા, અમદાવાદ
પ્રેરણા : મુનિશ્રી હર્ષબોધિ વિ. મ.
૧૬. શ્રી શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, વાસણા, અમદાવાદ.
૧૭. શ્રી પાર્શ્વ ભક્તિ શ્વે. મૂ. પૂ. તપા. જૈન સંઘ, ડોમ્બીવલી(ઈસ્ટ).
૧૮. શ્રી મહાવીર નગર જૈન સંઘ, કાંદિવલ(ઈસ્ટ) મુંબઈ.
૧૯. શ્રી બાવન જિનાલય જૈન સંઘ, ભાયંદર
૨૦. શ્રી ધર્મવર્ધક જૈન સંઘ, ગેલેક્સી એપાર્ટ. નાં આરાધકો તરફથી, સુરત.
૨૧. શ્રી શાંતિનિકેતન, સરદાર નગર જૈન સંઘ, સુરત.
૨૨. શ્રી ધર્મવર્ધક, શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, બોરીવલી(ઈસ્ટ)
૨૩. શ્રી બોરીવલી જૈ. મૂ. પૂ. તપા. જૈન સંઘ, બોરીવલી(વેસ્ટ)
૨૪. સા. શ્રી કયવન્નાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શાહ જયોત્સનાબેન વિર્યેશભાઈ (લંડનવાલા)

બંસાલા બંસાલા બંસાલા

બંસાલા

कैवल्य प्रकाशन

બંસાલા

બંસાલા

બંસાલા બંસાલા

-: પુસ્તકના લાભાર્થી :-

જે પરિવાર પાસે ભક્તિ છે...

જે પરિવાર પાસે ભાવ છે... અને

જે પરિવાર પાસે ભીનાશ છે...

તેવા

*શ્રી જયલક્ષ્મી સંપન્ન પરિવાર*

*મુંબઈ - ગુંદેચા ગાર્ડન*

---

*શ્રીમતી નયનાબેન રાજેશભાઈ ઝવેરી*

*કાંદીવલી - દહાણુકરવાડી - મુંબઈ.*

બંસાલા બંસાલા